

# બુદ્ધિની તળેટીથી શ્રદ્ધાના શિખરે...

ગણિ રત્નસુંદરવિજય

# બુદ્ધિની તળેટીથી

# શ્રદ્ધાના શિખરે...

વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્યરત્ન સંયમૈકલક્ષી પૂ. મુનિરાજ શ્રી **દેવસુંદરવિજયજી મહારાજ**ના શિષ્યરત્ન પૂ. ગણિવર શ્રી **રત્નસુંદરવિજયજી મહારાજ**

**પ્રકાશક**

રત્નત્રયી ટ્રસ્ટ

C/O કલ્પેશ વી. શાહ

૩૬, હસમુખ કોલોની,

વિજયનગર રોડ, નારણપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

૫૬

## પ્રાપ્તિસ્થાન

**ભરતકુમાર ચતુરદાસ**
કાળુસીની પોળ, કાળુપુર રોડ,
**અમદાવાદ - ૩૮૦ ૦૦૧ ફો.નં. ૩૮૪૨૭૩**

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ઝવેરીબજાર
**મુંબઈ - ૪૦૦ ૦૦૨**

**પ્રતાપ એન્ડ બ્રધર્સ**
૨૦૫, જવાહર ગલી, સ્વદેશી માર્કેટ,
**મુંબઈ - ૪૦૦ ૦૦૨ ફો.નં. ૨૫૦૮૮૯**

એસ.ટી. બુક સ્ટોલ
અમરસી લક્ષ્મીચંદ કોઠારી
**શંખેશ્વર તીર્થ વાયા-હારીજ (ઉ.ગુ.)**

મુદ્રક

**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
ગોંડલ રોડ, ગુરૂકુલ સામે,
**રાજકોટ - ૩૬૦૦૦૨ ફો.નં. ૮૧૭૯૫**

નકલ : ૫૦૦૦

કિંમત રૂા. ૨૦

## શું આપ હજી આ યોજનામાં નથી જોડાયા ?

રત્નત્રયી ટ્રસ્ટના અન્વયે પ્રકાશિત થતા પૂ. ગણિવર શ્રી **રત્નસુંદર વિ.મ.** લિખિત તાત્ત્વિક અને સાત્ત્વિક પુસ્તકો આપને ઘેર બેઠા જોઈતા હોય તો **રૂા. ૨૦૦૦** ભરીને આપ રત્નત્રયી ટ્રસ્ટના **આજીવન સાહિત્ય સદસ્ય બની જાઓ...** હાજરમાં રહેલા અને ભાવિમાં પ્રકાશિત થનારા પુસ્તકો અમે આપને વ્યવસ્થિત પહોંચાડવા પ્રયત્ન કરશું.

રકમ ભરવાનું સ્થળ

કલ્પેશ વી. શાહ
૩૬, હસમુખ કોલોની, વિજયનગર રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ઓ : ૪૪૯૨૯૭ ફોન. ઘર : ૪૭૫૩૫૨

પ્રતાપ એન્ડ બ્રધર્સ
૨૦૫, જવાહરગલી, સ્વદેશી માર્કેટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૨ ફો. ૨૫૦૮૮૯

## આજે જ વસાવો

પૂ. ગણિવર શ્રી રત્નસુંદર વિ.મ. લિખિત કુલ ૫૬ પુસ્તકામાંથી અત્યારે નીચેના પુસ્તકો જ ઉપલબ્ધ છે... આપ વહેલી તકે એ પુસ્તકો વસાવી લો અને એના વાંચન-મનન દ્વારા જીવનને ઉર્ધ્વગામી બના ી દો.

**અમાસથી પૂનમ તરફ રૂા. ૧૫**

**દીપક જેવી દૃષ્ટિ મળજો, એ જ તમન્ના મારે રૂા. ૩૦**

**એકલો જા ને રે... રૂા. ૨૦**

## ઋણસ્વીકાર

પ્રભુ ભક્તિમાં તદાકાર બની જતા પૂજયપાદ પ્રગુરુદેવશ્રી અનંતોપકારી ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ના પાવન સાન્નિધ્યમાં વરસો સુધી રહેતાં તેઓશ્રીના શ્રીમુખે અવારનવાર પ્રભુભક્તિનાં રહસ્યો સાંભળવા મળ્યા છે તો આધોઈ (કચ્છ) મુકામે અધ્યાત્મયોગી પૂજયપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ**ની પાવન નિશ્રામાં રહેવા મળેલાં ૮-૧૦ દિવસોમાંય પ્રભુભક્તિનાં અનેકવિધ રહસ્યો સમજવા મળ્યા છે...

આ પુસ્તકના લખાણમાં એ ઉભય પૂજયોનું એ રીતનું મળેલું માર્ગદર્શન મને તેઓશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવા પ્રેરે એમાં લેશ આશ્ચર્ય નથી...

અગણિત વંદના એ ઉભય પૂજયોનાં ભક્તિસભર નિર્મળ હૃદયને... દ. **રત્નસુંદરવિજય...**

## સમજો બુદ્ધિથી, સ્વીકારો હૃદયથી

જીવન સફળ બને છે કદાચ
બુદ્ધિના સહારે, પણ
જીવનને સરસ બનાવવાનું
કામ તો શ્રદ્ધા જ કરે છે...
કાળનો પ્રભાવ કહો કે
વૈજ્ઞાનિક યુગનું આક્રમણ કહો,
જીવનનું લક્ષ્ય 'સફળતા' બની
ગયું છે... 'સરસતા' ગૌણ થતી
ચાલી છે...
આના દુઃખદ પરિણામો આજે સહુ
ભોગવી રહ્યા છે...
યંત્ર માણસ જેટલું કામગરું બની
ગયું છે પણ માણસ, યંત્રની જેવો
સંવેદનહીન બની ગયો છે.
યંત્રના માધ્યમે માણસે સફળતાના
શિખરો સર કરવા માંડયા છે પણ
સંવેદનહીનતાના પાપે માણસે જીવનમાંથી
સરસતા લગભગ ગુમાવી દીધી છે.
ખૂબ મુશ્કેલ બની ગયું છે
આ દુઃખદ પરિણામથી આજના
જગતને બચાવવાનું!
છતાં ઊંડે ઊંડે આશા છે એકલ-દોકલ
વ્યક્તિને આ દુઃખદાયક ગર્તામાંથી
બહાર કાઢવાની!
અને એ આશા એટલે જ આ
પુસ્તકનાં લેખોનું લખાણ!
બુદ્ધિના આટાપાટા આ લખાણના
મર્મ સુધી પહોંચવા નહીં દે...
માત્ર બાહ્ય ઈન્દ્રિયોથી થતી અનુભૂતિને
જ નિર્ણાયક માનવાની
વૃત્તિ આ લેખના રહસ્ય સુધી
પહોંચવા નહીં દે...
પુરુષાર્થને જ પ્રાધાન્ય આપવાની
ગણતરી આ લેખના અંતિમ
ફળ સુધી પહોંચવા નહીં દે...
ગૌણ બનાવવી પડશે
બુદ્ધિને...
બાજુએ મૂકવી પડશે ક્ષુલ્લક અનુભૂતિને
અંતિમ માનવાની
બાલિશ ચેષ્ટાને...
સમજી લેવી પડશે, કેવળ
પુરુષાર્થને જ મુખ્ય માનવાની
મનની અવળચંડાઈને!
ના,
બુદ્ધિહીન બની જવાની અહીંયાં કોઈ
વાત નથી, બુદ્ધિને જ અંતિમ ન
માની લેવાની અહીંયાં વાત છે...
શ્રદ્ધાને નપુંસક માની લેવાની આજસુધીમાં
કરેલી ભૂલને
સુધારી લેવાની અહીંયાં વાત છે...
પર્વત પર ન જ ચડવું એવી અહીંયાં

વાત નથી પણ પર્વતને જ અંતિમ
માનીને શિખરને ભૂલી જવાની
ગંભીર ભૂલ જીવનમાં કરવા જેવી નથી
એની અહીંયાં ચેતવણી છે.
બહિર્યાત્રા ચાલે છે બુદ્ધિના સહારે...
અંતર્યાત્રા ચાલે છે શ્રદ્ધાના સહારે...
તર્ક સફળતા અપાવે છે...
શ્રદ્ધા સરસતા બક્ષે છે...
અનંત દોષયુક્ત છે આત્મા,
અનંત ગુણયુક્ત છે પરમાત્મા...
ઠંડા પણ લોખંડના ગોળામાં અગ્નિ
પ્રવેશે છે અને એ ગોળો ધગધગતો
બની જાય છે...
દોષયુક્ત પણ મનમાં પ્રવેશે છે
પરમાત્મા અને મન સાચા અર્થમાં
મંદિર બની જાય છે.
આવા કલ્પનાતીત
પરિણામને અનુભવવા માટે
આવો,
શરૂ કરીએ આ સાહસયાત્રા...
મન

કદાચ તર્કો ઉઠાવશે,
બળવો પોકારશે,
'આમાં કાંઈ કસ નથી' એવું
સમજાવશે પણ,
એ બધા કુતર્કોની ઉપેક્ષા કરીને પણ
એકવાર તો ઝંપલાવીએ
પ્રભુભક્તિની ગંગામાં !
'શરીરના રોમરોમને સ્વચ્છ
બનાવવાનું કામ જો ગંગાનું
પાણી કરે છે તો
આત્માના પ્રત્યેક પ્રદેશને નિર્મળ
બનાવવાનું કામ
ભક્તિની ગંગા કરે છે'
આ સત્યને
આ જગતમાંથી વિદાય થતા પહેલાં
આપણે અનુભૂતિનો વિષય બનાવી
જ લઈએ...
અનંત અનંત ગુણોથી યુક્ત એવા

અરિહંત પરમાત્માના
અચિંન્ત્ય મહિમાને બોલવા માટે
જીભ ટૂંકી જ પડે,
કલમ વામણી જ રહે એ
ખ્યાલમાં હોવા છતાં
આ પુસ્તકમાં કંઈક લખવાનો પ્રયત્ન
કર્યો છે, મનમાં ઊમટેલા ભક્તિના
પુરના કારણે !
જાણતાં કે અજાણતાં
એ તારકના પ્રભાવને કે સ્વભાવને
રજુ કરવામાં ક્ષતિદોષ રહી ગયો હોય
તો
એનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં...
દ. રત્નસુંદર વિજય...

## પૂજયશ્રીના પુસ્તકો અંગે કંઈક...

પ.પૂ. મુનિ શ્રી રત્નસુંદરવિજયજી કૃત 'જો જાગત હૈ સો પાવત હૈ' નામની પુસ્તિકા રસપૂર્વક વાંચી ગયો છું. મુનિ શ્રી રત્નસુંદરવિજયજી જેમ એક ઉત્તમ કોટિના વ્યાખ્યાતા છે તેમ ઉત્તમ કોટિના એક લેખક પણ છે. એમની પાસે શાસ્ત્રીય અધ્યયન છે; વિચારોની મૌલિકતા છે; જીવન લક્ષ્યની સ્પષ્ટતા છે; દષ્ટિની સુભગતા છે અને શૈલીની અભિનવતા છે. આ પુસ્તિકામાં એમણે ૧૩૫ જેટલી ચિંતન-કણિકાઓ આપી છે. કોઈ એક વિચાર બિન્દુને થોડાક શબ્દોમાં સઘનતાથી અને વંધકતાથી અભિવ્યક્ત કરવાની એમની પાસે સચોટ શૈલી છે. ટૂંકા માર્મિક વાકયોમાં રજૂ કરેલા એમના પ્રેરક તર્કબદ્ધ સુવિચારો હૃદયમાં સોસરવા ઊતરી જાય તેવા છે. એમાંના કોઈ પણ એક અથવા વધુ વિચાર ઉપર જો ચિત્તને કેન્દ્રિત કરી ચિંતન-મનન કરવામાં આવે તો જીવનમાં સદ્‌પરિવર્તનનાં પરિબળો અવશ્ય સક્રિય બની જાય. તાઝગી સભર આ મૌલિક વિચારરત્નો આત્મસાત્ કરવા જેવાં છે.

**ડૉ. રમણલાલ સી. શાહ [એમ.એ.પી.એચ.ડી., તંત્રી 'પ્રબુદ્ધ જીવન' પ્રમુખ : મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ યુનિવર્સિટી ગુજરાતી વિભાગના માજી વડા ]**

પૂજયશ્રી,

તમારું અતિસુંદર, આકર્ષક પુસ્તક 'જો જાગત હૈ સો પાવત હૈ' મને મળેલ એક એક પાન વાંચતો ગયો ને રોકાતો ગયો. આખા પુસ્તકને બે-ત્રણ વાર વાંચી ગયો. દરેક વખતે નવાં નવાં અર્થઘટનો પ્રાપ્ત થયાં. આત્માની ઓળખ, ધર્મનું દર્શન, સુખની શોધ. સંતોષની પ્રાપ્તિ, ને ધર્મના શરણામાં સાચા સુખનું દર્શન એ ગહન ફિલસૂફી તમે 'ગાગરમાં સાગર' ભરીને મૂકી આપી છે. એના વાચનનો પરિતોષ મને થયો. જે વાતો તત્ત્વના નિરૂપણમાં છે એની ઊંડામાં ઊંડી સૂઝવાળી માવજત પુસ્તકના લે-આઉટ, ગેટપ, પ્રિન્ટિંગ, મુખપૃષ્ટ વગેરેમાં પણ છે. આવી સુંદર ભેટ પામીને મને તૃપ્તિનો ઓડકાર પ્રાપ્ત થયો છે. આપને અભિનંદન તો શું આપું ? મારા વંદન સ્વીકાર જો.

**ડૉ. નટુભાઈ આર ઠક્કર [એમ.એ.પી.એચ.ડી., આચાર્ય શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજ, અમદાવાદ. ]**

પૂજ્યશ્રી, 'અમાસથી પૂનમ તરફ' એ પુસ્તક મને મળ્યું કુલ ૧૧૨ પાનામાં ૧૭ પ્રકરણોમાં મુખ્યત્વે જૈન શ્રાવક યુવાનોનાં દૃષ્ટાંતો દ્વારા, આધ્યાત્મિક ક્ષેત્રે પ્રવર્તતી અમાસની કાજળ ઘેરી રાત્રિમાંથી ક્રમશઃ સોળે કળાએ ખીલેલા શાંત, નિર્મળ અને શીતળ કિરણો પ્રસરાવતા ચન્દ્રથી સુશોભિત પૂર્ણ આત્મજ્ઞાન-કેવળજ્ઞાનની પૂનમ સુધી પહોંચાડવા માટે આપશ્રીએ ખરેખર એક અત્યંત આવકારદાયક અને સ્તુત્ય પ્રયાસ કર્યો છે. તેમાં સ્વાભાવિક રીતે સાંપ્રદાયિક ઝોક હોવા છતાં તે સર્વસામાન્ય યુવાવર્ગને પણ અવશ્ય આધ્યાત્મિક ઉન્નતિ સાધવાના પરમ પુનિત માર્ગે પ્રયાણ કરવા પ્રેરણા અને પ્રોત્સાહન આપી શકવાની ક્ષમતા ધરાવે છે.

ગહન અને ગંભીર, તાત્ત્વિક કે દાર્શનિક સિદ્ધાંતોની છણાવટ કરવાને બદલે આપશ્રીએ સરળ દૃષ્ટાન્તો દ્વારા આત્મકલ્યાણની આરાધના માટે ઉપયોગી નીવડે એવાં બહુમૂલ્ય અને સચોટ સત્યોને રજૂ કરીને સમગ્ર સમાજની ચેતનાને જગાડવાનો આ ભગીરથ પુરુષાર્થ આદર્યો છે તેને માટે આપણી શતશઃ હાર્દિક અભિનંદનના અધિકારી છો.

**ડૉ. એમ.વી. જોષી [અધ્યક્ષ, સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ]**

'અમાસથી પૂનમ તરફ' પુસ્તક મળ્યું. બાહ્યદર્શન અને છપાઈ વગેરેથી પ્રભાવિત થઈ જવાયું. તેથીય વધુ તો એમાં રજૂ થયેલી સામગ્રી પ્રભાવક છે. સંસારથી અલગ થઈને જલકમલવત્ સંસારદર્શન કરી સુયોગ્ય ભાથું સંસારી જીવોને પહોંચાડવાની જૈન તપસ્વીઓની પરંપરા આપે આધુનિક સંદર્ભમાં સુપેરે જાળવી રાખી છે. અને પ્રસંગો, પાત્રો, અવતરણો ઈત્યાદિ દ્વારા વિષયવસ્તુને માતબર બનાવ્યું છે. નિરુપણની શૈલી પણ સદ્યોવેધક બનીને પ્રભાવ પેદા કરે છે.

**ચંપૂ વ્યાસ [આચાર્ય, નવજીવન આર્ટ્સ અને કોમર્સ કોલેજ, દાહોદ ]**

'દીપક જેવી દૃષ્ટિ મળજો, એ જ તમન્ના મારે' એ પુસ્તક મને મળ્યું અને એ હું તુરત જોઈ ગયો છું. લોકગમ્ય દૃષ્ટાન્તો દ્વારા રૂચિર શૈલીમાં નવી પેઢીને આપે ઉત્તમ ધર્મોપદેશ તેમજ વ્યવહારુ દૃષ્ટિ આપી છે એ અતિ સરસ થયું છે. પ્રાચીન કથાનુયોગનો આ નવીન અવતાર છે એમ કહેવાનું મને મન થાય છે. એનો બહોળો વાચન-પ્રચાર થાય, એમ ઈચ્છું છું. એથી સમાજનું ઉદ્બોધન થશે.

**ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા [એમ.એ.પી.એચ.ડી., નિયામક, પ્રાચ્ય વિદ્યામંદિર અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ (નિવૃત્ત) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા. ]**

'જે જાગત હૈ સો પાવત હૈ'ની એક પ્રત પ્રાપ્તિ થઈ છે.

એક એક પૃષ્ટ પર એક એક રત્નકણિકા જેવી ચિંતનકણિકા આપવામાં આવી છે. કર્તાનાં જ્ઞાન, અનુભવ અને જીવનદર્શનના નિચોડ સમી આ વિચાર કણિકાઓ જીવન સાધકે હૈયામાં કોતરી રાખવા જેવી છે. લેખકની ભાષા સરળ અને પ્રાસાદિક છે. એમાં સચ્ચાઈનો રણકો છે અને કર્તાના આત્માનું તેજ છે. ઊંચા પ્રકારની પ્રેરકતા છે.

વાચક રોજ પ્રભાતે એક સુવિચાર વાંચે, એનું મંનન કરે અને નિષ્ઠાપૂર્વક એને વ્યવહારમાં ઉતારવાનો પ્રયત્ન કરે તો આટલા દિવસોને અંતે એનું જીવન દિવ્ય અને કલ્યાણમય બને એમ અવશ્ય કહી શકાય.

પુસ્તકની છપાઈ સ્વચ્છ, સુઘડ અને કલાત્મક છે. આવરણ સુંદર અને આકર્ષક છે. એક 'રૂપકડું' સર્જન છે. અને એથીયે રૂપકડું છે એનું હાર્દ. શુભ પ્રસંગે સ્વજનને ઉપહાર તરીકે સમર્પિત કરી, આપનાર અને ગ્રહણ કરનાર ઉભયને શ્રેય મળે એવી આ પુસ્તિકા છે. પુનઃ આભાર.

**નવનિધ શુકલ [વાઈસ પ્રિન્સિપાલ, આર.આર. મહેતા કોલેજ, સી.એલ. પારીખ કોલેજ, જી.ડી. મોદી કોલેજ, પાલનપુર ]**

'અમાસથી પૂનમ તરફ' મે ધ્યાન પૂર્વક વાંચ્યું. પુસ્તકની વિગતો પચાવવા માટે પુસ્તક ફરીફરીને વાંચવું રહ્યું. યુવાનોએ આ પુસ્તક પચાવવું રહ્યું. યુવામાનસ સુધારવા માટે જે પ્રસંગો આ પુસ્તકમાં વર્ણવ્યા છે તે ખરેખર ખૂબ જ ઊપયોગી છે. અંધારામાં ગોથાં ખાતી માનવજાત માટે આ પુસ્તક અત્યંત ઊપયોગી થઈ પડશે એમાં બેમત હોઈ શકે નહીં. આવું પ્રેરણાદાયી પુસ્તક લખવા બદલ મુનિરાજ રત્નસુંદરવિજયને મારા ધન્યવાદ.

આજના યુગમાં આ પ્રકારના સાહિત્યની ઉપેક્ષા થતી જોઈ શકાતી નથી. અને એટલા માટે જ આવા સાહિત્યના પુષ્કળ પુસ્તકો બહાર પાડવા જોઈએ.

**કે. આર. શાહ [ડીન, ફેકલ્ટી ઓફ કોમર્સ, વડોદરા ]**

પૂજયશ્રી,

'એકલો જા ને રે' પુસ્તક મળ્યું. હાર્દિક અભિનંદન પ્રત્યેક પૃષ્ઠ પર ગહન ચિંતન કણિકાઓ મૂકીને પ્રત્યેક પૃષ્ઠને તમે મૂલ્યવાન બનાવી દીધું છે. આજની પેઢીએ આ પુસ્તકને વાંચવા-પાચવા જેવું છે. મનુષ્ય અજાગૃતિને કારણે ઘણું બધું ચૂકી જતો હોય છે અને એ રીતે દુર્લભ એવા મનુષ્યજીવનને વેડફી દેતો હોય છે. આપે મનુષ્યની અભાન ક્ષણોને કલાત્મક રીતે પકડી છે અને માનવ શક્તિઓને સંકોરવાનો-સજાવવાનો સરસ પ્રયત્ન કર્યો છે.

આ કઠણ કાળમાં આવા પ્રેરણાદાયક સાહિત્યની તાતી જરૂર છે. મનુષ્યને જ કેન્દ્રમાં રાખીને તમે તેનામાં રહેલી સંભાવનાઓને છતી કરી આપી છે. અભિનંદન.

**ડૉ. કાન્તિલાલ કાલાણી**

**[એમ.એ. એલ.એલ.બી., એમ.પી.એ., પી.એચ.ડી. ]**

પૂજયશ્રી,

આપનું સુંદર રીતે પ્રસિદ્ધ થયેલું પુસ્તક 'એકલો જા ને રે' મને મળી ગયું છે. આપશ્રી જાણો છો તેમ પ્રેરક ભાષામાં લખાયેલાં અને વાચકના જીવન પથને ઉજાળનારા તથા તેના જીવનને ઉન્નત કરનારાં આપના સમુચિત ભાષામાં લખાયેલાં પુસ્તકોનો હું માત્ર વાચક નથી. પ્રશંસક પણ છું.

આ પુસ્તક પણ તેની અંદરની સામગ્રીથી એવું જ પ્રેરક અને પથપ્રદર્શક બન્યું છે. પત્રો રૂપે લખાયેલી, જીવનમાં મહત્ત્વની બની જતી, સૂક્ષ્માતિસૂક્ષ્મ ખલનાઓને વાચક સમક્ષ ખુલ્લી કરી આપતી અને તેને સત્યપથનું દર્શન કરાવતી આ પુસ્તકમાંની વાર્તા વાંચનારના જીવનને તો ઉજાળે છે જ, પણ સમર્થ ગદ્યસ્વામીના હાથે આલેખાયેલું સુંદર ગદ્ય વાંચ્યાનો સંતોષ પણ તેને આપે છે.

આપ શાતામાં બિરાજતા હશો.

**ગુલાબદાસ બ્રોકર**

# જે કોઈ તારી નજરે ચડી આવે...

સંપત્તિ લઈને રસ્તા પરથી
પસાર થતાં આપણે ગુંડાની
નજરથી કેવા બચી બચીને
ચાલીએ છીએ ?
કારણ ?
આપણને ખબર છે કે
એ નજરથી બચી જવામાં જ
સંપત્તિની સલામતી છે...
સુશીલ સ્ત્રી
રસ્તા પરથી પસાર થતી વખતે
પોતાના રૂપને ખરાબ નજરથી
કેવું સિફતપૂર્વક બચાવી લે છે ?
કારણ ?
એને ખબર છે કે ખરાબ નજરથી
રૂપ બચે તો જ શીલની સલામતી છે...
એક નવજાત બાળકને
કાખમાં લઈને રસ્તા પરથી પસાર થતી
એની મમ્મી એ બાળક કોઈની
બૂરી નજરનું ભોગ ન બની જાય
એની કેટલી બધી તકેદારી રાખે છે ?
કારણ ?
વાત્સલ્યહૃદયા એની મમ્મીને
ખ્યાલ છે કે એ નજરથી બચવામાં
જ બાળકની તંદુરસ્તીની સલામતી છે...
આ 'નજર'ની તાકાતનો
આપણને બરાબર ખ્યાલ છે અને
એટલે જ અવસરે અવસરે
તે તે વ્યક્તિઓની નજરથી
આપણી જાતને આપણે
બચાવી રહ્યા છીએ...
બચાવતા આવ્યા છીએ.
પણ,
આ 'નજર'થી બચવાના ગણિતમાં
એક જગ્યાએ આપણે ભારે
થાપ ખાઈ ગયા છીએ...
ગુંડાથી બચ્યા, સંપત્તિ બચી ગઈ...
વિકારીથી બચ્યા, શીલ બચી ગયું...
વિકૃત નજરવાળાથી બચ્યા, તંદુરસ્તી બચી ગઈ...
પણ,
આપણે તો
પરમાત્માની નજરથીય બચ્યા...
અને એ કરુણાપૂર્ણ નજરથી
બચવાની વૃત્તિ-પ્રવૃત્તિએ જ
આપણને બરબાદીના પંથે
મૂકી દીધા.
આપણું
સંસાર પરિભ્રમણ
અવિરત ચાલુ છે એ જ
સૂચવે છે કે
આપણે પરમાત્માની નજરથી
બચતા આવ્યા છીએ...
એ તારકની નજરથી આપણી જાતને
આપણે દૂર જ રાખતા આવ્યા છીએ...
એ નજરથી ન બચ્યા
હોત તો શું થાત, એમ
પૂછો છો ?
તો વાંચી લો એ નજરની
પ્રચંડ તાકાતને સૂચવતી
આ પંક્તિઓ...
**'જે કોઈ તારી નજરે ચડી આવે,**
**કારજ તેહના તેં સફળ કર્યા છે.'**

જીવનને જીતી જવું હોય,
મોતને મારવું હોય,
સદ્‌ગુણોની મૂડીને સાચવવી હોય,
જીવમાત્ર સાથે મૈત્રી જમાવવી હોય
તો
એક જ કામ કરો...
પરમાત્માની નજરના વિષય
બની જાઓ... પેલો ઉપમિતિનો દ્રમક
સુસ્થિત મહારાજાની નજરનો
વિષય બન્યા પછી જ અમર
બની શક્યો હતો ને ?
આવો, આપણે દ્રમક બની જઈએ... બેડો પાર છે....

ગરીબોના હૃદયની ધડકન
કરતાંય
રૂપિયાની ધડકન
વધુ સંભળાતી હોય એવા
લોભીઓનો
આજના કાળે ભારે સુકાળ છે.



વંચિત રહી ગયા પરમાત્માની કરુણાનજરથી આપણે
અને એટલે જ રખડી રહ્યા આ કાળઝાળ સંસારે...

# अर्हतः समुपास्महे...

પરલોકમાં રવાના થઈ ગયેલ
છગનભાઈનું નામ આપણે
ગમે તેટલી વાર લઈએ,
આપણું ઈચ્છિત કાર્ય એનાથી
પાર પડતું નથી...
મુંબઈ પહોંચી ગયેલ
પેથાભાઈના ફોટાની સામે
ગમે તેટલી વાર આરતી ઉતારીએ,
કાંઈ ભલીવાર વળતો નથી...
ચૂંટણીમાં ઊભેલા ઉમેદવારની
પાછળ ગમે તેટલી દોડધામ કરીએ,
કાંઈ સક્કરવાર વળતો નથી.
છગનભાઈ
જીવતા હોય અને આપણી સામે હોય.
પેથાભાઈ આપણી સામે હોય
અને પાછા ખુશ હોય...
ઉમેદવાર ચૂંટાઈ ગયો હોય
અને આપણા પર પ્રસન્ન હોય
તો જ
આપણું ધાર્યું કામ થાય છે...
જ્યારે
પરમાત્માની ભક્તિની બાબતમાં
હકીકત સાવ જુદી જ છે...
પરમાત્મા મહાવીરદેવ
ભલે ને મોક્ષમાં પધારી ગયા હોય,
અત્યંત બહુમાનપૂર્વક
એમનું નામસ્મરણ કરો.
એમની પાવન ઉપસ્થિતિથી
જે કાર્ય થાય એ જ કાર્ય એમના
નામસ્મરણથી
પણ થઈ જાય...
સીમંધરસ્વામી ભલેને
મહાવિદેહ ક્ષેત્રમાં
વિચરતા હોય.
સ્થાપના નિક્ષેપે રહેલા એ તારકની
મૂર્તિની ભક્તિભર્યા હૈયે ઉપાસના કરો,
એટલો જ લાભ થાય કે જેટલો લાભ
એમના સાક્ષાત્
સાન્નિધ્યથી થાય...
અરે,
દેવગતિ કે નરકગતિમાં
રહેલા તીર્થંકર ભગવંતના
આત્માઓને યાદ કરીને
અત્યંત ભક્તિસભર હૈયે
એમને વંદના કરો ને ? તોય
સાક્ષાત્ તીર્થંકર ભગવંતોને
કરાતી વંદનાથી
ઊભો થતો લાભ તમને
પ્રાપ્ત થાય.
કેટલો
ગજબનાક
પ્રભાવ હશે એ તારકના
જીવદળનો !
નામ-સ્થાપના-દ્રવ્ય કે ભાવ,
એક પણ નિક્ષેપાથી
એમની ઉપાસના કરો,
તમારું કાર્ય થયું
જ સમજો.

नामाकृतिद्रव्यभावैः
पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्,
अर्हतः समुपास्महे ॥

હકીકત જ્યારે આ જ છે ત્યારે
સાક્ષાત્ તીર્થંકર પરમાત્માની અત્યારે આપણી પાસે
ઉપસ્થિતિ નથી એવા રોદણાં રોવાની શી જરૂર છે ?
ચારેય નિક્ષેપા સરખા જ તાકાતવાળા છે...
પરમાત્માને નામથી મળો કે મૂર્તિના માધ્યમથી મળો,
સ્મરણથી મળો
કે સાક્ષાત્ મળો. તમને
ફળ મળવામાં કોઈ તફાવત પડતો નથી... ભવ્યો !
આનંદો... આનંદો...
ભગવાન તમારી સામે જ છે.
તમારી સાથે જ છે...
હવે તમારે સંસારથી
ડરવાની કોઈ જ
જરૂર નથી...

> જેની પાસે
> વિશાળ દિલ નથી
> તેની પાસે
> બીજાનો વિકાસ જીરવવાની
> ક્ષમતા હોતી જ નથી.




સ્મૃતિપથમાં લાવો ભગવાનને,
અને કાપો કર્મોની જાલિમ જંજાળને.

# સેવકના તિમ દુઃખ ગમાવે...

બિડાયેલા હજારો કમળો
સવારના સૂર્યના ઉગવાની સાથે જ
ખુલવા માંડે છે,
ખીલવા લાગે છે...
પોષ-માહની કડકડતી ઠંડીમાં
થરથર થરથર ધ્રૂજતા માણસો
રસ્તા પર થતા તાપણાંના અગ્નિથી
હૂંફનો અનુભવ કરવા લાગે છે...
કડવા દ્રવ્યોના
સેવનથી બગડી ગયેલ
જીભ પર, સાકર મૂકવા
માત્રથી મીઠાશનો
અનુભવ થવા લાગે છે...
અનાજની ગુણમાં
પારો મૂકતાની સાથે જ
અનાજના સડવાની શકયતા
દૂર થઈ જાય છે...
કાળઝાળ ગરમીથી
શેકાઈ ગયેલ ધરતી,
વરસાદના જોરદાર ઝાપટાઓથી
ઠંડકની અનુભૂતિ
કરાવવા લાગે છે...
શું આ ચમત્કાર છે ?
ચમત્કાર કહો તો ચમત્કાર
અને
સ્વભાવ કહો તો સ્વભાવ,
પણ એ હકીકતોનો
ઈન્કાર કોઈથીય
થઈ શકે તેમ
નથી...
સૂર્ય, અગ્નિ, સાકર, પારો અને વરસાદ
જો પોતાના સ્વભાવના કારણે
આ ચમત્કારો સર્જી શકતા હોય
તો શું વિશ્વવંદ્ય કરૂણાસાગર
પરમાત્મા પોતાના વિશિષ્ટકોટિના
સ્વભાવના કારણે ચમત્કારો
સર્જી જ ન શકે ?
પરમાત્મા તો
વીતરાગ જ છે
એટલું જ આપણે
સમજયા છીએ પણ
સાથોસાથ એ
કરૂણાપૂર્ણ પણ છે એની આપણને
લગાભગ સમજ નથીઅને એ જ કારણે
એ તારક પ્રત્યે દિલમાં જોઈએ તેવો
ભક્તિનો ઉછાળો આવતો નથી.
પરમાત્માનો શું સ્વભાવ છે,એમ પૂછો છો ? તો
વાંચીલો આ પંકિત !
**'ચંદન શીતળતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે ;**
**સેવકના તિમ દુઃખ ગમાવે,**
**પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે...'**
ભલે, પરમાત્મા વીતરાગ હોય પણ પ્રેમ એ તો
એમનો સ્વભાવ છે... એમના ચરણનું
ધ્યાન કરનારને એમના પ્રેમસ્વભાવનો
શું કોઈ અનુભવ જ ન થાય ?
સ્વયં
રાગમુક્ત હોવા છતાં
બીજાને એ જેમ રાગમુક્ત
કરે જ છે તેમ
સ્વયં દુઃખમુક્ત હોવા છતા
બીજાનેય એ દુઃખમુક્ત કરે જ છે.
યાદ રાખજો,
સ્વભાવને કયારેય ઈચ્છાની અપેક્ષા
હોતી નથી. પરમાત્મા વીતરાગ છે
માટે એમને ઈચ્છા ન હોય એ વાત
બરાબર છે પણ પરમાત્માનો
જગતના જીવ માત્ર પ્રત્યેનો જે
પ્રેમસ્વભાવ છે
એ પ્રેમસ્વભાવ
જગતના જીવોને શાન્તિનો,
સ્વસ્થતાનો, શીતળતાનો
અનુભવ ન કરાવે
એ વાતમાં માલ શું છે ?
આવો,
સૂર્યના તેજસ્વભાવની
અનુભૂતિ તો આપણે ઘણીવાર કરી છે...
પરમાત્માના પ્રેમસ્વભાવની
અનુભૂતિ હવે કરીએ...
આપણું કામ થઈ
જશે.

| |
|---|
| બહારના જગતમાં<br>બદમાસ માણસ પણ<br>કરોડપતિ બની શકે છે...<br>આભ્યંતર જગતમાં<br>કેન્સરનો દર્દીય<br>કેવળજ્ઞાન પામી શકે છે... |



અનુભવીએ જો પ્રભુનો પ્રેમસ્વભાવ તો
પ્રગટે આપણો આત્મસ્વભાવ...


# પ્રભુ તુંહી તુંહી તુંહી તુંહી..

ઝવેરાતની દુનિયામાં પેથાભાઈનું
નામ જ ન હોય અને આપણે
એમનું નામ લઈને ઝવેરાતના
ધંધામાં કૂદી પડીએ તો આપણા
ધંધામાં બરકત શે આવે ?
ઉદ્યોગોની દુનિયામાં
શાન્તિલાલ દાખલ જ ન થયા હોય
અને એના નામે આપણે ફેકટરી
ખોલીએ અને કરોડપતિ
બની જઈએ ?
અસંભવ...
ક્રિકેટની દુનીયામાં
ધોંડુએ કોઈ જ પરાક્રમ ન કર્યું હોય
અને એને આદર્શ તરીકે નજર સામે
રાખીને આપણે સારા ક્રિકેટર
બની જઈએ ?
અસંભવ...
વકતાઓની દુનીયામાં
છગનલાલે કયારેય પ્રવેશ જ
ન કર્યો હોય અને છતાં એને
નજર સામે રાખીને આપણે
સારા વકતા બની જઈએ ?
અસંભવ.
પણ,
સંસારના ક્ષેત્રમાં સર્વથા અસંભવિત
લાગતી આ બધી વાતો આધ્યાત્મિક ક્ષેત્રમાં
કલ્પનામાં ન આવે એ રીતે સંભવિત
બની જતી હોય છે...
સંસારની દુનિયામાં

પરમાત્માનું નામ કયાં ?
કયાંય નહીં.
ચાર ગતિરૂપ
સંસારમાં એમનું
અસ્તિત્વ ન હોય
તોય
આ જગતના એકપણ
પદાર્થ પર એમની
માલિકી ન હોય તોય
અને છતાં
આખાય સંસાર પર
એમનું વર્ચસ્વ છે...
સંસારના
ઊંચામાં ઊંચા અને
શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાતા પદાર્થો
એમને આધીન છે
એ નિર્વિવાદ સત્ય છે.
સંસારમાં એ
હાજર ન હોય તોય
એમના નામસ્મરણની મૂડી પણ
જો આપણી પાસે હોય તો
આપણી બોલબાલા થાય...
ભવમાં
એ હાજર ન હોય તોય
એમના નામે
આપણો ભવનિસ્તાર
થઈ જાય...
પુણ્યથી મુક્ત
હોય તોય એમનું

નામસ્મરણ આપણને
પ્રચંડ પુણ્યના સ્વામી
બનાવે...
આપણે
પાપોથી ભારે હોઈએ તોય
એમનું નામસ્મરણ માત્ર
આપણા પાપના ભારને
હળવો કરી નાખે...
નથી
બેસતી મગજમાં આ વાત ?
તો, લો વાંચો આ
પંકિતઓ...
**'તું હી અળગો ભવથકી પણ,**
**ભવિક તાહરે નામ રે ;**
**પાર ભવનો તેહ પામે,**
**એહ અચિરજ ઠામ રે...**
**પ્રભુ તુંહી તુંહી તુહી તુંહી**
**યુંહી ધરતા ધ્યાન રે...'**
લોકોત્તર શાસનનો
આ લોકોત્તર ચમત્કાર છે.
આવો, એ ચમત્કારને આપણા
જીવનની અનુભૂતિનો વિષય બનાવીએ.

મોત અને માંદગી વખતે
તમારા ચિત્તને
પ્રસન્નતા આપી શકે
એવા તત્ત્વોને પકડી શકશો
તો મળેલ આ કિંમતી જીવન
અચૂક સફળ બની જશે.



કર્મોથી મુક્ત પ્રભુ
બનાવે ગુણોથી યુક્ત...

# आकालमेते परार्थव्यसनिनः

કો'ક વ્યસનીની સોબતમાં
આપણે ફસાઈ જઈએ
તો આપણું થાય શું ?
તમાકુનો વ્યસની આપણનેય
તમાકુના માર્ગે
ખેંચી જાય...
ચાનો વ્યસની,
આપણે ચા ન પીતા હોઈએ
તોય પીતા કરી દે...
નિંદાનો વ્યસની આપણને
ખબર ન પડે એ રીતે
નિંદાના માર્ગે ઘસડી જાય,
વ્યસનીની સોબતનું
આ અનિવાર્ય પરીણામ છે.
અનંતજ્ઞાનીઓ એટલે જ તો
સોબત કરતા પહેલા ખૂબ
સાવધ રહેવાની વાત કરે છે
અને
એમાંય વ્યસનોના ભોગ બનેલાઓથી
તો આપણને લાખો યોજન દૂર
રહેવાની તેઓ સલાહ
આપે છે
પણ,
આમાં એક અપવાદ છે.
એક વ્યસનીની છાયા હેઠળ
આવવાનું આપણને તેઓ
પોકાર કરી કરીને કહે છે.
એ
વ્યસનીનો સંગ થતા જ
બાકીના વ્યસનોના મૂળિયા
હલબલવા માંડે છે...
અને ગણતરીની પળોમાં
એ વ્યસનો
વ્યક્તિને છોડીને રવાના
થઈ જાય છે...
કોણ છે એ વ્યસની ?
શેનું છે એમને વ્યસન ?
એમ પૂછો છો ?
લો, આ રહ્યો એનો
જવાબ...
વ્યસની છે પરમાત્મા...
વ્યસન છે એમને પરાર્થકરણનું !
**आकालमेते**
**परार्थव्यसनिनः ।**
પરાર્થકરણ વિના એમને ચેન નથી પડતું...
પરોપકાર કર્યા વિના એ રહી નથી શકતા...
ભારે
દુઃખદ સ્થિતિ છે આપણી...
અનંતકાળના સંસાર પરિભ્રમણમાં
ન જાણે કેટકેટલા ખરાબ વ્યસનોના
ભોગ આપણે બન્યા
અને કેટકેટલા ખરાબ વ્યસનીઓના
પડખા આપણે સેવ્યા !
જન્મજન્માન્તરો
આપણા બરબાદ થઈ ગયા...
બચાવી
લેવી છે આપણી જાતને ?
તો એક જ કામ કરવા જેવું છે...
સાન્નિધ્ય પરમાત્માનું...
સોબત પરમાત્માની...
સંગત પરમાત્માની...
સહવાસ પરમાત્માનો...
શરણ પરમાત્માનું...
સ્તવના પરમાત્માની...
સહકાર પરમાત્માનો...
સ્થિરતા પરમાત્મામાં...
સમર્પણ પરમાત્માને...
આ
જીવનમાંથી વિદાય થતા પહેલા
એક વાર તો આ વાસ્તવિકતાને
અમલી બનાવવા જેવી જ છે...
આપણને કદાચ
પરોપકારનું વ્યસન નહીં લાગે તોય
કમસેકમ એ તારકના પરોપકારના
વ્યસનના વિષય તો
આપણે બની જશું !
અને
એટલું થશે તોય
આપણું આત્મકલ્યાણ
નિશ્ચિત છે.

મોટરને રાખવા માટે
ગેરેજની ચિંતા કરતો
આજનો શ્રીમંત
એ ગેરેજને સાચવનારો
માણસ ક્યાં રહે છે,
એની ચિંતા કરતો હશે કે કેમ,
એ પ્રશ્ન છે...




ન સોબત કરી પરમાત્માની,
અને એટલે જ ન અનુભવી મસ્તી આત્મગુણોની...

# નામ હી તુમ તાપ હરત હૈ

ઠંડી ઉડાડવાની તાકાત લાકડામાં
છે જરૂર પણ
એ માટે એને પોતાની જાત
અગ્નિને સોંપી દેવી પડે છે...
કપડાને ફાડવાની
તાકાત કાતરમાં છે જરૂર પણ,
એમ કરવા જતાં લાંબે ગાળે
એના પાંખીયા ઘસાયા વિના
રહેતા નથી...
આગને બુઝવવાની ક્ષમતા પાણીમાં
છે જરૂર પણ એ માટે એને
પોતાના અસ્તિત્વને ખતમ
કરવાની તૈયારી રાખવી પડે છે...
અરે, શીતળતા બક્ષવાની તાકાત
ચંદનમાં છે ચોક્કસ, પણ
એ યશ ખાટવા માટે એને
પોતાની જાત ઘસી નાખવી
પડે છે.
તાકાત ખરી પણ
એના પ્રગટીકરણમાં
પોતાનું અસ્તિત્વ જ
જોખમમાં !
માની લો કે અગ્નિમાં લાકડા નાખવાથી
એકવાર ઠંડી ઊડી ગઈ પણ પછીય
ઠંડી લાગી અને
લાકડું હાજર ન હોય તો ?
કાતરથી કપડા ફાડી તો નાખ્યા
પણ એના પાંખીયા બુઠ્ઠા થઈ
ગયા પછીય કપડા ફાડવાનું
ઊભું રહ્યું તો ?
પાણીના મારાથી એકવાર તો
આગ બુઝાઈ ગઈ પણ
ફરી આગ લાગી અને પાણી
હાજર ન હોય તો ?
ચંદનના વિલેપનથી તાત્કાલિક
શીતળતાનો અનુભવ તો
થઈ ગયો પણ ફરીવાર શરીરમાં
દાહ ઉપડયો અને ચંદન હાજર ન હોય તો ?
છે ને
સંસારના તાકાતવાન ગણાતા
પદાર્થોનીય કમજોરી ?
આની સામે
સાક્ષાત પરમાત્માની
નહીં પણ કેવળ એમના
નામસ્મરણની તાકાતનેય
નજર સામે લાવો ને,
સ્તબ્ધ થઈ જશો.
વાસનાની આગથી
દિલ પ્રજ્વલિત બની ગયું છે ?
બૂમ પાડો, નેમનાથને,
આગ શાન્ત...
ક્રોધના દાવાનળથી મન ભડકે બળી રહ્યું છે ?
બોલાવો શાન્તિનાથને,
મન શાન્ત...
વ્યક્તિ સાથે દુશ્મનાવટ ઊભી થઈ ગઈ છે ?
લાવો મનમાં મહાવીરને,
દુશ્મનાવટ ગાયબ
આપણું કામ થઈ જાય માત્ર નામસ્મરણથી,
અને છતાં એ નામની પ્રચંડ તાકાતમાં
લેશ ઓટ ન આવે કે લેશ ઘસારો
ન પહોંચે.
આ તાકાતને
નજરમાં રાખીને જ
કવિએ ગાયું છે ને કે,
**'શીતળતા ગુણ હોડ કરત તુમ**
**ચંદન કહાં બિચારા**
**નામ હી તુમ, તાપ હરત હૈ**
**વાંકુ ઘસત ઘસારા...**
**સાહિબા, શીતલજિન મોહે પ્યારા'**
ભવ્યો !
આનંદો... નાચો... કૂદો...
સદાને માટે હાજર અને સદાને માટે તાકાતવાન
એવા પરમાત્માના નામસ્મરણની મૂડી જે
આપણી પાસે હાજર જ છે તો આ
જગતમાં આપણી શ્રીમંતાઈ આગળ
ચક્રવર્તિના નવરત્નોય બિચારા છે.
ઝાંખા છે... લાચાર છે...

'યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં
ખાસ તફાવત કયો ?'
એવું મને કો'કે પૂછ્યું
ત્યારે મેં જવાબ આપ્યો કે
'ભાવતું ખાઈ શકાય
એ યુવાવસ્થા અને
ફાવતું જ ખાવું પડે
એ વૃદ્ધાવસ્થા !'





સમય કોઇ પણ, સ્થળ કોઇ પણ
નામ લો પરમાત્માનું ન હેરાન કરે કોઇ પણ...

# સ્વામી તુમે કાંઈ કામણ કીધું...

દૂધપાક તપેલીમાં હોય
અને છતાં આપણું પેટ
ભરાઈ જાય ?
સંપતિ બેંકમાં હોય
અને છતાં આપણને
સામગ્રીઓ મળી જાય ?
મમ્મી પરલોકમાં રવાના થઈ ગઈ હોય
અને છતાં આપણને
વાત્સલ્યની અનુભૂતિ થાય ?
પાણી નદીમાં હોય
અને છતાં આપણી તૃષા છિપાઈ જાય ?
ના... ક્ષુધા શમાવવા
દૂધપાક પેટમાં જવો જરૂરી છે...
સામગ્રી પ્રાપ્તિ માટે
સંપતિ હાથમાં હોવી જરૂરી છે...
વાત્સલ્યની અનુભૂતિ માટે
મમ્મીનું સાન્નિધ્ય હોવું જરૂરી છે...
તૃષાશાન્તિ માટે પાણી
આપણી પાસે હોવું જરૂરી છે...
પણ,
આધ્યાત્મિક જગતમાં
આ કાયદો લાગુ પડતો
નથી...
ક્ષેત્રકૃત અંતર કે
કાળકૃત અંતર આત્માને
સાધ્યની પ્રાપ્તિથી વંચિત
રાખે એવો અહીંયાં
કાયદો નથી...
ભગવાન
સીમંધરસ્વામી ભલે
હજારો યોજન દૂર
મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા હોય
કે
પરમાત્મા મહાવીરદેવ
ભલે ૨૫૦૦ વરસ પહેલા
મોક્ષમાં પધારી
ગયા હોય,
મન મંદિરમાં એમને પધરાવી દઈએ
એટલે આપણું કામ પાકું.
વાંચી છે
સ્તવનની આ પંકિતઓ ?
**'સ્વામી તુમે કાંઈ કામણ કીધું,**
**ચિત્તડું હમારું ચોરી લીધું;**
**અમે પણ તુમશું કામણ કરશું,**
**ભક્તે ગ્રહી મન ઘરમાં ધરશું.'**
સફળતા માટેની
કેટલી સરસ અને
સરળ પ્રક્રિયા છે આ ?
પરમાત્માના
મિલનમાં નેત્રને દર્શનનો
આનંદ મળે છે
તો
વિરહમાં હૃદયને સ્મરણનો
આનંદ મળે છે...
માટે જ એ
તારક તત્ત્વોની સાક્ષાત્
અનુપસ્થિતિથી મનને
દીન ન બનાવો
પણ સ્મરણ દ્વારા
એ તત્ત્વોની મનમાં
પધરામણી કરો અને
સાક્ષાત ઉપસ્થિતિ
જેટલું જ ફળ મેળવો.
કેટલી બધી
આનંદદાયક આ વાસ્તવિકતા છે !
મન મૂકીને
નાચવાનું મન
થાય એવી આ
વાસ્તવિકતા છે !
કોણ કહે છે,
પરમાત્મા ગેરહાજર છે ?
કોણ કહે છે
તીર્થંકરની અનુપસ્થિતિ છે ?
**'સાત રાજ અળગા જઈ બેઠા,**
**પણ ભગતે અમ મનમાંહિ પેઠા...'**
બસ,
આ વાસ્તવિકતાને નજર સામે રાખી
એનો મહત્તમ લાભ ઉઠાવતા રહીએઆપણે,
બેડો પાર છે આપણો...

| |
|---|
| સાકરના ત્યાગમાં<br>જેમ<br>મીઠાશની અવગણના સ્પષ્ટ છે<br>તેમ સમ્યક્<br>આચરણની અવગણનામાં<br>સમ્યક્ શ્રદ્ધાની કચાશ મુખ્ય છે. |




પ્રભુ! ભલે રહ્યા તમે દૂર,
સ્મરણથી મારે તો હાજરાહજૂર...

# સૂર્યાતિશાયિ મહિમાઽસિ

ભરબપોરે બાર વાગે
વૈશાખનો સૂર્ય આકાશમાંથી
આગ ઓકી રહ્યો હતો...
એના કિરણો
ચારેય બાજુ
ફેલાઈ રહ્યા હતા
અને છતાં
પેલા રમેશના
ઘરમાં સાવ અંધારુ હતું...
એ બારી-બારણા
બંધ કરીને ઘરમાં બેઠો હતો...
વેન્ટીલેશન પણ
એણે ખુલ્લું રાખ્યું
નહોતું...
અને છતાં
આશ્ચર્ય એ હતું કે
એ સૂર્યને ગાળો દઈ રહ્યો હતો...
'સૂર્ય જો વિભુ છે...
પ્રકાશ આપવાની
એનામાં જો તાકાત છે
તો
મારા ઘરમાં અંધારુ કેમ ?
એના અજવાળાનો લાભ
મને કેમ નહીં ?
કોણ
સમજાવે એને કે
દોસ્ત! ખામી સૂર્યમાં નથી,
તારામાં છે...
તકલીફ સૂર્યની નથી,
તારી પોતાની છે...
સૂર્ય વિભુ છે જ...
અંધકારને રવાના કરવાની
એનામાં તાકાત છે જ...
પણ
એની આ તાકાતનો
અનુભવ કરવા માટે તારે
ઘરના બારી-બારણા-
વેન્ટીલેશન ખુલ્લા
રાખવાની જરૂર છે...
રાખી જો
એક વાર એને ખુલ્લાં,
પછી જો
સૂર્યની તાકાત!
પરમાત્મા
બિલકુલ સૂર્ય જેવા જ છે...
વિષય-કષાય- અજ્ઞાનરૂપ
અંધકારના
નાશક છે...
પણ
તકલીફ એ છે કે
એમની આ પ્રચંડ તાકાતને
આપણે અનુભવી શકયા નથી...
અનુભવી શકતા નથી...
કારણ
બહુ સ્પષ્ટ છે...
અંતઃકરણના
દરવાજા આપણે
બંધ રાખ્યા છે...
માધ્યસ્થતાની
બારીઓ આપણે
ખોલી નથી...
વિવેકના વેન્ટીલેશનો આપણે સજ્જડ બંધ
કરી દીધા છે... એમાનું એકાદ પણ જો ખુલી જાય
તો પરમાત્માના પ્રચંડ મહિમાનો
અનુભવ આપણને થયા વિના
ન રહે એ નિશ્ચિત વાત છે. જિંદગીની
પળો વીતી રહી છે...
અને મોતની ક્ષણ નજીક
આવી રહી છે...
અનંતાનંત આત્માઓ પરમાત્માના પાવન મહિમાને
અનુભવીને જયારે પરમાત્માસ્વરૂપ બની જ ગયા છે
ત્યારે આપણે એ જ પરમાત્માને પામ્યા પછીય
વિષય-કષાય-અજ્ઞાનના અંધકારમાં અટવાઈએ
એ તો શે ચાલે ?
આવો, ખોલી નાખીએ, બારી-બારણાં-વેન્ટીલેશનો અને
અનુભવીએ પરમાત્માના વિભુત્વનો એક અકલ્પનીય ચમત્કાર!
પછી તો આપણેય બોલી ઉઠશું
**'સૂર્યાતિશાયિ મહિમાઽસિ મુનીન્દ્ર! લોકે'**

મેદાનમાં
હારનારા હજી
જીતી શકે છે પણ
મનથી હારી ચુકેલાઓ માટે
વિજયના દરવાજા
કાયમ માટે
બંધ થઈ જાય છે.




હૃદય જ જો બંધ તો
શે અટકે કર્મબંધ ? શે થાય સંસારભંગ ?

# तुम न्यारे तब सब ही न्यारा...

જીભ પર ચાંદા પડી ગયા છે ?
પેટ બગડેલું છે.
શરીર તૂટે છે ?
પેટમાં ગરબડ છે...
ઝાડા થઈ ગયા છે ?
પેટમાં તોફાન છે...
તાવ આવે છે ?
પેટ સાફ નથી.
ફરીયાદો અનેક
પણ નિદાન એક...
પેટ સાચવો, બધુંય સચવાઈ જશે...
પેટ સુધારો,
આખુંય શરીર સુધરી જશે...
ખેર,
આ તો દૃશ્ય તકલીફોની વાત છે...
ત્યાં ફરીયાદો પણ દૃશ્ય છે
અને નિદાન પણ દૃશ્ય છે.
પણ
આધ્યાત્મિક જગતમાં
એક એવું આશ્ચર્યકારી તત્ત્વ છે કે
જ્યાં દૃશ્ય કે અદૃશ્ય તમામ તકલીફોનું
જે નિદાન છે એ માત્ર અદૃશ્ય જ
નથી,
આશ્ચર્યકારી પણ છે.
પહેલા જોઈ લઈએ
તકલીફોનું લીસ્ટ...
પ્રેમ આપવા છતાં
દીકરો બેવફા નીવડ્યો છે...
કુપથ્યત્યાગ છતાં
તબિયત બગડતી જ ચાલી છે...
કામ કરીને તૂટી પડવા છતાં
જશ મળતો નથી...
નિમિત્તોથી દૂર રહેવા છતાં
પાપવિચારો હટતા નથી...
પ્રલોભન આવતા જ અંદરમાં
પડેલી લોભવૃત્તિ ભાગ ભજવી
જાય છે...
બિલકુલ મામૂલી નિમિત્ત
મળતાં જ મન ક્રોધાવિષ્ટ
બની જાય છે...
**શે છૂટવું આ બધાયથી ?**
સાંભળો એનો જવાબ...
એક જ કારણ છે
સઘળાય દુઃખોનું અને તમામ પાપોનું,
પરમાત્મભક્તિનો અભાવ...
જો મનમાં પધરાવ્યા હોત,
ત્રણ જગતના નાથને...
પ્યાર કર્યો હોત એ
તારકના વચનોને...
અમલી બનાવી હોત એ
તારકની આજ્ઞાઓને...
તો
ન વળગણ હોત
દુઃખોનું
કે
ન તોફાન હોત
પાપોનું !
કવિ પણ
આજ વાત કરી રહ્યા છે ને ?
**'તુમ ન્યારે તબ સબહી ન્યારા,**
**અંતર કુટુંબ ઉદારા ;**
**તુમ હી નજીક, નજીક હૈ સબહી,**
**ઋદ્ધિ અનંત અપારા.'**
**સાહિબા ! શીતલજિન મોહે પ્યારા...**
બાહ્ય જગત કહે છે,
પેટ સુધારો,
શરીર સુધરી જશે...
આધ્યાત્મિક જગત કહે છે.
પરમાત્માની આજ્ઞા સ્વીકારો
શરીર મન અને આત્મા
એ ત્રણેય સુધરી
જશે.
અનંતજ્ઞાનીઓનું
આ નિદાન છે...
હવે એની ઉપેક્ષા કરીને
તકલીફોને આમંત્રણ આપવાની
ભૂલ તો આપણાથી
થાય જ શી રીતે ?
બરાબર ને ?

રોગીઓના રોગોને
દૂર કરવા માટે ભારે
જહેમત ઉઠાવનારા આજના
કાળના અનેક ડૉક્ટરોમાંનો
એક પણ ડૉક્ટર
સો વરસનો થયો હોય એવું દેખાતું
નથી... શું સમજવું ?



રોગનું મૂળ પેટનો બગાડો...
દુઃખનું મૂળ, દોષનું મૂળ મનનો બગાડો...

# સાહિબા ! શીતલજિન મોહે પ્યારા...

મકાનમાં અચાનક આગ લાગી...
કોઈ કાંઈ સમજે એ પહેલા તો
આગની જવાળાઓ આકાશને
આંબવા લાગી.સમયજ્ઞ એક
વ્યક્તિએ તાત્કાલિક
ફાયર બ્રિગેડ પર ફોન કર્યો...
વિના વિલંબે ચારેક બંબાઓ
આવી ગયા... પાણીનો મારો ચલાવીને
આગને સંપૂર્ણપણે બૂઝવી નાખી...
ઉનાળાની
સખત ગરમી એને લાગી ગઈ હતી...
માથું એનું ફાટતું હતું...
પેટ એનું બળતું હતું...
પેશાબ પણ લાલ આવતો હતો...
વૈદરાજે કાચું દૂધ પીવાની
સલાહ આપી... માત્ર ત્રણ
દિવસનો પ્રયોગ અને
ગરમીમાં એને સંપૂર્ણ
રાહત થઈ ગઈ...
કો'ક રોગના
કારણે શરીરના પ્રત્યેક અંગે
એને ભારે બળતરા ઉપડી હતી...
રાડારાડ પાડવા છતાં
એને લેશ શાન્તિ નહોતી...
બરાસનો આખા શરીરે
એના મિત્રે લેપ કર્યો
અને એણે 'હાશ'ની
અનુભૂતિ કરી...
પાણી ન આવ્યું હોત સમયસર

તો પેલું મકાન
આગમાં ભરખાઈ જાત...
કાચું દૂધ ન મળ્યું હોત દર્દીને
તો કદાચ એ કમળાનો
ભોગ બની
જાત...
ન યાદ આવ્યો હોત બરાસ અને
યાદ આવ્યા પછીય જો એ ન
મળ્યો હોત તો એનો મિત્ર
બળતરાના ત્રાસથી
ભારે ત્રસ્ત
બની જાત...
આ
આગ-ગરમી અને તાપના
ત્રાસથી મુક્ત થવું હજી કદાચ
સહેલું છે કારણ કે...
પાણી, કાચું દૂધ અને બરાસ
એ ત્રણેયની પ્રાપ્તિ સુલભ છે
પણ
વિષય-કષાયની આગથી પ્રજવલિત
બનેલા અંતઃકરણને શાન્ત શે કરવું,
એ પ્રશ્ન છે...
સાક્ષાત્
પરમાત્માનો યોગ નથી...
એમના
પાવન સાન્નિધ્યની
કોઈ શકયતાય નથી...
એમના
ખુદના શ્રીમુખે વાણી

સાંભળવા મળે એવું
સદ્ભાગ્ય નથી...
જવું કયાં ?
કરવું શું ?
શું
તમે હતાશ થઈ ગયા છો ?
ન થશો હતાશ...
આ રહ્યો ઉપાય...
**'વિષય લગનકી અગનિ બુઝાવત,**
**તુમ ગુણ રસકી ધારા ;**
**ભઈ મગનતા તુમ ગુણ રસકી,**
**કુણ કંચન કુણ દારા...**
**સાહિબા ! શીતલજિન મોહે પ્યારા...'**
ગાઓ મન મૂકીને
પરમાત્માના ગુણો...
ધ્યાન ધરો એકાગ્ર ચિત્તે
પરમાત્માના ગુણોનું...
સતત જોતા રહો
પરમાત્માના ગુણો...
નહીં સતાવે વિષયો કે
નહીં સતાવે કષાયો !
બની જશે મન
સ્વસ્થ મસ્ત અને પ્રસન્ન !

> ઝઘડાઓ
> મોટે ભાગે સત્યના કારણે નહીં
> પણ પોતે
> માની લીધેલા સત્યના કારણે
> થતા હોય
> એવું નથી લાગતું ?



આગ મારી નાખે, જો પાણી ન મળે તો...
વાસનાની આગ ઠારી નાખે, જો ધ્યાન ધરીએ પ્રભુનું તો...

# તવ પ્રેષ્યો ઽસ્મિ દાસો ઽસ્મિ...

હું નોકર તરીકે રહીને જિંદગી
જીવવા માંગતો નથી...
મારે તો શેઠ જ બનવું છે...
હું ટીમમાં ખેલાડી તરીકે રમવા નથી માંગતો,
મારે તો કેપ્ટન જ બનવું છે...
હું યુનિયનમાં જોડાઈ જવા તૈયાર છું
પણ રહીશ લીડર તરીકે,
કામદાર તરીકે તો નહીં જ
એ સંસ્થાને સેવા આપવા હું તૈયાર છું
પણ ટ્રસ્ટી તરીકે રહીને નહીં પણ
એ સંસ્થાના પ્રમુખ બનીને...
કોલેજની ચૂંટણીમાં હું ઊભો જરૂર રહીશ
પણ બનીશ તો G.S. જ.
એ સિવાયના એકેય સ્થાન
માટે મને રસ નથી...
કેબીનેટમાં આજે ભલે હું વ્યાપારપ્રધાન છું
પણ P.M. બન્યા વિના હું રહેવાનો નથી
એ નિશ્ચિતવાત છે.
આખું જગત દોડી રહ્યું છે
નેતા બનવા,
માલિક બનવા,
સત્તાધીશ બનવા...
કારણ કે એ જગતમાં
આશ્રિત, નોકર, ચાકર,
અનુયાયી, દાસ કે સેવક
તરીકે રહેવામાં
લાચારીનો અનુભવ
કરવો પડે છે...
દબાયેલા રહેવું
પડે છે...
નીચું જોઈને ચાલવું
પડે છે.
પરંતુ
આધ્યાત્મિક જગતની તો
આખી વાત ન્યારી છે...
આ જગતમાં પ્રવેશ કરનારને
માલિક બનવામાં નહીં,
સેવક બનવામાં જ રસ છે...
નેતા બનવામાં નહીં,
નાના બનવામાં જ આનંદ છે...
ઊંચું જોઈને ચાલવામાં નહીં.
નીચા નમીને ચાલવામાં જ રસ છે.
ત્યારે તો
કલિકાલ સર્વજ્ઞ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે
વીતરાગસ્તોત્રમાં પરમાત્મા
પાસે માંગણી
કરી છે ને કે
**'તવ પ્રેષ્યો ઽસ્મિ દાસો ઽસ્મિ,**
**સેવકો ઽસ્મ્યસ્મિ કિઙ્કરઃ ।**
**ઓમિતિ પ્રતિપદ્યસ્વ,**
**નાથ ! નાતઃ પરં બ્રુવે ॥**
'હે નાથ ! હું તારો નોકર છું,
દાસ છું, સેવક છું, ચાકર છું...
તું આમાં 'હા' પાડી દે, બસ,
પછી મારે તને કાંઈ કહેવું નથી...'
શું
રહસ્ય હશે
આ માંગણીમાં ?
આ જ રહસ્ય છે...
બાહ્ય જગતમાં શેઠનો નોકર
બનનાર શેઠ બને જ એવો કોઈ
કાયદો નથી જ્યારે
આધ્યાત્મિક જગતમાં
પરમાત્માનો સેવક બનનાર,
પરમાત્મા બન્યા વિના
ન જ રહે એ
નિશ્ચિત વાત છે...
ત્યાં
માલિક બનવા જતા
પાપબંધ છે...
અહીંયાં સેવક બનવામાં
પાપમુક્તિ છે...
આવો, આપણી વિચારધારા આપણે ફેરવીએ...
સેવક બનીએ
સર્વજ્ઞના... શાસનના... સંઘના !
સ્વામી બની જશું
સિદ્ધિગતિના !

બાળકને
ફોટાઓના
આલ્બમો જોવાનો રસ છે...
આપણને
ભૂતકાળના વિચારોને
વાગોળવાનો રસ છે...
બાળકમાં અને
આપણામાં ફેર ક્યાં રહ્યો ?



સ્વામી બનવાની વાત છે સંસારમાં...
સેવક બનવાની વાત છે શાસનમાં...


# યદ્યપિ તુમે અતુલ બલી છો...

મૂડી માત્ર બે જ રૂપીયાની હોય
અને સોનાની વીંટી ખરીદવાની બાબતમાં
સફળતા મેળવવી હોય તો ઝવેરી પાસે
લાચારી દાખવવા સિવાય બીજો કોઈ
વિકલ્પ જ ક્યાં છે ?
આંખે અંધાપો હોય
અને એક બાજુએ લાગેલી આગથી
બચવા બીજી બાજુ જવું હોય તો
આંખવાળા પાસે કાકલુદી કરવા
સિવાય બીજો રસ્તો જ ક્યાં છે ?
પણ જેની પાસે રૂ. ૧૦૦૦૦ની
મૂડી છે એ વીંટી ખરીદવા ઝવેરી
પાસે જાય તો લાચારી નહીં,
ખુમારીથી જ વાત કરે એમાં આશ્ચર્ય નથી...
આંખો જેની
સતેજ છે એ આગ લાગતાવેંત
કોઈનીય ચાપલુસી કર્યા વિના
પોતાની મેળે જ સલામત
સ્થળે પહોંચી જાય એ સમજી
શકાય તેવી વાત છે...
મારે કહેવું છે. કે
પરમાત્મા પાસે આપણે
જઈએ તો છીએ પણ વાત
લાચારીથી કરીએ છીએ કે ખુમારીથી ?
પૂર્વના મહાપુરુષોએ
પરમાત્મા સાથેની વાતમાં લાચારી તો દાખવી નથી
પણ ખુમારી અને ક્યારેક તો
પડકારની ભાષામાં વાતો કરી છે...
વાંચો આ પંક્તિ,

**'યદ્યપિ તુમે અતુલબલી છો**
**યશવાદ એમ કહેવાય;**
**પણ કબજે આવ્યા મુજબ મને,**
**સહજથી ન જવાય...'**
'પરમાત્મન્!
તમે અતુલબલી છો ને ?
આ જગતમાં તમારી ખ્યાતિ
તો એ રીતની જ છે... પણ
એક વાત કહું ? મેં તમને
મારા મનમાં ભક્તિથી બાંધી
દીધા છે... ભાગી છૂટો ત્યાંથી,
તમારામાં તાકાત હોય તો!'
છે ને
પડકારભરી ભાષામાં
રજુઆત ?
યાદ રાખજો,
જેમ સામગ્રીઓ
સંપત્તિને
બંધાયેલી છે તેમ ભગવાન
ભક્તિને બંધાયેલા છે.
સામગ્રીપ્રાપ્તિ ખાતર
સંપત્તિવાળાએ દીનતા
દાખવવાની જરૂર નથી
તો
ભક્તિની પ્રચંડ મૂડી ધરાવતા
ભક્તે ભગવાન બનવા ખાતર
દીનતા દાખવવાની જરૂર જ
ક્યાં છે ?
સંપત્તિથી

દરિદ્ર રહેવું પડે તો
રહી જઈએ પણ
ભક્તિથી શ્રીમંત બન્યા
વિના તો ન જ રહીએ...
કારણ કે
આપણી એક માત્ર જરૂરિયાત
સમાધિ-સદ્‌ગતિ અને પરમગતિ
એ ત્રણેયને
લાવી આપવાની
પ્રચંડ તાકાત માત્ર
એ તત્ત્વમાં જ
છે...
**અમે ભક્તે મુક્તિને ખેંચશું**
**જિમ લોહને ચમક પાષાણો રે...**
ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની
આ ખુમારી, આપણીય ખુમારી બની
જાય એટલે બેડો પાર...

'પરમાત્માને તર્કથી
સિદ્ધ કરી આપો'
આવું કહેનારને મારે
એટલું જ કહેવું છે કે
'પરમાત્માને તર્કથી સિદ્ધ
કરી શકાય એમ નથી કારણ કે
પરમાત્મા તો બધાય તર્કોનો
આધાર છે.



હૃદય છુડાકે જાઓ
તો મર્દ બખાનું તોહી

# अन्यथा शरणं नास्ति

મદ્રાસની ઈડલી વખણાય છે
પણ મારવાડમાં એ
ભાવતી નથી...
મારવાડની મકાઈ
ગુજરાતમાં જામતી નથી...
કચ્છનો બાજરો
મહારાષ્ટ્રમાં ફાવતો નથી...
સ્વાદિષ્ટ પણ કેરી
ધોધમાર વરસાદ વખતે
બેસ્વાદ લાગે છે...
તાકાતપ્રદ ગણાતો
સાલમપાક પણ
ઉનાળામાં ગરમ પડે છે...
પ્રેમાળ પણ પત્ની
કેન્સરની જાલિમ બિમારીમાં
દીઠી ગમતી નથી...
કહ્યાગરો પણ દીકરો,
દશ લાખની ખોટ વખતે
અળખામણો લાગવા માંડે છે...
લાવો, આ જગતનો
એક પદાર્થ કે
એક સંબંધ એવો કે
ચિત્તપ્રસન્નતા
આપવાની બાબતમાં
એને ક્ષેત્ર કે કાળનું
વ્યવધાન ન
નડતું હોય...
આની સામે
લાવો, પરમાત્માના

શરણ સ્વીકારને...
કઈ ઋતુમાં...
કઈ ગતિમાં...
કઈ અવસ્થામાં...
કયા સંયોગમાં...
કયા ક્ષેત્રમાં
કઈ અવસ્થામાં
એ પ્રસન્નતા
નથી આપતું એ પ્રશ્ન છે...
પણ સબૂર !
પરમાત્મા શરણભૂત છે
એ વાત પછી,
પહેલા જગત આખું
અશરણ છે એની
સ્પષ્ટ અનુભૂતિ
કરી લો...
દર્દ ત્રાસદાયક
લાગ્યા પછી ડૉક્ટર પાસે
જવું સાવ સહેલું છે...
ભૂખની વેદનાની
અનુભૂતિ થયા પછી
ભોજનના દ્રવ્યોની તલાશ
થવી બિલકુલ સહેલી છે...
તૃષાની સતામણી
પાણીની તપાસ કરાવ્યા
વિના નથી જ રહેતી
એ સમજાય તેવી વાત છે...
વસ્તુઓનો સંગ્રહ અને
વ્યક્તિઓ સાથેના

સંબંધો બિલકુલ
તકલાદી, કમજોર
અને નિસ્સાર જ છે
એવી અનુભૂતિ થયા
પછી
પરમાત્માના શરણનો
સ્વીકાર વિના વિલંબે
થયા વિના નહીં રહે
એ નિશ્ચિત
વાત છે...
મહાપુરુષોએ પણ
વાત તો આજ
કરી છે ને ?
**अन्यथा शरणं नास्ति,**
**त्वमेव शरणं मम !**
**तस्मात् कारुण्यभावेन,**
**रक्ष रक्ष जिनेश्वर !॥**
આવો, શરણ સ્વીકારીએ પરમાત્માનું
અને આત્માને અનંતકાળ સુધી
સલામત બનાવી દઈએ.

રામ અને મહાવીર
થયા છે કે નહીં, એના પર
આજે સંશોધન ચાલે છે
પણ
હિટલર અને ચંગીઝખાનના
અસ્તિત્વ વિષે
કોઈનેય શંકા નથી.



શીતળ નહીં છાયા રે
આ સંસારની...

# હું છું અનાડી અનાદિનો...

લાખ પ્રયત્નો છતાં મનમંદિરમાં પધરામણી
પરમાત્માની કેમ થતી નથી ?
આપણે તો સાંભળ્યું છે કે
'પરમાત્મા તો વાત્સલ્યના ઉદધિ છે...
કરૂણાના સાગર છે, દયાના ભંડાર છે...
એ તો વગર બોલાવ્યે આવી જાય છે'
તો પછી
પધારતા કેમ નથી આપણી પાસે ?
સતત મૂંઝવતો હતો મનને આ પ્રશ્ન,
સમાધાન હમણાં જ મળ્યું છે...
આપણે પરમાત્માને
મનમંદિરમાં પધરાવવાની વિશિષ્ટ પ્રકારની
પ્રવૃત્તિ તો કરીએ છીએ
પણ પરમાત્માને આપણે કહી
દીધું છે કે.
'પ્રભુ, બીજા કોઈને ય
સાથે લાવ્યા વિના આપ
એકલા જ પધારજો...'
પ્રભુ કહે છે,
'હું કયારેય એકલો જતો નથી
કારણ કે આ જગતના તમામે તમામ
જીવો મારા પરીવારમાં છે...
એ સહુ પ્રત્યે મને પારાવાર
સ્નેહ છે. એ બધાયને મારી
સાથે લાવું... બોલ, છે તારી
એ બધાયને સ્વીકારવાની તૈયારી ?'
બસ, અહીંયાં આપણે
થાપ ખાઈ ગયા છીએ...
પરમાત્માની આ વાત સામે આપણે
તેઓને કહી દીધું છે કે
'પ્રભુ, આપ તો સર્વગુણસમ્પન્ન છો
એટલે મારા મનમંદિરમાં આપને પધરાવું
એ વાત બરાબર છે... પણ, આપ જગતના
તમામ જીવોનેય સાથે લાવવાની જે વાત કરો છો
એમાંના મોટા ભાગના તો વાસનાને પરવશ છે,
કષાયોના ગુલામ છે, દોષોના ભંડાર છે,
કાવાદાવાબાજ છે,
એમનેય મારે દિલમાં પધરાવવાના ?
એ સહુ પ્રત્યેય મારે
સદ્ભાવ ટકાવવાનો ?
એમનેય મારે લાગણીથી જોવાના ?
નહીં બને મારાથી આ વાત!'
બસ,
આપણને પરમાત્મા ગમ્યા
પણ પરમાત્માનો પરીવાર ન ગમ્યો...
**'છળ કરી છકાયની,**
**તુજ વાડી વિણાસી ;**
**હું છું અનાડી અનાદિનો,**
**હું તો મોટો મેવાસી...'**
અને આજ કારણે
પરમાત્મા આપણી પાસે
આવતા અટકી ગયા...
નાના રાજયનો એક રાજય
કોઈને ત્યાં જાય તો એકલો નથી જતો
ત્યારે આ તો પરમાત્મા છે,
ત્રણ જગતના રાજા,
દેવેન્દ્રોનેય પૂજય,
એ એકલા આવે ?
ખરેખર લાવવા છે
પરમાત્માને ?
તો દિલને પહોળું બનાવો...
ભવી, અભવી, દુર્ભવી, તોફાની, લુચ્ચો, લબાડ,
ક્રોધી, અભિમાની, માયાવી, લોભી, કીડા,
મંકોડા, નારકો, દેવો, વાઘ, સિંહ, સાપ,
મિત્ર, દુશ્મન, ખૂની, હત્યારા
સહુ જીવો પ્રત્યે દિલમાં ભારોભાર
સદ્ભાવ ઊભો કરી દો...
દિલના એક ખૂણામાંય,
એક જીવ પ્રત્યે પણ
દુર્ભાવ ઊભો ન થઈ જાય
એની ખાસ કાળજી રાખો...
પછી જુઓ, દિલમાં
પરમાત્માની પધરામણી
થાય છે કે નહીં ?
વીતરાગસ્તોત્રની
ટીકામાંય આજ વાત લખી છે...
**'षड्जीवनिकायहितं परमात्मतत्त्वम्'**
બરાબર બેઠી ને ઉપરની વાત ?

ગમે તેવો પણ ગાઢ અંધકાર
દીવાને સળગતો અટકાવી
શકતો નથી એ જાણ્યા પછી
કલુષિત વાતાવરણના
કારણે હું ધર્મ કરી શકતો નથી
એ બોલવું
મારે માટે મુશ્કેલ બની ગયું છે.




પ્રભુ ! મેં તો આપને એકલાને બોલાવ્યા હતા,
આપ આ બધાયને લઈને પધાર્યા ?

## નમે નિર્મળ કાય...

સાકર દૂધમાં પડે છે, ભળે છે
એ વાત સાચી પણ
સાકર ક્યારેય દૂધરૂપ બની જતી નથી...
પથ્થર પાણીમાં પડે છે, ઓગળે છે
એ વાત સાચી પણ
પથ્થર ક્યારેય પાણીરૂપ બનતો નથી...
રંગ વસ્ત્રો પર લાગે છે,
વસ્ત્રો સાથે એકમેક થઈ જાય છે
એ વાત સાચી પણ
રંગ ક્યારેય વસ્ત્રરૂપ બનતો નથી
જ્યારે
લાકડું અગ્નિમાં પડે છે
અને એ અગ્નિમય બની જાય છે...
રૂને ચિનગારી મળે છે
અને એ આગમય બની જાય છે...
પેટ્રોલ આગમાં પડે છે
અને એ અગ્નિરૂપ બની જાય છે...
કપડાનો અગ્નિને સ્પર્શ થઈ જાય છે
અને અગ્નિ એ કપડાને
પોતાનું રૂપ આપી દે છે...
બિલકુલ
આ અગ્નિ જેવા છે પરમાત્મા !
એમનામાં જે પણ ભળે છે,
પરમાત્મસ્વરૂપ બની જાય છે...
એ જેને પણ પોતાનામાં ભેળવે છે
પરમાત્મસ્વરુપ બનાવી દે છે...
પોતાનામાં ભળતા પદાર્થો
ઘન છે કે પ્રવાહી,
કોમળ છે કે કઠોર,
સારા છે કે નરસા
એની જેમ અગ્નિને
પરવા હોતી નથી...
એ તો એ તમામને
જેમ પોતાના
જેવા બનાવી જ દે છે...
તેમ
પોતાનામાં ભળતા જીવો
સજ્જન છે કે દુર્જન,
ભક્ત છે કે દુશ્મન,
લોભી છે કે નિર્લોભી,
માયાવી છે કે સરળ
એની પરમાત્માનેય પડી નથી...
એ તો એ
તમામને પોતાના જેવા
બનાવી જ દે છે...
પણ મૂળવાત એ છે કે
અસ્તિત્વ ખતમ
થઈ જવાના ભયે
આ જગતના મોટાભાગના
જીવો જેમ આગથી
દૂર જ રહે છે તેમ
અહં ખતમ થઈ જવાના ભયે
આ જગતનો બહુજન વર્ગ
પરમાત્માથી દૂર જ રહે છે...
પણ, એ ગાંડપણથી આપણે
વહેલી તકે મુક્ત થઈ જવાની
જરૂર છે...
કારણ કે આમેય આપણી પાસે
મૂડીમાં છે શું ?
કષાયોનો કચરો...
વાસનાની ગંદકી, દુર્ગુણોનો મેલ,
દુશ્મનાવટોનું ઝેર...
ભલે, ખતમ થઈ જતું
એ બધું... એ તમામથી
વહેલી તકે મુક્ત થઈ જઈએ
એમાં જ આપણું હિત છે...
અને મહત્ત્વની વાત...
લાકડાને બાળીનેય આગ, રાખ તો
છોડી જ જાય છે જ્યારે દુર્ગુણોને બાળીને
પરમાત્મા તો આપણને છેક સિદ્ધિગતિમાં
લઈ જાય છે...
સમર્પિત થવામાં હવે વિલંબ શું કામ ?
વાંચી લો આ પંક્તિ,
**'ભક્તવત્સલ ભગવંતને રે, નમે નિર્મળ કાય,**
**આદિ જિણંદ આરાધતા,**
**મહિમા શિવસુખ થાય...'**

નાના માણસની મોટી પણ
ભૂલમાં એટલું નુકસાન નથી
થતું જેટલું નુકસાન
મોટા માણસની
નાની પણ ભૂલમાં
થતું હોય છે.



ભકત નમે ભગવાનને,
પ્રભુ, ભગવાન બનાવે ભકતને...

# અભયદાનદાતા સદા...

સત્તા પર બેઠેલ વ્યક્તિની હાજરી તો
તાકાતવાળી હોય જ છે પણ એનું નામ
પણ તાકાતવાળું હોય છે તો એની
સહી પણ તાકાતવાળી હોય છે...
વિરુદ્ધ વર્તાવ કરનારને તમે ચિમકી
આપોકે 'જો તમારું વર્તન તમે સુધારશો
નહીં તો મારે એમને કહી દેવું પડશે...'
માત્ર નામોલ્લેખ
અને કામ સફળ...
અરે, નામને બદલે
એમના હસ્તાક્ષરવાળો કાગળ
કદાચ મોકલી આપો ને,
તોય કામ સફળ...
પણ જયાં એ વ્યક્તિના હાથમાંથી
સત્તા જાય, ચૂંટણીમાં
નામોશીભર્યો પરાજય
એને લમણે ઝીંકાય,
ખુરશી પરથી એ
નીચે ઊતરી જાય...
ખલાસ,
એમના નામની તાકાત પુરી...
એમની સહીની તાકાત ખલાસ...
અરે, સાક્ષાત એમની
ઉપસ્થિતિ પણ નિષ્ફળ...
ન કોઈ એનું કાંઈ
સાંભળે કે ન કોઈ
એનું કાંઈ માને...
અને એ વ્યક્તિ ખુદ પણ સમજી જાય કે
હવે રૂઆબ જમાવવાનો
કોઈ જ અર્થ નથી
કારણ કે રૂઆબનું જે કારણ હતું - સત્તા
એ આજે હાથમાં નથી...
આની સામે
લાવો, ત્રણ જગતના નાથને !
કરુણાસાગર અરિહંત પરમાત્માની
જગતના જીવોને તારવાની
તાકાતમાં ઓટ કયારે ?
એ તાકાત નિષ્પ્રાણ કયારે ?
એ તાકાત નિષ્ફળ કયારે ?
એ તાકાત ક્ષતિયુક્ત કયારે ?
કયારેય નહીં...
પરમાત્મા
બન્યા પહેલાય
એમના નામ-સ્થાપના-દ્રવ્ય
એ ત્રણેય નિક્ષેપા એટલા જ
તાકાતવાન હોય છે
જેટલા તાકાતવાન
ખુદ પરમાત્મા હોય છે...
અરે, નિર્વાણ પામીને એ તારક
મોક્ષમાં પધારે પછીય
એમની અચિન્ત્યશક્તિસમ્પન્નતામાં
લેશ ઓટ આવતી નથી...
એમના નામસ્મરણથીય
કાર્યસિદ્ધિ થાય છે તો
એમની મૂર્તિના દર્શનથીય
કર્મમુક્તિ થાય છે...
આ જગતની પુણ્યવાનમાં
પુણ્યવાન ગણાતી વ્યક્તિય
અરિહંત પરમાત્માના
પ્રભાવ પાસે કેટલી બધી
ઝાંખી છે, એની આ જ તો
સાબિતિ છે...
પુણ્યસમ્પન્નપ્રભાવ
કરતાં ગુણસમ્પન્નસ્વભાવ
કાયમ માટે ચડિયાતો હોય છે
એની આ પ્રચંડ
સાબિતિ છે...
વાંચી લો આ પંકિત...
**'અલખ નિરંજન વચ્છલુ**
**સકલ જંતુ વિસરામ લલના,**
**અભયદાન દાતા સદા**
**પૂરણ આતમરામ લલના...'**

હજારો શૂન્યને
ભેગા કરો.
એક જ શૂન્ય રહે !
અહંકારશૂન્ય હજારો
વ્યક્તિઓને ભેગી કરો,
એક જ અભિપ્રાય રહે !



ફૂલ પણ સાંજ પડયે કરમાય છે,
સૂર્ય પણ સાંજ પડયે અસ્ત થાય છે...
પણ પરમાત્મા ?
સદાને માટે સુવાસિત... સદાને માટે પ્રકાશિત...


# કોડિ કપટ જો કોઈ દિખાવે...

કપડા મેલા...
શરીર ગંદુ...
નાક લીટથી ભરેલું...
પગ ધૂળથી ભરેલા...
વાળ વેરવિખેર...:
આવો પણ બાબો
મમ્મીના પ્યારનો
વિષય બને જ છે...
મમ્મીના બાળક પ્રત્યેના
પ્યારમાં નથી તો
ગંદા કપડા પ્રતિબંધક બનતા
કે નથી તો વિષ્ટાથી ખરડાયેલા
અંગોપાંગ પ્રતિબંધક બનતા...
માત્ર 'એ બાબો મારો છે'
એ ભાવ જ એની મમ્મીને
એની કાળજી લેવા પ્રેરે છે...
સ્થિતિ તો આપણીય
આ બાળક જેવી જ છે...
ચિત્ત કષાયાવિષ્ટ છે...
મન દુશ્મનાવટથી સભર છે...
પરવશતા સંજ્ઞાઓની
જાલિમ છે...
મન પ્રલોભન આવતાં જ
ઢળી પડે તેવું નિઃસત્ત્વ છે...
હૃદય વાસનાની
ગંદકીથી ખરડાયેલું
અને ખદબદતું છે
અને છતાં પરમાત્માની
કરુણાદષ્ટિમાંથી આપણે

બાકાત નથી બન્યા...
કારણ કે એ તારકે
આપણને 'પોતાના'
માન્યા છે.
ગંદો, ગોબરો
બોબડો કે તોછડો
પણ બાબો 'મારો' છે
એ ભાવ મમ્મીના
હૃદયમાં છે
તો ક્રોધી, લોભી,
લંપટ કે ક્રૂર
તોય સેવક 'મારો' છે
એ ભાવ પરમાત્માના
હૃદયમાં છે...
પ્રશ્ન એ છે કે
મમ્મીના પ્યારનો
વિષય બનતો બાળક ગંદકીથી
મુક્ત થઈને શુદ્ધ બની જાય છે
તો પછી પરમાત્માના પ્રેમનો
વિષય બની ચૂકેલા આપણે
હજી સુધી શુદ્ધ કેમ નથી
થઈ શકયા ?
એક જ કારણ લાગે છે...
મમ્મીને બાળક જેમ પોતાનો લાગે છે તેમ
બાળકનેય મમ્મી પોતાની લાગે છે...
ટોળામાં ૧૦-૧૫ સ્ત્રીઓ ઊભી હોય
અને બાળકને કોઈ ચીજની કે હૂંફની
જરૂર પડે તો એ બીજી સ્ત્રીઓ પાસે
ન જતાં સીધો પોતાની મમ્મી

પાસે પહોંચી જાય છે...
આ બાબતમાં આપણે થાપ ખાઈ
ગયા છીએ...
પરમાત્માએ તો આપણને પોતાના માન્યા જ છે
પણ આપણે હજુ સુધી પરમાત્માને 'આપણા'
નથી માન્યા...
સારા-નરસા પ્રસંગોએ ગમે તેનો
હાથ પકડવા આપણે તૈયાર થઈ જઈએ છીએ
પણ પરમાત્માનો હાથ પકડવા આપણે તૈયાર થયા નથી..
તૈયાર થતા નથી...
શુદ્ધ થવું જ છે ?
તો '**શ્રી નયવિજય વિબુધ પય સેવક,**
**વાચક જસ કહે સાચું જી ;**
**કોડી કપટ જો કોઈ દિખાવે,**
**પ્રભુ વિણ અન્ય નવિ રાચું જી...'**
આ નિશ્ચય
આપણેય જાહેર કરી દઈએ...
શુદ્ધિના ચમત્કારમાં
સહેજેય શંકા નહીં રહે...

મોતને કમુરતા
નથી નડતા એ જાણવા છતાંય
'ધર્મ તો ઘરડે ઘડપણે કરશું'
આવું બોલનારની
માનસિક દરિદ્રતા પર
દયા આવી જાય છે.




મા કહે છે, ગમે તેવો તોય બાબો મારો છે...
આપણે કહીએ, પ્રભુ! ગમે તેવો, તોય હું સેવક તારો છું...

# તું હી ભ્રાતા તું હી ત્રાતા...

ગુલાબજાંબુ
બનાવીને કે ખરીદીને
ખાવાની ક્ષમતા પ્રાપ્ત કરી ચૂકેલાને
ગટરમાં પડેલા ભાતના
દાણાનું આકર્ષણ ?
અસંભવ...
૫૦૦૦ સ્કવેર ફીટના આધુનિક ફર્નીચરથી
સજ્જ બનેલા બંગલામાં
રહેનારને ધારાવીની
ઝૂંપડપટ્ટીનું આકર્ષણ ?
અસંભવ...
વરસ દહાડે ૨૦ કરોડનું
ટર્ન-ઓવર કરનારને અને
એમાં ૨ કરોડનું માર્જિન મેળવનારને
રસ્તામાં પડેલા ૨-૪ રૂપિયાના
પરચુરણનું આકર્ષણ ?
અસંભવ...
સોનાની જરીવાળા વસ્ત્રો પહેરનારને
ચિંથરેહાલ વસ્ત્રોનું આકર્ષણ ?
અસંભવ...
પણ, પોતાની પાસે જે કાંઈ હોય
એના કરતાં બીજા પાસે જયારે
વધારે હોવાના સમાચાર વ્યક્તિને
સાંભળવા મળે છે ત્યારે
એનું મન કંપિત થવા લાગે છે...
અસંતોષની દિલમાં ઊઠતી
આગ એને બેચેન
બનાવી દે છે...
અને સંસારમાં આ વિસંવાદ
સદાનો ચાલ્યો જ આવે છે...
કો'ક રૂપમાં આગળ છે
તો કો'ક સંપત્તિમાં આગળ છે...
કો'ક પદમાં આગળ છે
તો કો'ક ગુણમાં આગળ છે...
જેની પણ સાથે સંબંધ બાંધીએ છીએ
એ વ્યક્તિ કરતાં બીજામાં કંઈક વિશેષ જોવા મળે છે
ત્યારે મન ઉદ્વિગ્ન બની જ જાય છે...
આપણું પુણ્ય
પહોંચતું ન હોય,
બીજાનું પુણ્ય પણ
પ્રચંડ ન હોય અને
એના કારણે મન બેચેન રહેતું હોય તો
એનાથી મુક્ત થવાનો એક જ
ઉપાય છે...
રૂપમાં, સંપત્તિમાં,
પદમાં, ગુણમાં જે
પરાકાષ્ટાએ પહોંચ્યા હોય
એને જ આપણા
જીવનના આરાધ્ય
બનાવી દેવા...
પછી ન બીજાની ઈર્ષ્યા થાય
કે ન બીજાનું આકર્ષણ થાય.
કોને આરાધ્ય બનાવવા
એમ પૂછો છો ?
એનો જવાબ છે, કરૂણાસાગર ત્રિલોકનાથ
અરિહંત પરમાત્માને !
**કોડિ દેવ મિલ કે ન કર શકે,**
**એક અંગુષ્ટ રૂપ પ્રતિછંદા ;**
**એસો અદ્‌ભુત રૂપ તિહારો,**
**બરસત માનું અમૃત કે વૃંદા...**
આ છે રૂપની પરાકાષ્ટા...
**એ ઠકુરાઈ તુજ કે**
**બીજે નવિ ઘટે રે લોલ...**
આ છે સંપત્તિની પરાકાષ્ટા...
**તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ**
**સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ...**
આ છે પદની પરાકાષ્ટા
અને
**એક એક પ્રદેશ તાહરે,**
**ગુણ અનંતનો વાસ છે...**
આ છે ગુણની પરાકાષ્ટા...
બોલો, છે હવે
પરમાત્માને છોડીને બીજા
કોઈને આરાધ્ય બનાવવાની જરૂર ?
ના... ના... ના...

ઘરમાં પિતાનું સ્થાન
'મસ્તક'નું છે
જ્યારે માતાનું સ્થાન
'હૃદય'નું છે...
મસ્તક
ઘર ચલાવે છે જ્યારે
હૃદય
ઘર ટકાવે છે.



બધેય અપૂર્ણતા છે...
પૂર્ણ બનવા માટે પૂર્ણના શરણે ગયા વિના આરોવારો નથી...

# નિશદિન તોરા ગુણ ગાઉં રે...

મૂડી એક પૈસાની ન હોય
અને મનમાં બિરલાની હરોળમાં
બેસવાની ઘેલછા જાગી જાય કો'કને,
તો લોકો એને પાગલખાનામાં મૂકી આવે...
આખા શરીરે
લકવા લાગી ગયો હોય,
જીભ માત્ર થોડું થોડું બોલી શકતી હોય
અને એ વ્યક્તિ હિમાલયના શિખરો
સર કરવાની વાતો કરવા લાગે તો
એની વાતોને લોકો હસી જ કાઢે...
કેન્સરના છેલ્લા તબક્કાની વેદના
ભોગવી રહેલો ૨૫ વરસનો
યુવક જિંદગીના ૧૦૦ વરસ પુરા
કરવાની વાત રજુ કરે તો લોકો
એના પ્રત્યે માત્ર સહાનુભૂતિ જ બતાવે...
વાસનાથી ગ્રસ્ત થયેલો,
કષાયોથી ત્રસ્ત થયેલો,
સંજ્ઞાઓને પરવશ બનેલો,
કાવાદાવાઓથી ઘેરાઈ ગયેલો
કોઈ આત્મા કેવળજ્ઞાની બનવાની
વાતો કરવા લાગે,
ગુણવાન શિરોમણિ
બનવાની ભાવના
વ્યક્ત કરવા લાગે
તો આપણે કદાચ એને હસી કાઢીએ,
કદાચ એની મશ્કરી કરીએ,
કદાચ એને પાગલ પણ ઠેરવીએ
પણ અનંતજ્ઞાનીઓ કહે છે કે
આવી વાત
કરનાર વ્યક્તિ
મશ્કરીને પાત્ર નથી
પણ વિચારણાને પાત્ર છે.
એની મશ્કરી કરતા પહેલા
એને સહેજ પૂછી લેજો કે
'દોસ્ત, દોષો તારામાં અનંતા છે
અને તું ગુણવાન શિરોમણિ
બનવાની ભાવના વ્યક્ત કરે છે ?'
તો એ તમને
જવાબ આપશે કે
'વગર મૂડીએ
બીરલાની હરોળમાં
ન બેસી શકાય એ વાત સાચી છે...
લકવાગ્રસ્ત શરીરે
હિમાલયના શિખરો સર ન કરી શકાય
એ વાત પણ સાચી છે...
કેન્સર મટયા વિના
જિંદગીની શતાબ્દિ ન ઉજવી શકાય
એ વાત પણ સાચી છે
પણ,
આધ્યાત્મિક જગતની
આખી વાત જુદી છે...
ત્યાં દોષોને કાઢવા માટે દોષો પાછળ જ
પડી જવું પડે એવો કોઈ કાયદો નથી...
શરીર પર ચોંટી ગયેલા
મેલને દૂર કરવા જેમ પાણીની ધાર પણ
અકસીર ઈલાજ છે તેમ
આત્મા પર લાગેલા દોષોને
દૂર કરવા પરમાત્માના ગુણોનું ઉત્કીર્તન
એ પણ એક રામબાણ ઈલાજ છે...
આ વાત
મારા ભેજામાંથી નથી નીકળી પણ પૂજયપાદ
મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સ્તવનમાંથી
મેં શોધી કાઢી છે... એ મહાપુરુષ ફરમાવે છે કે
**'તુમ ગુણ ગણ ગંગા જળે,**
**હું ઝીલી નિર્મળ થાઉં રે ;**
**અવર ન ધંધો આદરું,**
**નિશદિન તોરા ગુણ ગાઉં રે...**
**ગિરુઆ રે ગુણ તુમ તણા...'**
બોલો, છું ને હું સાચો ?
ગુણવાન શિરોમણિ બનવાની ભાવના મારી
સાકાર થાય તેવી છે ને ?
ધ્યાન અરિહંતનું... નામ અરિહંતનું...
ગાન અરિહંતનું...
તાન અરિહંતનું... બરાબર ?

હૃદય જ્યારે પહોળું થાય છે
ત્યારે મોત આવે છે એમ
આજના ડૉક્ટરો કહે છે...
હૃદય જ્યારે વિશાળ બને છે
ત્યારે પાપોનું મોત થાય છે
એમ
અનંતજ્ઞાનીઓ કહે છે.



ગંગાનું પાણી શરીર સ્વચ્છ કરે છે...
ભક્તિની ગંગા આત્માને નિર્મળ કરે છે...

# હું છું સેવક ભવોભવ તાહરો...

મેળામાં પોતાની મમ્મીની આંગળી
પકડીને ચાલતા બાળકના મુખ પરની
પ્રસન્નતા કયારેય જોઈ છે ?
હજારો માણસોની ભીડ,
વસ્તુઓના
જાતજાતના અને ભાતભાતના સ્ટોલ,
કયાંક ફુગ્ગાવાળો દેખાય
તો કયાંક રમકડાવાળો દેખાય,
કયાંકથી ભેળની બૂમ સંભળાય
તો કયાંકથી આઈસ્ક્રીમની બૂમ સંભળાય
બાળકની નજર કદાચ બધેય જાય,
કયાંક કો'ક ચીજ લેવા
એ દોડી પણ જાય
પણ મમ્મીની આંગળી તો એ પકડી જ રાખે...
અજાણતાય ન છૂટી જાય
એની ખાસ તકેદારી રાખે...
કારણ ?
બીજી બધી બાબતોનો એને
કદાચ ખ્યાલ ન હોય તોય એક બાબતનો
તો એને ખ્યાલ હોય જ છે કે
સલામતી આ આંગળી પકડી
રાખવામાં જ છે.
સામેથી દોડી આવતી ગાયથી બચાવવાનું
કામ મમ્મી કરે છે તો બાવાથી
દૂર રાખવાનું કામ પણ મમ્મી જ કરે છે...
બિસ્કિટ પણ મમ્મી જ અપાવે છે
તો રમકડા પણ મમ્મી જ અપાવે છે.
બસ, આ ખ્યાલે એ સતત
પોતાની મમ્મીને વળગેલો રહે છે...

ચારગતિરુપ આ સંસારના મેળામાં
આપણી સ્થિતિય આ બાળક
જેવી જ છે.
અબૂઝ છીએ
એટલે એક બીજુ હિતાહિતનો આપણને
ખ્યાલ નથી તો
સામી બાજુ પ્રલોભનોનો કોઈ પાર નથી...
એ પ્રલોભનોમાં
આપણે ખેંચાઈ જઈએ
એવીય શકયતા છે તો આપણી
અજ્ઞાનદશાનો લાભ ઊઠાવીને
આપણને કોઈ ખેંચી જાય
એવીય શકયતા છે...
આ સંભવિત અપાયોથી
બચવાનો એક જ ઉપાય છે,
પરમાત્માની આંગળી પકડી લેવી...
જયાં જવું હોય ત્યાં જઈએ,
જે જોવું હોય તે જોઈએ
પણ એ તારકની આંગળી
તો એકપળ માટેય ન છૂટી
જાય એની ખાસ
તકેદારી રાખવામાં
લેશ થાપ ન ખાઈએ...
અને મહત્ત્વની વાત...
પરમાત્મા આજે જયારે આપણી
સાથે છે જ ત્યારે આપણે એમને જ
કહી દઈએ કે
'પ્રભુ ! હું તો બાળક છું...
લાચાર, કમજોર, અજ્ઞાન !

પ્રલોભનોમાં ખેંચાઈ જઈને હું
કદાચ આપની આંગળી છોડી બેસું
તોય આપ ભૂલેચૂકે મને છોડી દેતા નહીં...
છોરુ-કછોરુ થાય પણ,
માવતર-કમાવતર ન થાય
એનો આપને કયાં ખ્યાલ નથી ?
બસ, આપ આપનું કર્તવ્ય બજાવવામાં
પાછીપાની ન કરશો ! પછી તાકાત
નથી આ મેળાના કોઈ દૃશ્યની કે
મેળાની કોઈ વસ્તુની કે જે
મારા જીવન માટે જોખમી
પુરવાર થાય...
પ્રાર્થના તો
મારીય આ જ છે કે,
'તે માટે તું સાહિબ માહરો,
હું છું સેવક ભવોભવ તાહરો ;
એહ સંબંધમાં મ હોજો ખામી,
વાચક માન કહે શિરનામી...'

ધર્મ કહે છે.
'શ્રદ્ધા જ ન હોય
તો ભગવાન દેખાય
શી રીતે ?'
વિજ્ઞાન કહે છે,
'દેખાય જ નહીં
તો ભગવાન પર
શ્રદ્ધા જામે શી રીતે ?




મમ્મીની આંગળીએ બાળક સલામત...
પ્રભુના ચરણે ભક્ત સલામત...

# રાગથી વૈરાગ્ય...

વિષ્ટાના આકર્ષણથી
બાળકને છોડાવવો છે ?
એના હાથમાં ચોકલેટ
પકડાવી દો...
ગુડરાબના ટેસથી
ગામડીયાને છોડાવવો છે ?
એના મોઢામાં ગુલાબજાંબુ
મૂકી દો...
ભાંગેલી
ખુરસી પર બેઠેલાને ત્યાંથી
ઉઠાડવો છે ? એની સામે
સોફાસેટ મૂકી દો...
હાથમાં પકડેલી
બોલપેન એની પાસેથી છોડાવવી છે ?
પાર્કરપેન એને બતાવી દો...
વ્યવહારમાં
રોજેરોજ આ બધું બનતું જ જાય છે...
વધારે આકર્ષક ચીજ સામે આવતા જ
ઓછી આકર્ષક ચીજ કોઈપણ જાતના
તનાવ વિના છૂટી જાય છે...
આ વાસ્તવિકતા આધ્યાત્મિક જગતમાં
પણ એટલી જ લાગુ પડે છે.
સમર્થ શાસ્ત્રકાર પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રી હરીભદ્રસૂરીશ્વરજી મહારાજે વિરાગની
પ્રાપ્તિ માટે ખૂબ સુંદર સૂત્ર આપ્યું છે...
**अनुरागात् विरागः** અનુરાગથી વૈરાગ્ય...
કોઈપણ વસ્તુથી મુક્ત થવાના બે ઉપાયો છે...
જે વસ્તુથી મુક્ત થવું છે એ વસ્તુની
ભયંકરતા જાણી લેવી અને એ વસ્તુને
છોડી દેવી એ પહેલા નંબરનો ઉપાય છે...
જ્યારે એ વસ્તુ કરતાં વધુ આકર્ષક વસ્તુ નજર
સામે આવતા એ વસ્તુ છૂટી જાય એ બીજા નંબરનો
ઉપાય છે.
ત્યાગને તનાવમુક્ત, આનંદયુક્ત અને સ્થિર
બનાવવાની તાકાત પહેલા નંબરના ઉપાય
કરતા બીજા નંબરના ઉપાયમાં વધુ છે.
જગતના પદાર્થોના
રૂપના આકર્ષણથી
મુક્ત થવું છે ?
પરમાત્માના ત્રિલોકવિજેતા રૂપને
નજર સામે લાવો.
ધનવાન પ્રત્યેના
આકર્ષણથી છૂટવું છે ?
પરમાત્માના પ્રચંડ બાહ્ય-આભ્યંતર
વૈભવને નજર સામે લાવો...
વાસનાની નાગચૂડમાંથી
મુક્ત થવું છે ?
ઉપાસનાથી અનુભવાતી મસ્તીને
સતત નજર સામે રાખો...
સંસારના આકર્ષકમાં આકર્ષક પદાર્થો
છોડીને પરમાત્મા પાછળ પાગલ
બની ગયેલાઓએ જિંદગીમાં ફરી પાછી
ક્યારેય એ પદાર્થો તરફ નજર પણ
નથી નાખી એની પાછળ આ જ
ગણિત કામ કરી ગયું છે.
જે છોડયું છે
એના કરતાં વધારે આકર્ષક મેળવ્યું છે...
જે છૂટયું છે
એના કરતાં વધારે આકર્ષક મળ્યું છે..
પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજની
આ પંક્તિઓ પણ
એ જ વાત કરે છે...
**'જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,**
**બીજા રે રસ તેહને મન નવિ ગમે જી;**
**ચાખ્યો રે જેણે અમી લવલેશ,**
**બાકસ બુકસ તસ ન રૂચે કીમેજી...'**
વીતરાગતા મેળવવી છે ? વૈરાગ્ય કેળવવો પડશે...
વૈરાગ્ય પામવો છે ? અનુરાગ કેળવવો પડશે...
કેટલી ગજબનાક વાત ?
છઠ્ઠે પગથિયે પગ મૂકો, પાંચમું પગથિયું છૂટી જશે...
પરમાત્મા પર રાગ કેળવો,
સંસારનો રાગ ભસ્મીભૂત થઈ જશે.

'આટલા બધા જીવો
સતત દુઃખોના ભાર નીચે
કેમ જીવતા હશે ?'
'જરૂરિયાતોને
પુરી કરવાને બદલે
ઈચ્છાઓને પુરી કરવાના
તેઓ પ્રયત્નો કરે છે માટે !




પ્રભુ ! તને નિહાળ્યા પછી બીજે ક્યાંય
ચિત્ત જામતું નથી...

# તેરે વિરહ સે મૈં દુઃખ પાયો...

બેચેનીનો અનુભવ
આ સંસારમાં કેટલો બધો
સુલભ છે ?
ચા ઠંડી આવે...
રાતના ઉંઘ ન આવે...
મિત્રો બેવફા નીવડે...
શરીર રોગગ્રસ્ત બની જાય...
આશ્રિતવર્ગ ઉપેક્ષા કરે...
મન બેચેન !
ડગલે ને પગલે
અપેક્ષા તૂટતી જાય
અને દરેક તૂટતી અપેક્ષા
મનને તોડતી જાય...
મનની આ બેચેની
ક્યારેક કર્કશ શબ્દો દ્વારા વ્યક્ત થઈ જાય
તો ક્યારેક આંસુઓ દ્વારા પ્રગટ થઈ જાય...
પણ દુઃખ એ વાતનું છે કે
આ બેચેની આત્માને નિઃસત્ત્વ
બનાવવા સિવાય બીજું કાંઈ જ કરતી નથી...
કારણ કે
એ બેચેનીના કેન્દ્રમાં
રહેલ તત્ત્વો મલિન, સ્વાર્થી,
અધમજનસુલભ, ક્ષણતુષ્ટિદાયક,
ઈહલૌકિક, બહિર્મુખી
હોય છે...
પુણ્યહીનતાના
કારણે ઊભી થયેલી
એ બેચેની હોય છે...
આવી બેચેની
આત્માને નિઃસત્ત્વ જ
બનાવે એમાં લેશ આશ્ચર્ય નથી...
તો શું બેચેની પણ
આ જગતમાં કંઈક
નક્કર સર્જન
કરી શકે તેમ છે
એમ કહેવું છે ?
હા...
કલ્પનાતીત ચમત્કારો
સર્જવાની તાકાત પડી છે
બેચેનીમાં,
જો એનો વિષય
ફરી જાય તો !
પુણ્યહીનતાજન્ય બેચેનીનું
સ્થાન જો ગુણહીનતાજન્ય
બેચેની લઈ લે તો
અનંતકાળના સંસાર પરિભ્રમણમાં
ક્યારેય ન સર્જાયા હોય
તેવા ચમત્કારો સર્જવાની
પુરી શક્યતા છે.
પ્રભુવીરના વિરહ
પાછળ ઈન્દ્રભૂતિ ગૌતમે
અનુભવેલી બેચેનીએ જ
એમને કેવળજ્ઞાનની
ભેટ ધરી હતી ને ?
ચંદનબાળાની આંખમાંથી
વહી ગયેલા આંસુઓએ જ
પ્રભુવીરના ઘોર અભિગ્રહની
પૂર્તિ કરી હતી ને ?
સંસાર પરિભ્રમણના શેષકાળમાં
સદાય હસતા રહેવું છે ?
તો એક જ કામ કરતા રહો...
પ્રભુવિરહે રડતા જાઓ...
પેલી મીરા બોલી છે,
જબ સે તુમ બિછડે પ્રભુ મોરે,
તબહુ ન પાયો ચૈન...
પેલા આત્મારામજી મહારાજ
પણ બોલ્યા છે
'હું બાળક શરણાગત તેરો
મુજકું કયું બિસરાયો,
તેરે વિરહસે મૈં દુઃખ પાયો,
કર મુજ આતમરાયો...'
આપણેય આજ કામ કરીએ...
રડીએ ખરા પણ પ્રભુવિરહે, ગુણવિરહે, સમાધિવિરહે...
ન્યાલ થઈ જશું.

પ્રતિકૂળ પ્રસંગોની
વધુ પડતી
યાદ,
ફરીયાદમાં
પરિણમ્યા વિના
રહેતી નથી...




વિરહના રૂદન વિના મિલનનો આનંદ
છે જ ક્યાં ?

# પણ મુજ ચિત્તમાં તું હી જો નિત વસે...

નોકરના મનમાં શેઠ પ્રત્યે
ગમે તેટલી જોરદાર લાગણી હોવા છતાં
જો શેઠના મનમાં નોકર પ્રત્યે લાગણી
ન હોય તો એનો પગાર વધવાની
સંભાવના લગભગં નથી...
દીકરાના મનમાં બાપ પ્રત્યેનો
સદ્ભાવ ગમે તેટલો જોરદાર હોવા છતાં
બાપને જો દીકરા પર
લાગણી ન હોય તો દીકરો
બાપ પાસેથી ઈચ્છિત વસ્તુઓ
મેળવી શકતો નથી.
વિદ્યાર્થીના મનમાં
શિક્ષક પ્રત્યે ભરપુર
આદર હોવા છતાં શિક્ષકના
મનમાં વિદ્યાર્થી પ્રત્યે જો
આકર્ષણ ન હોય તો વિદ્યાર્થી
શિક્ષક પાસેથી કોઈ વિશિષ્ટજ્ઞાન
મેળવી
શકતો નથી...
હા...
કયારેક આનાથી
સાવ વિપરીત જોવા જરૂર
મળતું હોય છે...
નોકરને શેઠ પ્રત્યે લાગણી નથી
પણ નોકર પ્રત્યે શેઠને લાગણી છે
એટલે વગર માંગણીએ એનો
પગાર વધી જાય છે...
દીકરાના મનમાં
બાપ પ્રત્યે આદર નથી પણ
દીકરા પ્રત્યે બાપને લાગણી છે
એટલે વગર માંગ્યે બાપ દીકરાની
જરૂરિયાતો પુરી કરતો
રહે છે...
વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે
એવો કોઈ લગાવ નથી
પણ શિક્ષકને વિદ્યાર્થી પ્રત્યે
લાગણી છે એટલે સમજાવટથી
કામ લઈનેય એ વિદ્યાર્થીને
જ્ઞાનદાન કરતા રહે છે.
પરંતુ
આધ્યાત્મિક જગતની વાત
આખી જુદી છે...
ભગવાનના દિલમાં
ભક્તનો વાસ ન હોય તોય
ભક્ત પોતાના દિલમાં ભગવાનને
વસાવીને પોતાનું ઈચ્છિત
આસાનીથી મેળવી શકે છે
તો ભગવાનની અપાર કરૂણા
વરસવા છતાં આત્મા જો એ કરૂણાને
ઝીલવા તૈયાર ન હોય તો
અપાર કરૂણાવર્ષ છતાં
એ આત્મા લેશ
ઈચ્છિત પ્રાપ્ત
કરી શકતો નથી...
આં ભારે ગંભીર વાસ્તવિકતા છે...
કઠોર પણ નોકર,
નઠોર પણ દીકરો
ઠોઠ પણ વિદ્યાર્થી એ ત્રણેય માત્ર પોતાના
વડિલની રહેમનજરથીય આગળ આવી શકે છે
જયારે
ધર્મ માર્ગે સફળતા મેળવવા માટે કેવળ
પરમાત્માની રહેમનજર જ નહીં, પરમાત્મા
પ્રત્યેના આપણા સદ્ભાવની પણ એટલી જ
અપેક્ષા રહે છે.
આપણા જીવનની નિષ્ફળતાનું વિશ્લેષણ કરીએ તો
આપણને સ્પષ્ટ ખ્યાલ આવી જાય તેમ છે કે
પરમાત્માની કરૂણાવર્ષા તો ચાલુ જ છે,
આપણે એને ઝીલવામાં નિષ્ફળ
ગયા છીએ.
વાંચી છે ને આ પંકિત ?
**तव चेतसि वर्तेऽहमिति वार्ताऽपि दुर्लभा ॥**
**मच्चित्ते वर्तसे चेत्वमलमन्येन केनचित् ॥**
**તાહરા ચિત્તમાં દાસ બુદ્ધે સદા હું વસું એહવી વાત દૂરે,**
**પણ મુજ ચિત્તમાં તુંહી જો નિત વસે,**
**તો કિશું કીજીએ મોહ ચોરે...**
સો વાતની એક વાત,
આપણે એકલવ્ય બનવાનું છે...
દ્રોણાચાર્યની કૃપા નિશ્ચિત્ત છે.

યોગીઓ
સ્મશાનમાંથી
મુક્તિમાં જઈ રહ્યા છે...
ભોગીઓ
ઘરમાંથી
સ્મશાનમાં જઈ રહ્યા છે.




નોકર જો શેઠના દિલમાં, તો નોકર ન્યાલ !
ભગવાન જો ભકતના દિલમાં,તો ભકત ન્યાલ !

# ભવસાયરમાં સેતુ લલના...

સાગરના એક કિનારેથી
બીજે કિનારે જવા માટેનું
શ્રેષ્ઠ અને પાછું સલામત
એવું સાધન કયું ?
હોડકું ?... ના રે ના...
પવનની એકાદ જોરદાર થપાટ,
અને એના પાટીયા જુદા...
વહાણ ?... ના ભાઈ ના...
છેક કિનારા સુધી એ લાંગરે નહીં...
માણસો અને ઢોરો સિવાયના બીજા કોઈ
જીવો એમાં મુસાફરી કરી શકે નહીં...
અને તોફાનનો ભય તો એનેય ખરો...
સ્ટીમર ?... ના...
પૈસા ચુકવવાની
તાકાત અને તૈયારી ન હોય તો
એમાં બેસવાની તક ન મળે... અને
ભયંકર વાવાઝોડામાં એનીય સલામતી
શંકાસ્પદ તો ખરી જ...
ભરદરિયે ચાંચીયાઓના એના પરના
આક્રમણનીય શકયતા ખરી...
બાહુબળ ?... ભૂલી જાઓ એને...
મગરમચ્છ વગેરે જળચર જીવોના
આક્રમણનો સતત ઝળુંબતો ભય,
વાવાઝોડું, વરસાદ વગેરે તકલીફોની
સંભાવના... ના... લગભગ એમાંથી
હેમખેમ ઉગરી જવું મુશ્કેલ...
તો ?
એક જ માધ્યમ
સલામત
છે...
અને એ છે પુલ...
ન એને તોફાન નડે કે ન એને વાવંટોળ નડે...
ન એના પર ચાલવા માટે પૈસા આપવા પડે
કે ન કોઈની ખુશામત કરવી પડે...
માણસ પણ એના પર ચાલી શકે તો
વાઘ પણ ચાલી શકે... કીડી પણ
એનો ઉપયોગ કરી શકે તો
કૂતરોય એના દ્વારા મજેથી
સામે કિનારે પહોંચી શકે...
ન તમારે
સાથે પાણી રાખવું પડે
કે ભોજન રાખવું પડે !
સાગર જેવો છે આ સંસાર
અને
પહોંચવું છે
આપણે સામે પાર...
નથી
આપણો પુરુષાર્થ કામ લાગે તેવો
કે નથી બીજી કોઈ સાધનાઓ
કામ લાગે તેવી...
પૂજયપાદ ઉપાધ્યાયજી
મહારાજ પણ આ જ વાત કરે છે,
**તપ જપ મોહ મહાતોફાને,**
**નાવ ન ચાલે માને રે.**
તો પછી કરવું શું ?
એક જ ઉપાય છે...
સેતુ સમાન પરમાત્માનો
આપણે હાથ પકડી લઈએ...
સઘળાય જીવોને તારવાને
એ તારક સમર્થ છે
તો આ જગતનો નાનામાં
નાનો જીવ પણ એમને
આરાધી શકે છે...
સેતુ જેમ પરસ્પર વિરોધીઓનેય
એક જગ્યાએ ભેગા કરે છે તેમ
પરમાત્મા પણ ધર્મી-અધર્મી, ક્રોધી-ક્ષમાવાન,
ક્રૂર-દયાવાન, લોભી-સંતોષવાન
વગેરે સહુને ભેગા કરે છે...
આટલા સમર્થ અને
તાકાતવાન પરમાત્માના શરણ સ્વીકારની સુવર્ણતક
આપણને જયારે મળી જ ગઈ છે
ત્યારે એ તકને ઝડપી લેવામાં
લેશ પ્રમાદ કરવા જેવો નથી...
**શ્રી સુપાર્શ્વજિન વંદીએ,**
**સુખ સંપત્તિનો હેતુ લલના...**
**શાન્ત સુધારસ જલનિધિ**
**ભવસાયરમાં સેતુ લલના...**
આવો, પહોંચી જઈએ સેતુ પાસે
અને બની જઈએ સલામત કાયમ માટે.

> આ દુનિયામાં
> મોટા માણસો તો ઘણાં મળે છે...
> સારા માણસોય
> કયાંક મળી જાય છે.
> પણ મોટા માણસો સારા હોય
> એવાને તો
> શોધવા નીકળવું પડે તેમ છે.



બોંબ, કોઈપણ જાતના ભેદભાવ વિના બધાયને મારે...
પ્રભુ, કોઈપણ જાતના ભેદભાવ વિના બધાયને તારે...

# ત્રાણ શરણ તું જગધણી રે...

શરીરની ચામડી પર
પડી ગયેલા સફેદ દાગ...
ફૂટી ગયેલી એક આંખ...
વળી ગયેલા બન્ને પગ...
કપાઈ ગયેલી આંગળી...
લબડી ગયેલા કાન...
ચિંથરેહાલ વસ્ત્રો,
તૂટેલું ડબલું,
સડી ગયેલી ચાદર...
રોગ અને દરિદ્રતાની
જાણે કે સાક્ષાત મૂર્તિ!
ગમે તેવા કઠોર હૃદયવાળાની નજર પણ
આવી વ્યક્તિ પર પડે તો એના મનમાં
કરૂણા ઉત્પન્ન થયા વિના ન જ રહે...
અને ઉત્પન્ન થયેલી એ કરૂણા
એ વ્યક્તિના દુઃખનાશ માટે
શક્તિ અનુસાર પણ સક્રિય બને જ!
તો પછી પ્રશ્ન એ છે કે
મહાકરૂણાવંત અરિહંત પરમાત્માની
કરૂણા આપણા પર હજી સુધી
સક્રિય કેમ નથી બની?
એક દોષ એવો નથી
કે જે આપણામાં ન હોય...
એક પાપ એવું નથી
કે વિરાટ અનંતકાળના સંસાર પરિભ્રમણમાં
આપણે સેવ્યું ન હોય...
બધી બાજુથી બધું
સડી ગયું છે... અને છતાં
આપણે પરમાત્માથી
સતત ઉપેક્ષિત થતા આવ્યા છીએ
એ હકીકત છે...
બ્લડ કેન્સરની અસર
કદાચ શરીર પર ન દેખાતી હોય એ બને
પણ એનો ભોગ બનેલો
દર્દી જેમ સતત અંદરથી
ખતમ થતો જતો હોય છે
તેમ
દંભના કારણે અંદરમાં રહેલા
દોષો જીવનમાં પ્રગટ રૂપે ભલે દેખાતા
ન હોય પણ આપણે અંદરથી
સતત તૂટી રહ્યા છીએ એની
અનુભૂતિ આપણને
ક્યાં નથી?
અને
એ અનુભૂતિની
પરમાત્માને જાણ જ નથી
એવુંય ક્યાં છે?
તો પછી આમ કેમ?
ફરીયાદ કરવા જેટલી પણ
સમજણ અને તાકાત ગુમાવી
બેઠેલા દર્દી પાસે ડૉક્ટરે જેમ
સામે ચડીને જવું જોઈએ
તેમ વિવેકભાન ગુમાવી
બેઠેલા આપણી પાસે
પરમાત્માએ સામે ચડીને જ
આવવું જોઈએ એવું નથી લાગતું?
આમાં આશ્ચર્ય એ છે કે
આ જગતમાં સૌથી વધુમાં વધુ
કરૂણાવાન પરમાત્મા છે... અને એ પોતે
જાણવા છતાં, સમજવા છતાં
આપણી ઉપેક્ષા કરે છે...
કે જે એમના જેવા
પરહિતનિરત માટે
સંભવિત નથી...
લાગે છે કે
આપણામાં જ કાંક ખૂટે છે...
ખેર,
આપણે તો પેલા ઉપાધ્યાય વિનયવિજયજી
મહારાજે જે ફરીયાદ કરી છે એ જ
ફરીયાદ કરવાની જરૂર છે... આજે નહીં તો
કાલેય પરમાત્માની નજર આપણા પર
પડશે અને આપણું કામ થઈ જશે...
**'તુમે છો દયાસમુદ્ર રે, તો મુજને દેખી**
**દયા કયે નથી આણતા રે,**
**અવર ન કો આધાર રે, જગમાં તુમ વિણા,**
**ત્રાણ શરણ તું જગધણી રે...'**

આજના કાળે મકાનો
રોજેરોજ
ઊંચા થતા જાય છે
અને એમાં
રહેનારા માણસો
રોજેરોજ
નીચા થતા જાય છે.



પ્રભુ ! તારી કરુણાના વિષયમાંથી
હું જ કેમ બાકાત રહી ગયો ?


# જિનમાતા શું જે ધરે ખેદ...

પરમાત્મા ઋષભદેવ ભગવંતની
માતાનું નામ છે મરુદેવા અને
પરમાત્મા પાર્શ્વનાથ ભગવંતની
માતાનું નામ છે વામાદેવી પણ
અતીતમાં થઈ ગયેલા અનંતા,
અનાગતમાં થનારા અનંતા અને
વર્તમાનમાં વિચરતા વીસ
તીર્થંકર ભગવંતોની માતાનું નામ શું છે
એ ખ્યાલમાં છે ?
હા...
એ માતાનું નામ છે
કરૂણા...
જગતના જીવમાત્ર પ્રત્યે
કરૂણાથી પરિપ્લાવિત બનેલ
હૃદયમાં તીર્થંકર નામકર્મનો
જન્મ થયો છે.
એક પણ જીવને
એ તારકે પોતાની કરૂણામાંથી
બાકાત નથી રાખ્યો...
પાત્ર-અપાત્ર, ભવિ-અભવી,
પાપી-ધર્મી
સહુ બન્યા છે
એ તારકની
કરૂણાના વિષય...
અને એમાંથી
ઉદ્‌ભવ્યું છે તીર્થંકર નામકર્મ !
પાર્શ્વનાથ પંચકલ્યાણકની
પૂજાની ચોથી ઢાળમાં
એક સરસ પંક્તિ આવે છે...

**'કોડી બત્રીસ રત્ન રુપૈયા,**
**વરસાવી ઈન્દ્ર ઉચ્ચરીયા**
**જિન માતા શું જે ધરે ખેદ,**
**તસ મસ્તક થાશે છેદ...'**
મરુદેવા કે વામાદેવી માટે તો આપણે
અશુભ નથી જ ચિંતવવાનું
પણ સહુ તીર્થંકર ભગવંતોની ભાવમાતા
કરૂણાની અવગણના પણ નથી કરવાની આપણે...
જો એની ઉપેક્ષા કરી,
જીવો પ્રત્યેના વાત્સલ્યભાવને ગુમાવ્યો,
એક પણ જીવ પ્રત્યેના
દુર્ભાવને અંતરમાં સ્થાન આપ્યું,
મૈત્રીના વિષયમાં
અલ્પ પણ, બાંધછોડ કરી,
આપણું મસ્તક ઊડયું જ સમજો.
યાદ રાખજો,
પરમાત્મા પ્રત્યે દુર્ભાવ ન કેળવવો
બિલકુલ સરળ છે પણ પરમાત્માએ
જગતના તમામ જીવો પ્રત્યે જે સદ્‌ભાવ
કેળવ્યો છે એ સદ્‌ભાવ જાળવી
રાખવો અત્યંત મુશ્કેલ છે.
અનંતકાળના
સંસાર પરિભ્રમણમાં
આપણે આ ભૂલ એકવાર નહીં.
અનેકવાર કરી છે.
આપણા સ્વાર્થમાં
પ્રતિબંધક બનનાર, આપણી
અપેક્ષા વિરુદ્ધ વર્તન કરનાર,
આપણને હલકા ચીતરનાર

જીવો પ્રત્યે આપણે
ઠાંસી ઠાંસીને દુર્ભાવો
કેળવ્યા છે અને
એના ફળસ્વરૂપે
એક-બે વાર નહીં, અનંતીવાર
કર્મસત્તાએ આપણને નરક-નિગોદાદિમાં
ધકેલી દીધા છે...
એ અપાયોના
પુનરાવર્તનથી બચવું હોય તો
બન્ને બાબતોમાં સાવધ રહેવાનું છે...
નથી આશાતના કરવાની પરમાત્માની...
નથી અવગણના કરવાની જગતના જીવોની...
બેમાંથી એક પણ બાબતની
અવગણના-અનાદર કે ઉપેક્ષા એટલે
માથું ધડથી જુદું !
ના...
ઘણાં ભવો ભૂલો કરી... ઘણી વાર ભૂલો કરી...
હવે એક પણ વાર એ ભૂલ નહીં...
સલામતી પાકી.

શ્વાસના અંતવાળા મરણો
તો આજ સુધીમાં ઘણાં મળ્યા
પણ આશના અંતવાળું
એકાદ પણ મરણ જો
મળી જાય તો
મહાજીવનમાં પ્રવેશ થયા વિના
ન રહે એ નિશ્ચિત વાત છે.




પ્રભુ! તને જો ગમ્યા બધા,
તો મનેય ગમે બધા!

# એ જિનધ્યાને કામક્રોધાદિક આસપાસ આવતા અટકે

કલ્પસૂત્રમાં
પરમાત્મા મહાવીરદેવના
જીવન ચરિત્રમાં આવતી
એક અતિ મહત્ત્વની અને
માર્મિક વાતનો ખ્યાલ છે ?
પરમાત્માનો
આત્મા, માતા ત્રિશલાની
કુક્ષિમાં પધાર્યો અને એ જ દિવસથી
જે શત્રુઓ આજસુધીમાં વશ નહોતા થતા,
એ સામે ચડીને આવીને સિદ્ધાર્થ રાજાને વશ
થઈ ગયા...
અદ્ભૂત રહસ્ય પડ્યું છે
આ હકીકતમાં !
ક્રોધાદિ અંતરંગશત્રુઓનું
આપણા આત્મા પર
આધિપત્ય ક્યારનું ?
અનાદિકાળનું...
કોઈ ક્ષેત્રમાં કે
કોઈ કાળમાં એણે
આપણને દબાવવામાં
અને હેરાન કરવામાં બાકી નથી રાખી...
દુઃખો અને
દુર્ગતિઓની
વણઝાર એણે
આપણા લમણે
ઝીંકયે જ રાખી છે...
કો'ક
પનોતી પળે
એ લુચ્ચાઓને ખતમ કરી
નાખવા આપણે જંગી પુરુષાર્થ
પણ આદર્યો છે
પણ એ જંગમાં
આપણને સફળતા નથી મળી...
અત્યારેય
આપણી હાલત એવી જ છે...
આપણે પરાજિત છીએ...
એ વિજેતા છે...
અને એટલે જ
આપણે નાસીપાસ થઈ ગયા છીએ,
નાહિંમત બની ગયા છીએ...
નિરાશ થઈ ગયા છીએ...
પણ અનંતજ્ઞાનીઓ કહે છે
'દોસ્ત, એમ તું નાહિંમત થઈ જાય
એ ચાલતું હશે ? એ શત્રુઓને
ખતમ કરવા એમની સામે પડવાની
જરૂર જ નથી...
એ તો ખંધા શત્રુઓ છે...
એને બળથી નહીં.
કળથી પછાડવાના છે...
તને આજસુધીમાં
એ શત્રુઓને પછાડવામાં
સફળતા નથી મળી
એનું કારણ તેં એમની સામે
બળપ્રયોગ કર્યો ને એ છે...
પણ જો અમે તને કળ બતાવીએ છીએ...
એક કામ કર...
તારા મનમંદિરમાં
ત્રણજગતના નાથ અરિહંત પરમાત્માને
બિરાજમાન કરી દે...
ત્રિશલાની કુક્ષિમાં
પ્રભુવીરની પધરામણી
થતાં જ જો શત્રુઓ શરણે
આવવા લાગે તો
તારા દિલમાં પરમાત્માની પધરામણી
થતાં જ ક્રોધાદિ શત્રુઓ શું
શરણે નહીં આવે ?
વાતમાં માલ શું છે ?
વાંચી લે
એ વાતને પુષ્ટ કરતી આ પંકિત,
**"એ જિનધ્યાને કામ ક્રોધાદિક,**
**આસપાસ આવતા અટકે ;**
**કેવલનાણી બહુસુખદાણી,**
**કુગતિ-કુમતિને પટકે'**
ગગનને ગોખે સૂર્યનું આગમન
અને અંધકાર રવાના...
હૃદયના મંદિરે પરમાત્માનું આગમન
અને અંતરંગ શત્રુઓ રવાના !

આપણા
મનને માંજી દેનારો
આપણને દુશ્મન લાગે છે
જ્યારે
આંજી દેનારો
મિત્ર લાગે છે.




પરમાત્માની હૃદયમાં હાજરી,
કામ-ક્રોધાદિ પાપોની ગેરહાજરી...

# તું મુજ હૃદયગિરિમાં વસે...

ગુફામાં
મસ્તીથી બેઠો છે સિંહ...
બાજુમાં સિંહણ બેઠી છે...
અને એના બચ્ચાઓ
મજેથી ગુફામાં ઘૂમી રહ્યા છે...
એ ગુફાની
અંદર તો કોઈ પશુ આવતું નથી
પણ એની નજીકથી પસાર થવાની
હિંમત પણ કોઈ કરતું નથી...
હાથી જેવો હાથી પણ
જો એ ગુફામાં જવાની
હિંમત કરતો નથી
તો શિયાળ, સસલું, ગધેડો,
ઊંટ, પાડો, બળદ વગેરે તો
પેસવાની હિંમત કરે જ
ક્યાંથી ?
બિલકુલ આ સિંહ જેવા છે
પરમાત્મા !
પધારી જાય જો
આપણા હૃદયની ગુફામાં
તો તાકાત નથી
વિષય-કષાયની
કે આપણા
હૃદયના એક
ખૂણાનોય એ
કબજો જમાવી શકે.
પરમાત્મા જો સિંહ છે,
તો પવિત્રતા એ સિંહણ છે...
દયા-દાનાદિ ગુણો
એ સિંહબાળ છે...
અને આમાં
મજાની વાત એ છે કે
સિંહના આગમનની
સાથે જ
એનો પરીવાર
આવી જાય છે...
એમને પધરાવવા માટે
સ્વતંત્ર મહેનત
કરવી પડતી નથી.
એક વાત
ભૂલશો નહીં કે
આપણા માટે
આખા જગતમાં
સૌથી ઊંચામાં ઊંચું
અને સૌથી મહત્ત્વનું
કોઈ સ્થાન હોય તો
એ છે આપણું
પોતાનું હૃદય !
એ સ્થાનની
ખાસિયત એ છે કે
એ ક્યારેય ખાલી રહેતું નથી...
એમાં જો પરમાત્માની પધરામણી
ન કરો તો
ક્રોધાદિ કષાયો
પ્રવેશ્યા વિના રહેતા
જ નથી અને
એટલે જ એની
માવજત કરવામાં એકપળ પણ
બેદરકાર રહેવાય એવું નથી.
કામ-ક્રોધ-લોભ-મોહ રૂપી
બકરા, ગધેડા, ઊંટ, પાડાનો
હૃદયરૂપી ગુફામાં પ્રવેશ થતો
અટકાવવો છે ?
વરસોથી અડ્ડો જમાવીને
બેઠેલા એ સહુને બહાર
તગેડી મૂકવા છે ?
તો એક જ કામ કરો,
પરમાત્મારૂપી સિંહની
ત્યાં પધરામણી કરી દો...
પછી ?
**'તું મુજ હૃદયગિરિમાં વસે,**
**સિંહ જ્યું પરમનિરીહ રે,**
**કુમત માતંગના જૂથથી,**
**તો પ્રભુ મુજ કશી બીહ રે'**
આ ગર્જના
આપણેય કરી શકશું...

> પહેલો
> ઘૂંટડો મીઠો
> એ
> વાસનાની રીત છે...
> ખૂબ સાવધ રહેજો
> આ બાબતમાં !



જયાં બેઠક સિંહની, ત્યાં ગેરહાજરી અન્ય પશુઓની...
ત્યાં અનુપસ્થિતિ કષાયોની, જયાં ઉપસ્થિતિ પરમાત્માની..

# જબ જિનરાજ કૃપા કરે...

વાત તો ઘણી જુની છે
અને
આપણા સાંભળવામાંય
અનેકવાર આવી છે...
પરમાત્મા મહાવીરદેવનો આત્મા
ત્રિશલામાતાની કુક્ષિમાં
પધારતાની સાથે જ
સિદ્ધાર્થરાજાના ભવનમાં
ધન-ધાન્ય-હિરણ્ય-સુવર્ણ-રત્નો
વગેરેની વૃદ્ધિ થવા લાગી...
અને એ હિસાબે જ માતા-પિતાએ
પુત્રરત્નનું નામ એના ગુણોને અનુરૂપ
એવું 'વર્ધમાન' પાડવાનું
નક્કી કર્યું...
એ જ ક્ષત્રિયકુંડ,
એ જ ત્રિશલા અને
એ જ સિદ્ધાર્થ !
પણ જયાં પરમાત્માની
પધરામણી થઈ કુક્ષિમાં,
ત્યાં સર્જાઈ ગયો એક
અદ્‌ભુત ચમત્કાર !
રાજવી સિદ્ધાર્થના પુરુષાર્થે
જે કાર્ય ન થયું એ કાર્ય
પરમાત્માના આગમન
માત્રથી થઈ ગયું...
એક અદ્‌ભુત નવી દિશામાં લઈ જાય છે
આપણને આ વાસ્તવિકતા...
સદ્‌ગુણોની
વૃદ્ધિ માટેના

આપણા પ્રચંડ પુરુષાર્થેય
જે સફળતા આપણને
નથી મળી એ સફળતા
બહુ અલ્પ મહેનતે
મળી શકે તેમ છે
જો દિલમાં પરમાત્માની
પધરામણી થઈ જાય તો !
મગજમાં બેસે કે ન બેસે,
આધ્યાત્મિક જગતમાં
ગુણવૃદ્ધિનું અસાધારણ કારણ
આ જ છે એમાં લેશ શંકા નથી.
શું રહસ્ય છે આમાં,
એમ પૂછો છો ?
તો સાંભળીલો આ વાત...
પુણ્યના પ્રકર્ષમાં આ જગતમાં અરિહંતની
તોલે કોઈ નથી તો ગુણના પ્રકર્ષમાંય
એમનું સ્થાન અગ્રિમ હરોળમાં છે...
પ્રકૃષ્ટ પુણ્યના
કારણે એ તારકના આગમન માત્રથી
સિદ્ધાર્થ રાજાનું પુણ્ય જો વધી ગયું છે
તો પ્રકૃષ્ટ ગુણોના
કારણે એ તારકની દિલમાં પધરામણી
થવા માત્રથી આપણા ગુણોની વૃદ્ધિ
થવા લાગે એમાં કયાં આશ્ચર્ય છે ?
૧ + ૧ = ૨
જેવી બિલકુલ સીધી વાત છે...
પુણ્યવાનના પગલે પુણ્યવૃદ્ધિ...
ગુણવાનના પગલે ગુણવૃદ્ધિ.
ભિખારીને સાથે રાખીને કોઈને ત્યાં

બે લાખનો ઉધાર માલ લેવા જઈએ તો
કોઈ માલ ન આપે...
કરોડપતિને સાથે લઈને જઈએ તો
સામે ચડીને માલ આપે...
દોષગ્રસ્ત વ્યક્તિને સાથે રાખીએ
તો જીવનમાં એક ગુણ ન ટકે, પ્રગટે કે વધે,
ગુણસમ્પન્ન વ્યક્તિને સાથે રાખીએ
તો જીવનમાં અનેક ગુણો પ્રગટે, ટકે અને વધે !
વાંચો આ પંક્તિ,
**'જબ જિનરાજ કૃપા કરે,**
**તબ શિવસુખ પાવે ;**
**અક્ષય અનુપમ સંપદા,**
**નવનિધિ ઘેર આવે...'**
જયાં
થશે એ તારકની પધરામણી,
ત્યાં
શરૂ થશે જીવનમાં ગુણવૃદ્ધિ.

ગરીબને
ધનવાન પાસે શું શું છે,
એ જ દેખાય છે
જ્યારે
ધનવાનને પોતાની પાસે
શું શું નથી. એ દેખાય છે.
બન્ને દુ:ખી છે.




સંપત્તિ જોઈતી હોય તો કેળવો શ્રીમંત સાથે દોસ્તી !
સદ્‌ગુણો જોઈતા હોય તો જમાવો પ્રભુ સાથે પ્રીતિ !


# સુષમાતો દુષમાયાં કૃપા ફલવતી તવ...

પાનખરમાં વૃક્ષો લીલાછમ ?
અશક્ય...
અમાસની કાજળઘેરી રાત્રિએ આકાશમાં ચાંદ ?
અશક્ય...
ધારાવીની ઝૂંપડપટ્ટીમાં
આગમન વડાપ્રધાનનું ?
અશક્ય...
ઉકરડાના ઢેરમાં
સુગંધ ગુલાબની ?
અશક્ય...
રસ્તે રખડતા ભિખારી સાથે
દોસ્તી કરોડપતિની ?
અશક્ય...
ભયંકર ચેપી રોગોથી ઘેરાયેલા
દર્દી સાથે ગાઢ સંબંધ
તંદુરસ્ત માણસને ?
અશક્ય...
કારણ ?
વૃક્ષોની હરીયાળી તો વસંતને બંધાયેલી છે...
જયારે ચાંદ પૂર્ણિમાને બંધાયેલો છે...
વડાપ્રધાનનું આગમન સુઘડ વિસ્તારની
અપેક્ષા રાખે છે
જયારે ગુલાબની સુગંધ બગીચાને
બંધાયેલી છે...
કરોડપતિની દોસ્તી તો એના જેવા
શ્રીમંત સાથે હોય છે
તો તંદુરસ્ત વ્યક્તિ તો કાયમ માટે
નિરોગી સાથે જ સંબંધ

પણ,
આપણા ખુદના જીવનમાં
જલદી મગજમાં ન
બેસે એવો જ એક
ચમત્કાર સર્જાયો છે...
અનંતકાળે આવે એવો
હૂંડા અવસર્પિણિકાળનો
અત્યારે પાંચમો
આરો ચાલે છે...
જે કાળમાં
અત્યારે આપણે જીવી રહ્યા છીએ
એ કાળ જો સારો નથી
તો આપણને અત્યારે જે ક્ષેત્ર મળ્યું છે
એ ક્ષેત્ર પણ બહુ સારું નથી...
ભરતક્ષેત્ર છે... અહીંથી
અત્યારે મોક્ષગમન નથી...
કાળ અને
ક્ષેત્ર જો કમજોર છે
તો આપણા ખુદમાંય
કાંઈ માલ નથી...
વાસના-કષાયોથી
ખરડાયેલો પ્રત્યેક
આત્મપ્રદેશ છે
તો સંજ્ઞાઓને પરવશ
બનેલી જીવનની પ્રત્યેક પળ છે.
કાળ ખરાબ,
ક્ષેત્ર ખરાબ,
આપણે ખુદ ખારા પાણી જેવા ખરાબ,
અને છતાં આશ્ચર્ય એ સર્જાયું છે કે

સારા કાળમાં,
સારા ક્ષેત્રમાં અને
સારા જીવનમાંય
જેના નામસ્મરણ અને દર્શન થવા
મુશ્કેલ બને એ ત્રિલોકનાથ,
દેવાધિદેવ અરિહંત પરમાત્માના
સ્મરણ-દર્શન-વંદન-પૂજનના
પરમ સૌભાગ્યના આપણે સ્વામી
બન્યા છીએ...
એ તારક
આપણી પાસે છે, આપણી સામે છે,
આપણી સાથે જ છે...
એનો લાભ
ઊઠાવવામાં હવે જો બેદરકાર રહ્યા તો
આપણા જેવો હીનભાગી - દુર્ભાગી બીજો.
કોઈ જ નહીં હોય...
યાદ રાખજો આ પંકિત,
**सुषमातो दुषमायां कृपा फलवती तव ।**
**मेरुतो मरुभूमौ ऽहि श्लाघ्या कल्पतरोस्थितिः ॥**

માત્ર લોટરીની ટિકિટનો
નંબર બહાર પડે છે
અને રાતોરાત ધનવાન
બની જવાય છે પણ
ગુણવાન રાતોરાત બની જવાય
એવી કોઈ લોટરીની યોજના
આધ્યાત્મિક જગતમાં અમલમાં
આવી નથી.




સહરાના રણમાં મીઠી વીરડી? આશ્ચર્ય !
કળિકાળમાં પ્રાપ્તિ પરમાત્માની ? આશ્ચર્ય...

આ જગતમાં
કેટલાક પદાર્થો એવા છે કે
જેના નાશ માટે એના પ્રતિપક્ષી પદાર્થોનો
ઉપયોગ કરવો પડે છે...
અગ્નિને ઠારવા
પાણીને કામે લગાડવું પડે છે...
લીમડાની કડવાશથી મુક્ત થવા
સાકરની મીઠાશને કામે લગાડવી પડે છે...
વિયોગની વેદનાથી છૂટવા
સંયોગની ભૂમિકા ઊભી કરવી પડે છે...
પણ
કેટલાક પદાર્થો એવા છે કે
જેની અસરને તોડવા એ જ
પદાર્થોનો ઉપયોગ
કરવો પડે છે...
કાંટાને કાઢવા,
બીજા કાંટાને લાવવો પડે છે...
લોખંડને કાપવા,
લોખંડને લાવવું પડે છે...
ઝેરને મારવા,
ઝેરનો પ્રયોગ કરવો પડે છે...
પણ
સંસારના પદાર્થો પરના અનાદિના રાગને
તોડવા માટે બન્ને પ્રકારના
વિકલ્પોનો ઉપયોગ
કરી શકાય તેમ છે.
વૈરાગ્યથીય
રાગ તૂટે છે...
તો રાગથીય રાગ તૂટે છે...

આ જગતના તમામે તમામ
પદાર્થો નાશવંત છે, ક્ષણભંગુર છે
અનિત્ય છે
તો વ્યક્તિઓ સાથે
બંધાતા સંબંધો
સ્વાર્થમૂલક છે,
અશરણ છે, ક્ષણિક છે...
આ વિચારણા દ્વારા વૈરાગ્ય
પુષ્ટ થાય છે... અને પુષ્ટ થતો વૈરાગ્ય
પેલા રાગના ઝેરને નામશેષ કરી નાખે છે...
જ્યારે બીજો વિકલ્પ
એ છે કે
અનાદિના રાગના ઝેરને ખતમ
કરી ચૂકેલા વીતરાગ સર્વજ્ઞ
પરના રાગને આપણે
પરાકાષ્ટાએ લઈ જઈએ...
વીતરાગ જ ગમે...
વીતરાગની આજ્ઞા જ ગમે...
વીતરાગની જ વાતો સાંભળવી ગમે...
વીતરાગનું જ ચિંતન ગમે...
આ રાગની એટલી બધી
પ્રચંડ તાકાત છે કે એ
વસ્તુઓના સંગ્રહ પરનો અને
વ્યક્તિઓ સાથેના સંબંધો પરનો
ગલતરાગ અચૂક તોડી નાખે છે...
ઠીક પડે એ
રસ્તો આપણે
પસંદ કરવાનો છે...
કાં વૈરાગ્યના માર્ગે

વીતરાગતા તરફ જઈએ અને
કાં રાગના માર્ગે વીતરાગતા
તરફ વળીએ...
મહાપુરુષોય
આ જ વાત કરે છે...
'રંગ મજીઠ મેં રાગ ભાગ હૈ,
ઘણકુટ્ટણ દુઃખ ભારી;
પણ વીતરાગશું રાગ કરંતા,
મણિ ફણીધર વિષહારી...'
ના... રાગ એકાંતે મારક નથી...
રાગીઓ પરનો રાગ
એ ફણીધરનું ઝેર છે તો
વીતરાગ પરનો રાગ
એ ફણીધરના મસ્તક પરનો મણિ છે.
ઝેરથી મરણ પણ
મણિથી એ ઝેરનું મારણ!
આવો, મન મૂકીને રાગ કરીએ પણ માત્ર વીતરાગ પર,
બેડો પાર છે...

શણગારેલા મડદા કરતાંય
જીવતા નગ્ન માણસની
કિંમત વધારે છે
તો ગરીબ ઉદાર માણસની કિંમત
કંજૂસ કરોડપતિ કરતા
કેઈ ગણી વધારે છે જ
એમાં લેશ શંકા રાખવા જેવી નથી.




ઝેર મારે, મણિ બચાવે...
રાગ સંસારનો મારે, રાગ પરમાત્માનો તારે...

# મુખ્ય હેતુ તું મોક્ષનો...

ભારે વજનદાર
લાકડું જોયું છે ?
એના સ્થાનથી માત્ર બે ફૂટ પણ
દૂર એને હડસેલવું હોય તો
કદાચ ૧૫-૨૦ માણસની
જરૂર પડે...
પણ એ જ લાકડું
પાણીના પ્રવાહમાં
વહી આવતું
હોય તો
એને કિનારે લાવવામાં
લેશ મહેનત ન પડે...
એક જ માણસનો
માત્ર મામુલી ધક્કો અને
એ વજનદાર લાકડું કિનારે !
લાકડું વજનદાર,
માણસ કમજોર
છતાં લાકડાને ઝીલનાર
પાણીના પ્રવાહની એક આગવી
વિશેષતા કે માણસની મહેનતને એ
બચાવી લે અને લાકડાને કિનારે
લાવી મૂકે...
કર્મોથી ખૂબ ભારે છીએ આપણે
અને પાછા
પુરુષાર્થમાં છીએ સાવ માયકાંગલા...
પહોંચવું છે
ભવસાગરના તીરે...
શે સફળતા મળે ?
કર્મોને ખૂબ ધક્કા
મારીએ તોય
એમાં સફળતા મળવાની શકયતા
લગભગ નથી કારણ કે
આત્માને કર્મો માત્ર
બે-પાંચ ભવના જ
નથી વળગ્યા,
અસંખ્યકાળના વળગ્યા છે...
કેવળ પુરુષાર્થથી જ
રવાના થઈ જાય
એવા એ સીધા નથી...
તો ?
એક જ ઉપાય છે...
અરિહંત પરમાત્માને
ચરણે જો જીવન સોંપી દઈએ...
શરણ એમનું જો સ્વીકારી લઈએ...
એમની કૃપાદૃષ્ટિના
જળપ્રવાહમાં
આપણી જાતને
જો મૂકી દઈએ
તો તુર્ત કાર્યસિદ્ધિ
થઈ જાય તેમ છે...
લાકડું વજનદાર,
માણસ કમજોર
છતાં પાણીના પ્રવાહના કારણે
અલ્પ પ્રયત્ને કિનારે...
કર્મો ભારે,
પુરુષાર્થ નબળો
પણ પરમાત્માની કૃપાએ
સાવ મામૂલી પ્રયત્ને ભવસાગરના તીરે...
પૂજયપાદ ઉપાધ્યાય શ્રી
યશોવિજયજી મહારાજ પણ
આજ વાત કરે છે ને ?
**'કાળ સ્વભાવ ભવિતવ્યતા**
**એ સઘળા તારા દાસો રે,**
**મુખ્ય હેતુ તું મોક્ષનો,**
**એ મુજને સબળ વિશ્વાસો રે...'**
અપરિપકવ કાળ કે
નબળો સ્વભાવ...
ભારે કર્મો કે
મંદ પુરુષાર્થ...
આ બધાયની બહુ પરવા ન કરો...
કૃપા મેળવી લો અરિહંતની...
પ્રચંડ બહુમાનભાવ ઊભો કરી દો
એ તારક પ્રત્યે...
વાંકા લાગતા એ બધા થઈ જશે સીધા અને
આપણાં આતમરામ આવી જશે
ભવસાગરના તીરે !

'જે તમારું નથી
એ તમે છોડી દો...
તમારું જે છે
એ હું તમને આપી દઉં'
ધર્મનો
આ સંદેશ
બહુ ઓછા જીવોને
સંભળાય છે.




પ્રવાહ પાણીનો, લાકડું હલકું
કૃપા પરમાત્માની, કર્મો હલકા.

# તુમ વિણ અવરને નવિ નમું...

૧૦ રૂપિયે મીટરવાળું કપડું
મળતું હોવા છતાં એણે
૩૫ રૂપિયે મીટર વાળું કપડું
ખરીધું...
૫૦ રૂપિયાની
મોજાની જોડ મળતી હોવા છતાં
એણે ૧૫૦ રૂપિયાવાળી
જોડ જ પસંદ કરી...
બોરીવલીમાં જે જગ્યા
૪ લાખમાં મળતી હતી
એટલી જ જગ્યાવાળો ફ્લેટ
એણે લગભગ ૪૦ લાખ
ખરચીને વાલકેશ્વરમાં
ખરીધો...
કો'કે એને
આનું કારણ પૂછયું,
તો એણે
જવાબ આપ્યો કે
મારી પસંદગી કયારેય નબળી
હોતી જ નથી...
નબળું પસંદ કરવાની મારે
કોઈ જરૂર જ નથી
કારણ કે
હું ગર્ભશ્રીમંત છું...
પ્રચંડ પુણ્યોદયે
જન્મથી મળી ગયેલ
પરમાત્મા જિનેશ્વર દેવનું
શાસન,
એ આપણી એક પ્રકારની
ગર્ભશ્રીમંતાઈ જ છે ને ?
તો પછી
આધ્યાત્મિક જગતમાં
આપણી પસંદગી
પણ ઊંચી
જ હોય
એમાં કયાં આશ્ચર્ય છે ?
આંધળાને આંખ આપે
અને બહેરાને કાન આપે...
લોભીને સંપત્તિ આપે અને
કામીને સ્ત્રી આપે
એવા દેવોનો
આ જગતમાં
કયાં તોટો છે ?
પણ,
અમારી આંખો
ત્યાં ઠરતી નથી...
કારણ કે સ્વયં નિર્વિકારી બનવા સાથે
અમનેય નિર્વિકારી બનાવવાની
ગેરેન્ટી આપતા...
સંપત્તિ નહીં.
સંપત્તિની લાલસાને જ
ખતમ કરી નાખતા...
સ્ત્રી નહીં.
વાસનાની આગને જ
ઠારી દેતા...
અમારા જેવા
વિષયદુષ્ટ અને કષાયદુષ્ટોનેય
પોતાના જેવા જ
બનાવી દેવાની
તાકાત ધરાવતા
ત્રિલોકનાથ સર્વજ્ઞ અરિહંત પરમાત્માની
અમને ઓળખ થઈ ગઈ છે...
હવે અમારી પસંદગીનું
પાત્ર બીજાઓ
બને જ શી રીતે ?
એસ.એસ.સી.
સુધી જ ભણેલો શિક્ષક
પોતાના વિદ્યાર્થીને પી.એચ.ડી. સુધી ન જ પહોંચાડે
તો રાગમાં જ અટવાયેલા દેવો, પોતાના ભક્તોને
વીતરાગતા સુધી શે પહોંચાડે ? અમારે બનવું છે
વીતરાગ,
માટે જ અમારી પસંદગી છે વીતરાગ !

**'દેવ અનેક જગમાં વસે,**
**તેહની ઋદ્ધિ અનેક ;**
**તુમ વિણ અવરને નહીં નમું,**
**એવી મુજ મન ટેક'**

જમીનમાં પડેલા બાવળિયા ન ઉગે
ત્યાં સુધી રસ્તો કદાચ
ગાદી જેવો લાગે એ શકય છે.
મનની ધરતીમાં ધરબાયેલા પાપો
જયાં સુધી પ્રગટ ન થાય
ત્યાં સુધી જીવન સુંદર લાગે એ
શકય છે પણ પ્રગટ થયા પછી ?



વીતરાગ બનવું છે મારે,
સ્વીકાર્યા છે વીતરાગ એ માટે...

એ ઘરની બહાર નીકળતો,તો
શેરીના છોકરાઓ એને હેરાન કરતા...
બજારમાં એ આંટા લગાવતો,તો
રસ્તા પર ચાલતા લોકો એની મશ્કરી કરતા...
કામ માગવા કોઈની પાસે જાય,તો
એય એને હડધૂત કરતા...
ભીખ માગવા કોઈના ઘરે જઈને ઊભો રહેતો તો
ભોજનને બદલે તિરસ્કાર મળતો...
હાથ જોડીને કોઈની પાસે ઊભો રહેતો,તો
સહાનુભૂતિને બદલે લાફાઓ મળતા...
એને લમણે
માત્ર દુઃખો જ નહોતા ઝીંકાયા,
દૌર્ભાગ્ય પણ એની પાછળ જ
પડી ગયું હતું...
અને
એ જ કારણે એની આંખોમાંથી
આંસુઓ સૂકાતા નહોતા...
એને મુક્ત થવું હતું આ ત્રાસથી
પણ કોઈ ઉપાય દેખાતો નહોતો...
એ લાચાર હતો... હતાશ હતો...
વ્યથિત હતો...
એમાં
કો'કે એને
એજ ગામમાં રહેતા કરોડપતિ-લબ્ધપ્રતિષ્ઠિતત
અને પરગજુ શેઠ પરમાણંદદાસનું નામ આપ્યું...
પહોંચી જા એમની પાસે,
કદાચ તારું કામ થઈ જાય...
અને
ખરેખર એમ જ થયું...

પરમાણંદદાસે એનો હાથ પકડ્યો...
આખા ગામમાં આ વાતની ખબર પડી ગઈ...
અને એજ દિવસથી
એનું દુઃખ જ નહીં, દૌર્ભાગ્ય પણ
વિદાય થવા લાગ્યું...
જે લોકો એનો તિરસ્કાર કરતા
એ જ લોકો એને આદર આપવા લાગ્યા...
ધૃણાનું સ્થાન પ્રેમે લીધું,
ગાળોનું સ્થાન સદ્ભાવે લીધું...
દુઃખ-દૌર્ભાગ્યના
દુઃખદ ચક્કરમાંથી
એ સર્વથા મુક્ત થઈ ગયો...
આપણેય મુક્ત થવું છે
દુઃખ-દૌર્ભાગ્યના
આ જાલિમ ત્રાસમાંથી...
માત્ર વેદનામુક્તિ નહીં,
વાસનામુક્તિ પણ આપણે જોઈએ છે...
માત્ર દરિદ્રતા જ નહીં,
દીનતાય આપણે ટાળવી છે...
માત્ર દુઃખોને જ નહીં,
દોષોનેય જીવનમાંથી રવાના કરવા છે...
એક જ ઉપાય છે
આ જગતના તમામ સુખ-સૌભાગ્ય જેમને
આધીન છે એ દેવાધિદેવ અરિહંત
પરમાત્માને આપણે માથે
રાખી દઈએ...
પછી નથી તાકાત
દુઃખની કે એ આપણી
પાસે ફરકી શકે કે

નથી તાકાત
દૌર્ભાગ્યની કે એ આપણી
પાછળ પડવાની હિંમત કરી શકે...
યાદ કરો પેલા આનંદઘનજી મહારાજની
મર્દાનગી ભરેલી આ જાહેરાત,
"દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે,
સુખ સંપદશું ભેટ ;
ધીંગ ધણી માથે કિયો રે,
કુણ ગંજે નર ખેટ..."
વિમલજિન ! દીઠાં લોયણ આજ...
શેઠ પરમાણંદદાસને
માથે રાખવાથી ભિખારી જો દુઃખ-દૌર્ભાગ્યથી
મુક્ત થઈ જતો હોય
તો પરમ આનંદમાં મસ્ત દેવાધિદેવ અરિહંત પરમાત્માને
પરમાત્માને
માથે રાખવાથી ભક્ત દુઃખ-દૌર્ભાગ્યથી મુક્ત
થઈ જાય એમાં
આશ્ચર્ય ક્યાં છે ?
નવાઈ ક્યાં છે ?

તમારા ઘરમાં
કામ કરવા માટે નોકરને
તમે રાખ્યો હોય તોય
એટલો ખ્યાલ જરૂર રાખજો કે
એ માણસ પહેલા છે,
નોકર પછી છે !



નિશ્રા શ્રીમંતની, દુઃખો હળવા બનાવે...
આશ્રય પરમાત્માનો, દુઃખો અને દોષો, બન્ને ખતમ કરે...


# દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી...

બિલકુલ દિવાલની પાછળ જ ઊભો હતો
મારો મિત્ર રમેશ... પણ મને એનું દર્શન
નહોતું થતું... મિલનની તો વાત જ
ક્યાંથી થાય ?
જ્યારે બીજો મિત્ર સુરેશ
મારાથી ૫૦ ફૂટ દૂર હતો... એનું
દર્શન મને આસાનીથી થતું હતું. ઈચ્છું તો
મિલન પણ મારે માટે સફળ હતું...
આ વાસ્તવિકતા એમ કહે છે
કે દર્શનમાં પ્રતિબંધક તત્ત્વ
અંતર નથી પણ અંતરાય છે...
અંતર જરાય ન હોય
પણ વચ્ચે અંતરાય હોય તો
દર્શન અશક્ય...
અંતર ઘણું હોય
પણ વચ્ચે અંતરાય ન હોય તો
દર્શન એકદમ શક્ય !
પરમાત્માના દર્શનથી આપણે
વંચિત રહ્યા છીએ
એની પાછળ કયું કારણ છે ?
અંતર ?
કે અંતરાય ?
વિહરમાન જિનેશ્વર ભગવંતો
અહીંથી લાખો યોજન દૂર છે
તો સિદ્ધ થઈ ગયેલા તીર્થંકર ભગવંતો
અહીંથી સાત રાજ દૂર છે...
શું આના કારણે
આપણે પરમાત્માના
દર્શન નથી કરી શક્યા ?

શું આના કારણે પરમાત્મા
સાથેનું આપણું મિલન
શક્ય નથી બન્યું ?
ના...
આગળ જણાવ્યું એ જ કારણ છે...
અંતર નહીં
પણ અંતરાય !
પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ
પણ આજ વાત કરે છે...
'ઘાતીડુંગર આડા અતિ ઘણાં,
તુમ દરિસણ જગનાથ;
ધિઠાઈ કરી મારગ સંચરું,
સેંગું કોઈ ન સાથ...'
ઘાતીકર્મોના
ડુંગરાઓ ઊભા છે
આપણી અને પરમાત્માની
વચ્ચે !
મિલન
સુધી પહોંચવું છે
આપણે અને
દર્શન પણ મુશ્કેલ છે
અત્યારે...
કરવું શું ?
એક જ ઉપાય છે... ઘાતીકર્મોના
આ ડુંગરાઓને તોડી નાખવા !
અલબત્ત, આ ડુંગરાઓ એટલા બધા
મજબૂત છે કે આપણા પુરુષાર્થે
એની કાંકરી પણ ખરે તેમ નથી...
તો શું હાર સ્વીકારી લેવી ?

નિષ્ક્રિય બની જવું ?
પ્રભુદર્શનની ઝંખનાને દિલમાં
જ ધરબી દેવી ?
પ્રભુમિલનની તાલાવેલીને સ્વપ્નવત્
માની લેવી ?
ના...
એનો ઉપાય પણ એ જ યોગીપુરુષ બતાવે છે...
'દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી,
આનંદઘન મહારાજ...'
મિલન પ્રભુનું... દર્શન પ્રભુનું શક્ય છે પ્રભુકૃપાથી !
અંતર તો આપણે પુરુષાર્થથી
ઘટાડી દેત પણ અંતરાય તો
પ્રભુકૃપા વિના તૂટે તેમ જ નથી...
આવો,
આર્તસ્વરે પ્રાર્થીએ પ્રભુને કે
કૃપાની એવી અમીવર્ષા એ કરે કે
દર્શનમાં પ્રતિબંધક બની રહેલા ઘાતીકર્મોના
ડુંગરાઓ જમીનદોસ્ત થઈને જ રહે.

વાસનાનું શરીર
એટલું બધું મોટું છે કે
આખી
દુનિયાના કપડાથી
પણ એ
ઢંકાય તેમ નથી.




અંતરાયથી પ્રભુદર્શન નહીં,
પ્રભુકૃપાથી અંતરાય નહીં...


# ધારો જિનપદ સેવ લલના...

કેટકેટલા ભયોથી
ઘેરાઈ ગયા છીએ આપણે ?
ક્યારેક માણસનો ડર લાગે છે આપણને
તો ક્યારેક કૂતરાથી આપણે
ભયભીત થતાં હોઈએ છીએ.
ક્યારેક
ચીજવસ્તુ લૂંટાઈ જવાનો ડર ઘેરી વળે છે
તો ક્યારેક અપયશ મળવાના ભયથી
ચિત્ત ત્રસ્ત થઈ જાય છે...
ક્યારેક
વિના કારણે મન
ભયભીત થઈ જતું હોય છે
તો ક્યારેક આજીવિકાના
ભયથી મન બહેર મારી જતું હોય છે...
પણ આ સઘળાય ભયોના મૂળમાં
એક જ ભય બેઠો છે, 'મૃત્યુ'નો !
બીજા બધા
ભયો તો હજી
સાધનો દ્વારા નિવારી
શકાય છે પણ
'મૃત્યુ'ના ભયનું
નિવારણ શે કરવું
એ સમજાતું નથી...
સમય થાય છે અને
યમરાજનો
ક્રૂર પંજો પડે છે જીવ પર !
અસહાયદશામાં
આ જગતમાંથી એ
વિદાય થઈ જાય છે.

પણ,
આધ્યાત્મિક જગતમાં
આ ભયના નિવારણનો
પણ ઉપાય બતાવ્યો છે...
અજમાવો એ ઉપાય અને
યમરાજ તમારા શરણે !
કયો છે એ ઉપાય,
એમ પૂછો છો ?
વાંચો આ પંક્તિ,
'સપ્ત મહાભય ટાળતો,
સપ્તમ જિનવરદેવ લલના ;
સાવધાન મનસા કરી,
ધારો જિનપદ સેવ લલના...'
તીવ્રશ્રદ્ધા
અને ભારે બહુમાનપૂર્વક 'અભયદયાણં'
એ પદના ધારક
પરમાત્મા જિનેશ્વર દેવના
ચરણોની પર્યુપાસના કરો...
એ તારકની
આજ્ઞાઓ પ્રત્યે
દિલમાં અવિહડ નેહ
પ્રગટાવી દો...
સૂર્ય આવતા જ જેમ
અંધકાર રવાના થાય છે
એમ
પરમાત્મા પ્રત્યેના સદ્‌ભાવ
માત્રથી મોતનો ભય
રવાના થઈ જાય છે...
મોતના ભય પર

વિજય મળ્યા પછી
જે મોત આવે છે એ
મોતને અનંતજ્ઞાનીઓ
'મૃત્યુ' નથી કહેતા
પણ 'મુક્તિ'
કહે છે...
યાદ રાખજો,
મરણ અનંતીવાર આવે છે પણ
મુક્તિ તો એક જ વાર પમાય છે...
અને
એ મુક્તિ એક માત્ર પરમાત્માની
ભક્તિને જ બંધાયેલી છે...
કરો ભક્તિ
અને પામો મુક્તિ...

લોટરીની ટિકિટ
મળે છે તો ઘણાં બધાને,
પણ ફળે છે તો
માત્ર એકાદને જ !
મનુષ્ય જન્મ
મળે છે તો અનેકને,
પણ ફળે છે તો
કો'ક ને જ !




ડ્રેગન જેવું ભયંકર છે મોત,
એને ખતમ કરી નાખે છે પ્રભુકૃપાનો સ્રોત...

# આવો આવો મુજ મનમંદિરે રે...

રસ્તા પરથી પસાર થતી વ્યક્તિ
સામે આપણી નજર મળે
અને એ નજરમાં સામી વ્યક્તિને
આદર ન દેખાય તો એ આપણા
ઘરે ન જ આવે...
કારણ કે
આંખમાં રહેલો અનાદર
'ઘરમાં પ્રવેશવાની
સ્ટ્રીક્ટ મનાઈ છે'
એનો જ સૂચક હોય છે
એની સામાન્ય સમજણ
એ વ્યક્તિ પાસે હોય જ છે...
સ્પષ્ટ સમજાય તેવું આ ગણિત છે...
આંખમાં આદર = ગૃહપ્રવેશનું આમંત્રણ
આંખમાં અનાદર = ગૃહપ્રવેશનો ઈન્કાર ..
પરંતુ આધ્યાત્મિક જગતની
આખી વાત ન્યારી છે...
અહીંયાં વ્યક્તિ પ્રત્યેનો અનાદર
એને માટે નુકસાનકારી નથી બનતો
પણ જાત માટે નુકસાનકારી બને છે..
આ હકીકતને
સહેજ વ્યવસ્થિત સમજીએ...
આપણે કાયમ માટે
સંપૂર્ણ સલામતીપૂર્વક રહી શકીએ
એવું આ જગતમાં કોઈ સ્થાન હોય તો
એ છે સિદ્ધશિલા!
એ જ આપણું સાચું ઘર છે...
પણ,
એ ઘરમાં પ્રવેશવા માટેની
એક અતિ આકરી શરત એ છે કે
આ જગતના જીવ માત્ર પ્રત્યે - એક પણ વ્યક્તિની
બાદબાકી કર્યા વિના
તમારા મનમાં
આદરભાવ જ હોવો જોઈએ.
એક પણ વ્યક્તિ
પ્રત્યેનો અનાદર એટલે તમારો ગૃહપ્રવેશ બંધ!
કેટલી વિચિત્ર વાસ્તવિકતા છે?
વ્યવહારમાં જેના પ્રત્યે આપણને અનાદર હોય
એ વ્યક્તિ આપણા ઘરમાં ન આવી શકે...
આધ્યાત્મિક જગતમાં એક પણ વ્યક્તિ પ્રત્યે આપણે
અનાદર કેળવીએ એટલે આપણે ખુદ આપણા
ઘરમાં પ્રવેશી ન શકીએ...
આ જગતના અનંત જીવોને
પોતાના હૃદયમાં જે સ્થાન ન
આપી શકે એને અનંતજીવોને
જ્યાં કાયમનો વસવાટ મળ્યો છે
એ સિદ્ધશિલા પર પ્રવેશ ન મળે
એ આધ્યાત્મિક જગતનો
વણલખ્યો નિયમ છે...
હા...
આપણે કહીએ કે
અમે તો મનમાં અરિહંત પરમાતમાની
પધરામણી કરીને મોક્ષમાં પહોંચી જશું...
જગતના જીવોને વચ્ચે લાવવાની
જરૂર શું છે?
પણ, ના...
અનંતજ્ઞાનીઓ જુદી વાત કરે છે...
એમનું કહેવું એમ છે કે
તું અરિહંત પરમાત્માની તારા મનમાં
પધરામણી કરવાની વાત કરે છે પણ એ
આવશે તો એમને બેસાડીશ ક્યાં?
આસન તો જોઈશે ને?
જગતના જીવમાત્ર પ્રત્યેનો
મૈત્રીભાવ એ એમને બેસવા માટેનું આસન છે.
આસન જમાવ્યા વિના એ
પધારવાના નથી એ નિશ્ચિત વાત છે...
મૈત્રી દ્વારા ભક્તિ અને
ભક્તિ દ્વારા સિદ્ધિ
આ જ ક્રમ છે...
એમાં તું સફળ બન એટલે તારો તારા ઘરમાં
પ્રવેશ પાકો...
વાંચો આ પંક્તિ...

**સિંજજા મૈત્રીભાવના રે,**
**ગુણમુદિતા તળાઈ ખાસ હો મુણિંદ;**
**ઉપશમ ઉત્તરછદ બન્યો રે**
**તિહાં કરુણાકુસુમ સુવાસ હો મુણિંદ...**
**આવો આવો મુજ મન મંદિરે...**

સત્તાના સિંહાસને
બેસવા માટે તો
કાવાદાવાઓ કરવા પડે છે
પણ
લોકહૃદયમાં બિરાજમાન
થવા માટે તો
સમ્યક્ સાધનાઓ કરવી પડે છે.




નાના-મોટા સહુ જીવો પ્રત્યેનો આદર,
સિદ્ધશિલાની ભેટ ધરે છે સાદર...

# મેરે સાહિબા તુમ હી હો...

ટુકડો પથ્થરનો,
નાખો એને પાણીની કોઠીમાં...
કોઠીનું તળિયું ઊંડું હોય તો એ ટુકડો
આંખ સામેથી અદશ્ય થઈ જાય એ બને
પણ,
અંદર હાથ નાખો તો એ હાથમાં અચૂક
આવે... બહાર કાઢો એને તો એ પલળેલો
દેખાય... પણ ઓગળવું એના સ્વભાવમાં નથી...
ગાંગડો સાકરનો,
નાખો એને દૂધના ગ્લાસમાં...
ગ્લાસ છીછરો હોય તો એ ગાંગડો
શરૂઆતમાં આપણને આંખેથી દેખાય
પણ, ધીરે ધીમે એ ઓગળતો જાય
અને દૂધ સાથે એકરૂપ થઈ જાય...
પથ્થર પાણીમાં મળે છે...
દૂધ સાકરમાં ભળે છે...
મીઠું રેતીમાં મળે છે
લીંબુ પાણીમાં ભળે છે...
તેલ પાણીમાં મળે છે
નદી સાગરમાં ભળે છે...
અનંતકાળના સંસાર પરિભ્રમણમાં
પરમાત્મા જિનેશ્વરદેવનો
યોગ આપણને કદાચ
અનંતીવાર થયો છે...
આપણે એમને મળ્યા જરૂર
પણ ભળવાની વાતથી
આપણે ખૂબ દૂર ભાગ્યા...
એ પાણી રૂપે મળ્યા
તો આપણે પથ્થર બન્યા.
એ સાગરરૂપે મળ્યા
તો આપણે લાકડું બન્યા...
પરીણામ સ્પષ્ટ નજર સામે છે...
ભળ્યા હોત એમનામાં
તો વિખૂટા પડવાનું
ન બન્યું હોત...
પણ,
આપણે માત્ર મળ્યા...
એટલે સમય પૂરો થતાં જ
આપણે વિખૂટા પડી ગયા...
કેટલી બધી કરુણતા ?
જ્યાં ભળી જ જવાનું હતું,
ભળીને એ તારકની તમામ
વિશેષતાઓને આપણે
મેળવી લેવાની હતી
ત્યાં આપણે માત્ર મળીને
જ પાછા આવી ગયા...
સંતોષ માની લીધો કે
'હું ભગવાનને મળી આવ્યો...'
અનંતજ્ઞાનીઓ આપણને કહે છે.
'ભલા માણસ !
તું આવી ગંભીર ભૂલ કરી બેઠો ?
સાગર મળ્યો તને,
અને નદી બનીને એમાં ભળી જતાં
ન આવડયું તને ?
પાણી મળ્યું તને
અને મીઠું બનીને એમાં ઓગળી જતાં
ન આવડયું તને ?
દૂધ મળ્યું તને
અને સાકર બનીને એમાં વિલીન થતાં
ન આવડયું તને ?'
ખેર,
આ જનમમાં
એ ભૂલનું પુનરાવર્તન ન થઈ જાય
એની ખાસ તકેદારી રાખવાની છે
આપણે...
ગુમાવવાનું કાંઈ નથી આપણે અને
જે મળવાનું છે એની આપણને કોઈ કલ્પના નથી
વાંચો આ પંકિત
'તુમ ગુણ સાયરમેં ભળે,
હમ ભાવ દુચારા હો ;
અખય અખંડિત ગુણભયે,
નહીં ભેદ વિચારા હો...
મેરે સાહિબ તુમ હી હો...'
સાક્ષાત પરમાત્માની ભલે અનુપસ્થિતિ રહી અત્યારે
એ તારકના અનંત ગુણોની સ્મૃતિ તો છે
ને આપણી પાસે ?
જોડી દઈએ મનને એમાં,
કામ થઈ જશે આપણું !

કાળા વસ્ત્રોનું પરિધાન
જો કો'કના મોતનું સૂચક છે
તો
કાળા વિચારોનું આધિપત્ય
એ
આત્મગુણોની થઈ ગયેલી
હત્યાનું સૂચક છે.




કેવળ મળવાથી શું વળશે ?
ભળ્યા વિના કર્મો શે ટળશે ?

## વીર વડધીર મહાવીર મોટો પ્રભુ...

આ જગતનો
એક સર્વસામાન્ય કાયદો
ખ્યાલમાં છે ?
તમે કોઈને
કાંઈ પણ આપો એટલે
એ ચીજ તમારી પાસેથી
ઓછી થાય જ....
જરૂરિયાતવાળાને
૫૦ રૂપિયા આપો
એટલે તમારી ૫૦૦ ની
મૂડીમાંથી ૫૦ ઓછા થાય જ !
કેરીની ટોપલીમાંથી
૩ કેરી ઉઠાવો એટલે
એમાં રહેલી ૩૦ કેરીમાં ૩ ની
બાદબાકી થાય જ !
ગોળામાંથી
કોઈને બાલદી ભરીને પાણી
આપો એટલે ગોળામાં એટલું
પાણી ઓછું થાય જ !
પણ આધ્યાત્મિક જગતમાં
આ કાયદા કરતાં સાવ
વિપરીત કાયદો જ
પ્રવર્તે છે...
તમારી પાસે જે હોય એ તમે
બીજાને આપો તો તમે અપૂર્ણ હો તો
પૂર્ણ બનવાના માર્ગે જાઓ અને
પૂર્ણ હો તો પૂર્ણ જ રહો...
અર્થાત્
ક્ષાયોપશમિકભાવના ગુણોના તમે
સ્વામી હો તો એ ગુણો ક્ષાયિકભાવના।
બનવા લાગે અને
ક્ષાયિકભાવના જ ગુણો તમારી
પાસે હોય તો એ ગુણો
એમને એમ જળવાઈ રહે...
ટૂંકમાં, બાહ્યસામગ્રીઓ
બીજાને આપવાથી ઓછી થાય છે
જ્યારે આભ્યન્તર સમૃદ્ધિ બીજાને આપવાથી
કાં તો વધે છે અને કાંતો એટલી જ રહે છે
પણ ઘટતી તો નથી જ !
ત્રિલોકનાથ
સર્વજ્ઞ અરિહંત પરમાત્માએ
પોતાનો કેવળજ્ઞાનનો
વારસો કેટકેટલા
પુણ્યાત્માઓને આપ્યો ?
એમના જ્ઞાનાદિ અનંતગુણોમાંથી
એક પણ ગુણ,
જેને પણ સ્પર્શ્યો
એ ન્યાલ થઈ ગયો...
એમની અમીવર્ષા કરતી
નજર જેના પર પણ
પડી એ ખાટી ગયો...
એમના પાવન સાન્નિધ્યની
પળ-બે પળ માટે પણ
જેણે ભાવસ્પર્શના કરી
એનો ઉદ્ધાર થઈ ગયો...
પ્રશ્ન એટલો જ છે કે
આપણું ઠેકાણું કેમ પડતું નથી ?
આપણા પર એ તારકની
નજર કેમ પડતી નથી ?
'હવે પ્રભુ મુજ ભણી તું ત્રિભુવન ધણી,
દાસ અરદાસ સુણી સામું જુએ ;
આપ પદ આપતાં, આપદા કાપતાં,
તાહરે અંશ ઓછું ન હોવે...
વીર વડધીર મહાવીર મોટો પ્રભુ...'
મહાપુરુષે રચેલા
આ સ્તવનની પંક્તિ પણ
એ જ વાત કરે છે ને ?
લાગે છે કે
આપણામાં જ કાંક ગરબડ હશે...
આપણા ચિત્તમાં
'ગુણ' ને બદલે 'સુખ'નું અને
'સ્વભાવ' ને બદલે 'પ્રભાવ'નું
આકર્ષણ બેઠું હશે...
ખેર, જે પણ ક્ષતિ હોય તે,
વહેલી તકે શોધીને એનાથી મુક્ત બની જવાની
જરૂર છે.
થોડીક સાવધાની...
સમજણપૂર્વકની માંગણી...
અને પછી આપણેય કેવળી...

> પેટમાં જ્યારે મળ જામી જાય છે
> ત્યારે જીભ પર ચાંદા પડી જાય છે.
> મનમાં જ્યારે
> ક્રોધ પેદા થાય છે
> ત્યારે
> જીભ પર
> કટુ શબ્દો ઊભા થાય છે.



પાણી ઘટે છે આપવાથી
પણ, જ્યોત ટકી રહે છે, પ્રગટાવવાથી...
પ્રભુ! તું તો જ્યોત જેવો છે, પ્રગટાવી દે મારા આત્મદીપકને!

# તે તુજ આણ લહે થકે રે...

ખેડૂત કાબેલ હોય,
બીયારણ જોરદાર હોય પણ,
એને યોગ્ય ધરતી ન હોય તો ?
કાપડ સરસ હોય,
વ્યક્તિ શ્રીમંત હોય પણ,
એ કાપડને ચમત્કારિક આકાર આપી
શકનાર દરજી ન હોય તો ?
પથ્થર સુઘડ હોય,
એનો માલિક ઉદાર હોય પણ,
એમાંથી પ્રતિમા ઉપસાવવાની તાકાતવાળો
શિલ્પી ન હોય તો ?
તાત્પર્યાર્થ એ છે કે
ખેડૂત અને બીયારણ કરતાં ધરતીની,
કાપડ અને વ્યક્તિ કરતાં દરજીની,
પથ્થર અને માલિક કરતાં શ્રેષ્ઠ શિલ્પીની
તાકાત વધુ છે.
આ વાત આપણે
આધ્યાત્મિક જગતમાં ઘટાવવી છે...
પરમાત્માનું ધ્યાન...
પરમાત્માનું દર્શન...
પરમાત્માનું પૂજન...
પરમાત્માને વંદના...
આ બધીય પ્રક્રિયામાં સૌથી
વધારે તાકાતવાન કોણ ?
વંદનાદિ કરનાર આપણે ?
વંદનાદિ કરતા દિલમાં ઉઠતા શુભભાવો ? કે
પછી એ શુભભાવોમાં
નિમિત્ત બનનાર અરિહંત પરમાત્મા ?
જવાબ સ્પષ્ટ છે.

'અરિહંત પરમાત્મા.'
ભલે વંદનાદિ આપણે કર્યા,
ભલે શુભભાવોની છોળો આપણા મનમાં ઉછળી
પણ કોના કારણે ?
અરિહંત પરમાત્માને કારણે...
એમના સ્થાને
જો છગનલાલ-મગનલાલ
હોત તો ઉઠત આપણા મનમાં
શુભભાવોની છોળો ?
ના રે ના...
ધરતી સુયોગ્ય ન મળે
તો બીયારણ પડ્યું પડ્યું સડી જાય છે...
આલંબન શ્રેષ્ઠ કક્ષાનું ન મળે
તો મનના ભાવો ઠપ થઈ જાય છે...
દ્રવ્ય કરતાં (અડદના બાકુળા કરતા)
દાતા કરતાં (ચંદનબાળા કરતાં)
એના સ્વીકારનારની (પ્રભુ મહાવીરની)
કિંમત અનેકગણી
વધારે છે એ વાત
મગજમાં બેઠા પછી
અહંભાવ ખતમ થઈ જાય છે
અને કૃતજ્ઞભાવ પુરબહારમાં
ખીલી ઊઠે છે...
જ્ઞાનાદિ અનંતની પ્રાપ્તિમાં
મુખ્ય કારણ આપણી સાધનાઓ નથી,
એ સાધનાઓ દરમ્યાન મનમાં ઊઠેલા
શુભભાવોય નથી...
પણ અસાધારણ કારણ છે
એ સાધનાઓના પ્રરૂપક

અરિહંત પરમાત્મા
વાંચો આ પંક્તિ...
'પામ્યા પામે પામશે રે,
જે કોઈ જ્ઞાનાદિ અનંત ;
તે તુજ આણ લહે થકે રે,
કહે માનવિજય ઉલસંત...'
એ તારકની આજ્ઞા વિનાની
સાધનાઓ અનંતકાળમાં
અનંતીવાર કરી છે... એ સાધનાઓમાં
મનને એકાગ્ર પણ બનાવ્યું છે
પણ આપણું ઠેકાણું પડ્યું
નથી કારણ કે
એ સાધનાઓના
કેન્દ્રસ્થાને
અરિહંત પરમાત્મા નહોતા...
ખૂબ અલ્પ પ્રયત્ને
મહત્તમ પરીણામ લાવવું છે ?
તો પાગલ બની જાઓ અરિહંતના ધ્યાને...
નાચતા જાઓ અરિહંતના દર્શને...
ઝુકતા જાઓ અરિહંતના ચરણે...
કામ થઈ જશે.

વિજ્ઞાન,
એના કેન્દ્રમાં શંકા છે...
ધર્મ,
એના કેન્દ્રમાં શ્રદ્ધા છે...
શંકાશીલ માનસ ધર્મ માટે
બાધક છે...
શ્રદ્ધાશીલ માનસ વિજ્ઞાન માટે
પ્રતિબંધક છે.



તૃષા છિપે છે પાણીથી જ !
મુક્તિ મળે છે આજ્ઞાસ્વીકારથી જ !

# પ્રવહણ જિમ દરિયે...

સાગર !
કયાંક મગરમચ્છો તો
કયાંક વ્હેલ માછલીઓ...
કયારેક તોફાન વરસાદનું તો
કયારેક આક્રમણ ચાંચીયાઓનું !
કયાંક ચકરાવા લેતા વમળો તો
કયાંક પ્રગટી જતા વડવાનલો !
એક જ પળની
અસાવધગિરિ અને
કુશળ પણ તરવૈયો
સાગરના પાણીમાં ગરક !
મળે એની લાશ,
જીવન એનું સમાપ્ત !
આ સઘળાય સંભવિત
અપાયોથી બચવું હોય અને
સામે કિનારે પહોંચવું જ હોય તો
એક જ ઉપાય છે,
ચડી જઈએ કો'ક કુશળ
કપ્તાનથી
સંચાલિત વહાણમાં !
સ્વીકારી લઈએ એ કપ્તાનની
આજ્ઞા !
તો પહોંચી જઈએ સામે કિનારે
કોઈપણ જાતની
મુશ્કેલી વિના !
અનંતજ્ઞાનીઓએ
આ સંસારને
સાગરની જ ઉપમા
આપી છે ને ?

એમાં લોભવૃત્તિના મગરમચ્છો છે
તો વાસનાની વ્હેલ માછલીઓ છે...
આશ્રવોના ધોધમાર વરસાદ છે
તો અનુકૂળ વિષયોના ચાંચીયાઓ છે....
ચકરાવા લેતા
સંજ્ઞાઓના વમળો પણ છે
તો પ્રગટી જતા
અસંતોષના
વડવાનલો પણ છે.
કુશળ પણ સાધક,
મામુલી પણ બેદરકારી,
અલ્પ પણ પ્રમાદ...
છેક નીચે...
ભાવપ્રાણો ખતમ,
દુર્ગતિઓનું અર્જન...
ડૂબવું નથી...
કોઈના શિકાર બનવું નથી
અને ભવસાગરના તીરે
પહોંચવું છે...
છે કોઈ ઉપાય ?
અનંતજ્ઞાનીઓ કહે છે,
સ્વીકારી લો
જિનશાસનરુપી જહાજને !
અપનાવી લો
અરિહંત પરમાત્મારૂપી કપ્તાનની આજ્ઞાઓને
તાકાત નથી
પછી કોઈ તત્વની કે
જે આપણને ડૂબાડી દે
કે આપણને જખ્મી બનાવી દે...

અનંત અનંતકાળથી
અવિરતપણે ચાલી રહી છે
આપણી આ સંસારયાત્રા !
સતત મરતા જ આવ્યા છીએ...
માર ખાતા જ આવ્યા છીએ...
હવે એ ત્રાસથી મુક્ત થવું જ છે...
મુક્ત બનાવનાર જહાજ અને
કપ્તાન આપણી સામે જ છે...
હવે એક પળનોય
વિલંબ કયાં પરવડે તેમ છે ?
**'નિશિદીપક**
**પ્રવહણ જિન દરિયે**
**મરુમાં સુરતરુ લુંબ જી...'**
આવો,
સ્વચ્છંદ મનોવૃત્તિ ત્યાગનું
મૂલ્ય ચુકવીને
ચડી જઈએ વહાણમાં અને
સામે કિનારે પહોંચી જઈએ
પળવારમાં !

એણે
જિંદગીમાં માત્ર
પૈસા જ બચાવ્યા.
એ રીબાઈ રીબાઈને જીવ્યો !
પેલાએ
મળેલા પૈસાથી માણસોને
બચાવ્યા, અને એ
હસતા હસતા મર્યો !



સાગરમાં સલામતી વહાણથી તો
સંસારમાં સલામતી પરમાત્માથી જ !

# એહવા અવગુણ શા પ્રભુ મેં કર્યા...

ઘોડિયામાં સૂતેલા બાળકનું
મામૂલી જ રૂદન
અને ઘસઘસાટ સૂઈ ગયેલી
એની મમ્મી તુર્ત હાજર...
પલંગ પર
સૂતેલા અનાથ માસૂમ દર્દીનો
મામૂલી ઊંહકારો અને
ખુરસીમાં બેઠી બેઠી ઝોકા
ખાતી નર્સ હાજર...
ખાડામાં પડેલ
ગલુડિયાની મામુલી જ ચીસ
અને છેક દૂર રહેલી
કૂતરી તરત જ હાજર...
એક જ
પરિબળ કામ કરે છે આમાં !
અને એ પરિબળ છે પ્રીત !
મમ્મીને તો બાળક પ્રત્યે
પ્રીત છે જ પણ બાળકના
રૂદનમાંય મમ્મી પ્રત્યેની પ્રીતની
જાહેરાત છે... રૂદન સાંભળતા જ મમ્મી
દોડતી આવશે એની બાળકને ખાતરી છે...
નર્સ તો
દર્દી પ્રત્યે પ્રેમાળ છે જ
પણ દર્દીનેય નર્સની સહાનુભૂતિની
નિષ્ઠા પ્રત્યે શ્રદ્ધા છે... ઊંહકારાનો
અવાજ નર્સને ખેંચી જ લાવશે
એવો દર્દીને વિશ્વાસ છે.
કૂતરીને તો
ગલુડિયા પ્રત્યે પ્રેમ છે જ
પણ ગુર્ ગુર્ નો ઊંહકારો
કરતા ગલુડિયાનેય
પોતાની માતાની કાળજી
પર આસ્થા છે.
મામુલી પણ અસહાયપણાની
જાહેરાત, દૂર રહેલી
માતાને પોતાની
પાસે આવવા મજબૂત કરશે જ
એવી એને ખાતરી છે.
આધ્યાત્મિક જગતમાંય આ જ ગણિત કામ કરે છે.
અનંત કરૂણાના સાગર છે પરમાત્મા !
આ જગતના સર્વ જીવોના સઘળાય દુઃખોને
અને પાપોને ખતમ કરી નાખવાની
પ્રચંડ તાકાત છે એમનામાં...
બસ,
રાહ છે એમને આપણી ચીસની...
સાંભળવું છે એમને આપણું રૂદન...
જોવો છે એમને આપણો તરફડાટ...
તુર્ત એ હાજર થવા તૈયાર છે...
પણ દુઃખની વાત છે કે આપણે હજી સુધી
નથી તો ચીસ પાડી શકયા કે
નથી તો રડી શકયા...
નથી તો તરફડી શકયા કે
નથી તો રાડ પાડી શકયા !
અને એ
દુર્ભાગ્યને કારણે જ હજી સુધી
પરમાત્માને આપણે આપણા
સુધી ખેંચી લાવવામાં સફળ
નથી બન્યા...
વાંચી છે આ પંકિત ?
**'ચૌદ ભુવનનો સ્વામી આવે,**
**ચપટી ધૂળની પ્રીતે**
**રે મનવા ! ભજન કરે તે જીતે...!'**
પરમાત્મા પ્રત્યે મામૂલી પણ
પ્રીત ઊભી કરી દો... પરમાત્મા તુર્ત હાજર !
દડો હવે આપણી પાસે છે...
એ તારકના પક્ષે આવવામાં
વિલંબ નથી... બોલાવવામાં
આપણો વિલંબ છે...
બૂમ પાડી શકીએ જો
આપણેય પેલા કવિની જેમ કે
**'સાપ ચંડકોશિયો જે મહારોષિયો,**
**પોષીયો તેં સુધા નયનપુરે ;**
**એહવા અવગુણ શા પ્રભુ મેં કર્યા ?**
**તાહરા ચરણથી રાખે દૂરે...'**
તો આપણાં જીવનમાંય ચમત્કાર
સર્જાઈ જાય તેમ છે... પાછા ફરી ગયેલા
પ્રભુવીર ચંદનબાળાના આસુએ જો એની પાસે
આવી જતા હોય તો આપણી પાસે શા માટે ન આવે ?

> કન્યા પારકા ઘરે જઈ રહી હોવા
> છતાં જો મંગળ ગીતો ગવાતા હોય
> તો પછી
> આ ખોળિયાનો ત્યાગ કરીને
> પારકા ખોળિયામાં પ્રવેશ કરાવતા
> મોત વખતે
> મરસિયા શા માટે ?




મૂડી હોય જો આંસુની,
તો થાય પધરામણી પ્રભુની...

# હું તો કેડ ન છોડું તાહરી...

ભૂખ સખત લાગી છે...
મહેમાન બનીને આપણે
યજમાનને ત્યાં ગયા છીએ...
રસગુલ્લા, બરફી, પેંડા,
ગુલાબજાંબું, રોટલા-અડદની દાળ,
કેળાવડા, ભેળ બધુંય
તૈયાર છે...
આપણે
રોટલા-અડદની દાળ
વગેરે છોડી દઈએ છીએ
અને રસગુલ્લા-બરફી,
કેળાવડા વગેરે ખાઈએ
છીએ...
રોટલા-અડદની દાળ
તો રોજના છે... કવચિત્
મળનારી ચીજ છે
રસગુલ્લા-ગુલ્લાબજાંબુ
વગેરે...!
આધ્યાત્મિક
જગતમાં આપણો
પ્રવેશ થઈ ચૂકયો છે...
જન્મ-જરા-મરણના
ચકરાવાનો,
કર્મો-કુસંસ્કારોની
ભયંકરતાનો,
દુઃખો-દુર્ગતિઓની
રિબામણોનો આપણને વ્યવસ્થિત
ખ્યાલ આવી ગયો છે...
પ્રમાદના પાપે ડગલે ને પગલે થઈ રહેલી
આત્માના ભાવપ્રાણોની
કતલ એ જ આપણી
તમામ સમસ્યાઓનું મૂળ છે...
જ્યારે આ બાજુ
અનંતકાળેય મળવું દુર્લભ બને
એવું પરમાત્મા
જિનેશ્વરદેવનું શાસન
આપણને મળ્યું છે...
એને આરાધી શકીએ
એવી પંચેન્દ્રિય પટુતા વગેરે અનેકવિધ
અનુકૂળતાઓ આપણને મળી છે...
સંપતિ અને સદ્દગુણ...
સામગ્રી અને સુસંસ્કાર...
પુણ્ય અને ધર્મ
સ્વર્ગ અને મોક્ષ જે જોઈએ તે
આપણને મળી શકે તેમ છે...
આપણે પામી શકીએ તેમ છીએ...
પણ આપણી પ્રસંદગી
હવે વીતરાગતાની જ
હોય એ સમજી શકાય તેમ છે...
કારણ ?
અનંતકાળના
સંસાર પરિભ્રમણમાં
સુખ અને સામગ્રીઓની,
પુણ્ય અને સ્વર્ગની
પ્રાપ્તિ એક-બે વાર નહીં,
અનંતીવાર થઈ છે...
ભોજન બાદ પાંચ-છ કલાકે
પાછી જેમ ભૂખ લાગી જાય છે
તેમ આ સામગ્રીઓથી તૃપ્તિ (?)
અનુભવ્યા બાદ માત્ર થોડા જ સમયના
આંતરે મન પાછું અતૃપ્ત બની જાય છે...
આ વિષચક્રને તોડી નાખવાની
તાકાત વીતરાગતાની પ્રાપ્તિમાં છે અને
એ વીતરાગતા આપવાની તાકાત કેવળ
અરિહંતમાં છે...
પાકા નિર્ણય સાથે
પેલા કવિની જેમ આપણેય કહી દઈએ કે
'હું તો કેડ ન છોડું તાહરી,
**આપ્યા વિણ શિવસુખ સ્વામી રે ;**
**મૂરખ તે ઓછે માનશે,**
**ચિંતામણિ કરયલ પામી રે...'**
**શ્રી ચિંતામણિ પાસજી,**
**વાત સુણો એક મોરી રે...**

શરીરનો બિમાર,
ડૉકટરની જ વાત માને,
હાલતા-ચાલતા માણસોની નહીં !
મનનો રોગી,
અનંત જ્ઞાનીઓની જ વાત માને,
ગમે તેવા
અલેલ ટપ્પુની નહીં !



સામગ્રીદાયક સંપત્તિ તો છોડી દઈશ હું,
પણ સદ્‌ગુણદાયક પરમાત્માને તો પકડી જ રાખીશ હું...


# તુમ નામે ભવપારા...

બહારગામ જઈ રહેલા
શેઠને એના મુનિમે પૂછ્યું,
'શેઠ ! આપતો જાઓ છો ત્રણ મહિના
જેટલા લાંબા સમય માટે બહારગામ
પણ આપની અનુપસ્થિતિમાં
ધંધા માટે રૂપિયાની જરૂર પડે તો
લાવવા ક્યાંથી ?'
'અરે, મુનિમજી !
એમાં આટલા બધા મૂંઝાઓ છો શું કામ ?
લાવો, ચેકબુક,
એક સાથે ૨૫-૫૦ ચેકો પર
સહી કરી દઉં...
જ્યારે જેટલી રકમની જરૂર પડે
એટલા રૂપિયાનો આંકડો ભરીને
ચેક વટાવી આવજો...
રકમ મળી જશે...'
શેઠે જવાબ આપ્યો...
અને સાચે જ શેઠની અનુપસ્થિતિમાંય
શેઠના નામવાળી સહી
તાકાતવાળી બની ગઈ...
જ્યારે, જેટલા રૂપિયાની
જરૂર પડી, એટલાનો ચેક
વટાવી મુનિમ રૂપિયા લઈ આવ્યા
અને શેઠનો ધંધો જમાવી દીધો...
ત્રિલોકનાથ પરમાત્મા ઋષભદેવથી
માંડીને મહાવીરપ્રભુ સુધીના
સઘળાય જિનેશ્વરદેવો મોક્ષમાં
પધારી ગયા છે...
એ તારકના સાન્નિધ્યને પામીને

આપણે આપણા ચિત્તરત્નને
નિર્મળ બનાવવું છે...
આત્મા પર લાગેલા જુગજુના કર્મકચરાને
આપણે સાફ
કરી નાખવો છે...
સદ્ગતિ-પરમગતિ આપણે
રિઝર્વ કરાવી દેવી છે...
આત્માના ભાવ પ્રાણોની
ડગલે ને પગલે કતલ કરી રહેલા
મોહના મૂળિયા આપણે
હચમચાવી નાખવા છે...
પણ એ બધા પરીણામો
જેને બંધાયેલા છે એ
પરમાત્મા પોતે અત્યારે હાજર નથી...
જે વિદ્યમાન છે
એ લાખો યોજન દૂર છે...
જે વિદ્યમાન નથી
એ મોક્ષમાં પધારી ગયા છે...
કરવું શું ?
અનંતજ્ઞાનીઓ કહે છે,
'ઓહો ! આટલી જ વાત છે ને ?
એમાં હતાશ શું થઈ ગયા ?
ભલે, પરમાત્માની અત્યારે
સાક્ષાત્ ઉપસ્થિતિ નથી પણ,
મુક્તિમાં પધારતા પહેલા એ પોતાની
તમામ તાકાત નામમાં અને
મૂર્તિમાં મૂકતા જ ગયા છે...'
એ તારકના સાન્નિધ્યમાં થતી
ઉપાસનામાં જેટલી તાકાત છે

એટલી જ તાકાત એમના સ્મરણ-દર્શન-
વંદન અને પૂજનમાં છે...
છૂટથી તમે એનો ઉપયોગ કરો,
તમારે જે જોઈએ છે, એ તમને
અચૂક મળીને જ રહેશે...
શેઠ તાકાતવાન, તો
અનુપસ્થિતિમાં એમની સહી પણ એટલી જ તાકાતવાન...
પરમાત્મા તાકાતવાન, તો
અનુપસ્થિતિમાં એમના નામ-સ્થાપના-દ્રવ્ય નિક્ષેપા
પણ એટલા જ તાકાતવાન...
વાંચો આ હકીકતને પુષ્ટ કરતી પંક્તિઓ...
'કરત કષ્ટ જન બહુત હમારે,
નામ તિહારો આધારા ;
જસ કહે જનમ મરણ ભય ભાંગો,
તુમ નામે ભવપારા...
સાહિબા ! શીતલજિન મોહે પ્યારા...'
'ઈમ મૂરતિ તુજ નિરુપાધિ,
વીતરાગ પણે કરી સાધી ;
કહે માનવિજય ઉવજઝાયા,
મેં અવલંબ્યા તુજ પાયા રે...
મન મોહના જિનરાયા...'

> સંપત્તિમાનો !
> અનેકને આંસુઓ પડાવીને
> સંપત્તિ કદાચ તમે એકઠી કરી
> હશે,
> કાંઈ નહીં,
> કમસે કમ હવે એટલું તો કરો
> કે એ સંપત્તિ
> અનેકના આંસુ લૂછનારી બને !



સહી તાકાતતવાળી, શેઠની અનુપસ્થિતિમાં...
સ્મરણ પણ તાકાતવાળુ, પરમાત્માની અનુપસ્થિતિમાં...

# આજ મારા પ્રભુજી, સામું જુઓ ને...

રસ્તા પરથી પસાર થઈ રહી હતી ગાય...
મોઢું નાખતી હતી એ
રસ્તા પરના ઉકરડામાં તો
ક્યારેક મોઢામાં નાખતી
હતી એ કાગળના ડુચાઓ,
એની પાછળ
દોડતા કૂતરાઓ એને હેરાન
કરતા હતા તો,
ક્યારેક કો'ક શાકભાજીવાળાના
હાથે એ લાકડીઓના
માર પણ ખાતી હતી...
પરીણામ સ્પષ્ટ હતું...
પૌષ્ટિક ખોરાકના અભાવે એ
દૂબળી પડી ગઈ હતી તો
લાકડીઓના માર વગેરે પડવાના
કારણે એના શરીર પર ચાંદાઓ
પડી ગયા હતા...
એક દિવસ એ જ રસ્તેથી પસાર થતા
એક ગોવાળની એના પર નજર પડી...
દયા આવી ગઈ એને
અને નધણિયાતી ગાયને
એ પોતાના ઘરે લઈ ગયો...
ઘાસ, ગોળ, ખોળ, ઘી,
વગેરેના ખોરાક દ્વારા
અલ્પ સમયમાં એણે ગાયને
હૃષ્ટપુષ્ટ બનાવી દીધી
તો શરીર પર પડી ગયેલા ચાંદાઓ,
યોગ્ય દવાઓ લગાડવા
દ્વારા એણે દૂર કરી દીધા...

બરાબર ત્રણ મહિને એ
ગામને પાદરે રહેલા હવાડે
ગાયને પાણી પાવા લઈ ગયો...
લોકો એ ગાયને
જોતા જ રહી ગયા,
'આટલી બધી
તગડી બની ગઈ આ ગાય ?'
ન ગાયે ઉકરડામાં મોઢું નાખ્યું કે ન એ ગાયને
કોઈએ લાકડીથી ફટકારવાની હિંમત કરી...
કારણ કે
એના ગળામાં દોરડું હતું
અને એ દોરડું ગોવાળના હાથમાં હતું !
જોવા જઈએ તો
આ સંસારમાં આપણી
હાલત પણ અત્યારે આ
ન ધણિયાતી ગાય જેવી જ છે ને ?
ઉકરડા જેવા
ઈન્દ્રિયોના વિષયો અને
કાગળની પસ્તી જેવી
વિકથાઓ એ આપણો
અત્યારનો ખોરાક છે...
તો બીજી બાજુ
ડગલે ને પગલે મનમાં
પેદા થતા કષાયોની રીબામણ પણ જાલિમ છે...
નિઃસત્ત્વતા અને નિર્બળતાના
આધારે જીવન અત્યારે બરબાદીના પંથે
આવીને ઊભું છે...
આ ત્રાસથી છૂટવાનો એક જ ઉપાય છે...
મહાગોપસમાન ત્રિલોકનાથ

અરિહંત પરમાત્માના શરણે આપણે ચાલ્યા જઈએ.
ઘાસ આપવા દ્વારા અને
લાકડીના મારથી બચાવવા દ્વારા
ગોવાળ ગાયના શરીરનું પાલન અને રક્ષણ કરે છે
તો સદ્ આચારોમાં પ્રવર્તાવવા દ્વારા અને
અસદ્ આચારોમાંથી છોડાવવા દ્વારા
મહાગોપ સમાન અરિહંત પરમાત્મા
શરણે આવેલ આત્માના ભાવપ્રાણોનું
પાલન અને રક્ષણ કરે છે...
આવો, પળનોય વિલંબ કર્યા વિના પહોંચી જઈએ
એ મહાગોપના ચરણે...
બંધાઈ જઈએ એ તારકની આજ્ઞાના દોરડે...
પછી તાકાત નથી આ જગતના
એક પણ તત્ત્વની કે જે
આપણને દુઃખ કે દુર્ગતિ આપે...
વિષય કે કષાયમાં ખેંચી જાય...
કર્મો કે કુસંસ્કારોને આધીન બનાવે...
વાંચો,
**'મહાગોપને મહાનિર્યામક,**
**એવા એવા બિરુદ ધરાવો ;**
**તોયે આશ્રિતને ઉદ્ધરતાં,**
**ઘણું રે ઘણું શું કહાવો...**
**આજ મારા પ્રભુજી, સામું જુઓ ને...'**

કોઈના ખીસા ખાલી થયા પછી જ
તમારી પાસે આવતા પૈસા,
કાયમ માટે
તમારી પાસે રહેશે
એવું માનવાની ભૂલ
ક્યારેય કરશો નહીં...




દૂર પરમાત્મા તો દુઃખી આત્મા...
નજીક જો પરમાત્મા તો સુખી આત્મા...

અમાસની કાજળઘેરી
રાત્રિનો અંધકાર,
એને રવાના કરવા માટે સૂર્ય જ
હાજર થવો જોઈએ એવું નથી,
માત્ર પ્હો ફાટે છે અને
એ ચાલતી પકડે છે...
દિવસભરની કંટાળા ભરેલી પ્રવૃત્તિઓથી
ત્રસ્ત થઈ ગયેલ વ્યક્તિની સુસ્તી,
ગુલાબ-ચંપા-મોગરાની સુગંધથી
મઘમઘાયમાન બની ગયેલા
બગીચામાં જવાથી જ ઊડે એવું નથી...
બગીચાની નજીક એ
વ્યક્તિ જાય તોય સુસ્તી
રવાના થવા લાગે છે.
સાક્ષાત્
સૂર્ય અને બગીચો
એ બન્ને તો તાકાતવાન છે જ
પણ એનું નૈકટ્ય પણ ઓછું
તાકાતવાન નથી...
આધ્યાત્મિક જગતમાંય આજ
વાસ્તવિકતા છે.
અજ્ઞાનના અંધકારથી, વાસનાના બફારાથી,
કર્મોની પરતંત્રતાથી
ત્રાસ ઊભો થઈ ગયો હોય,
એ ત્રણેયથી
મુક્ત બનવાની
પ્રબળતમ ઝંખના
દિલમાં જાગી હોય...
એ ત્રણેયને ખતમ કરી
નાખવાની પ્રચંડ તાકાત
અરિહંત પરમાત્માના
ભાવ સાન્નિધ્યમાં છે
એ વાત આપણે સાંભળી
હોય અને
અલ્પ પુણ્યે ભાવસાન્નિધ્યનો
અત્યારે અભાવ હોય
તો કરવું શું ?
અનંતજ્ઞાનીઓ કહે છે,
એટલા માત્રથી
હતાશ થઈ જવાની
તમારે જરૂર જ કયાં છે ?
સાક્ષાત્ પરમાત્મા
ભલે ને ન હોય તમારી સામે,
એ તારકના ગુણોની સ્તવના કરી શકે
એવી જીભ તો છે ને તમારી પાસે ?
પાપનાશક,
ગુણપ્રાપક એ દેવાધિદેવના
નયનરમ્ય બિંબના દર્શન કરી શકે
એવી ચક્ષુ તો છે ને તમારી પાસે ?
અચિન્ત્યશક્તિસમ્પન્નન
એ તારકના ગુણસભર
જીવનના વર્ણનને સાંભળી શકે
એવા કાન તો છે ને તમારી પાસે ?
એ તારકના વિશુદ્ધતમ
સ્વરૂપનું ધ્યાન ધરી શકે
એવું હૃદય તો છે ને તમારી પાસે ?
જો, હા,
તો પછી
રોદણાં રોવાની જરૂર જ કયાં છે ?
સ્તવન-દર્શન-શ્રવણ-સ્મરણ
એ ચારેયની એટલી જ પ્રચંડ
તાકાત છે જેટલી તાકાત એ તારકના
સાક્ષાત
સાન્નિધ્યની છે.
સૂર્ય ભલે નથી ઊગ્યો,
પ્હો તો ફાટયો છે ને ?
બગીચામાં ભલે નથી પહોંચાયું,
એની નિકટ તો પહોંચી જવાયું છે ને ?
પરમાત્માનું ભાવ સાન્નિધ્ય સાક્ષાત્ ભલે નથી મળ્યું,
એ તારકના નામસ્મરણાદિની તક તો મળી જ છે ને ?
જા, અમે તને વચન અને ખાતરી
આપીએ છીએ કે
અજ્ઞાન-વાસના અને કર્મોના
ત્રાસથી તારો છૂટકારો થઈ ગયો જ સમજ !

**आस्तां तव स्तवनमस्तसमस्तदोषं**
**त्वत्संकथाऽपि जगतां दुरितानि हन्ति ।**
**दूरे सहस्रकिरणः कुरुते प्रभैव**
**पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥**

> લોખંડની સાંકળ કરતાય
> આશાની સાંકળ ભારે વિચિત્ર
> લાગે છે...
> લોખંડની સાંકળે બંધાયેલો
> એક ડગલુંય ચાલી શકતો નથી
> જ્યારે
> આશાની સાંકળે બંધાયેલો
> હજારો માઈલની મુસાફરી મજેથી
> કરી શકે છે.




પ્હો ફાટે, અંધકાર રવાના...
સ્મૃતિ પણ પરમાત્માની તો પાપ રવાના...

# નારે પ્રભુ, નહીં માનું અવરની આણ...

આગ !
જે પણ આવે એના સંપર્કમાં,
એને બાળી નાખવાની એનામાં તાકાત ખરી,
પણ ઠારવાની એનામાં તાકાત જ કયાં ?
સાકર !
મીઠાશ આપવાની એનામાં
તાકાત જરૂર પણ
લીંબુની ખટાશ એનામાં કયાં ?
આંબો !
સિઝનમાં એ કેરી
જરૂર આપે પણ
સીતાફળ તો એના પરથી
મળે જ કયાંથી ?
ટૂંકમાં, આગ, સાકર કે આંબો
એ એ જ આપી શકે છે કે
જે એની પાસે છે,
જે એનો સ્વભાવ છે...
પણ, અચિંન્ત્યશક્તિસમ્પન્ન
અરિહંત પરમાત્માની
મન મૂકીને કરાતી
ઉપાસનાની તાકાત
તો મારી-તમારી-આપણી
કલ્પના બહારની છે...
પરમાત્મા
પાસે જે વસ્તુઓ છે
એ વસ્તુઓ
અને જે વસ્તુઓ
પરમાત્માએ છોડી દીધી છે.
જે વસ્તુઓ પરમાત્મા પાસે
અત્યારે નથી એ
વસ્તુઓ પણ
પરમાત્મા પોતાની
ઉપાસના કરનારને
આપે છે...
આમાં
પાછું આશ્ચર્ય
એ છે કે પરમાત્માની ઉપાસનાથી,
પરમાત્માએ છોડી દીધેલ વસ્તુઓ
પ્રાપ્ત થવા છતાં ભક્ત એ વસ્તુઓમાં ન
અટવાતા
પરમાત્માની
વધુ ને વધુ નિકટ
પહોંચતો જાય છે...
અને
એના જીવનમાં આગળ જતા
એક એવો સુવર્ણ દિવસ આવે છે કે
પરમાત્મા જે વસ્તુઓથી રહિત છે
એ વસ્તુઓથી રહિત પોતે પણ
બની જાય છે
અને પરમાત્મા જે જ્ઞાનાદિ અનંતગુણોથી
યુક્ત છે એ ગુણોથી યુક્ત
પોતે પણ બની જાય છે...
લાવો, આ જગતમાં
આવી એક વસ્તુ કે વ્યક્તિ,
કે જેની ઉપાસનાથી આવો
ચમત્કાર સર્જાતો હોય.
ચિંતામણિરત્નની
ઉપાસના સંપત્તિ જરૂર આપે છે
પણ સદ્ગુણો આપવાની એનામાં
તાકાત નથી જ !
રાજાની ઉપાસના રક્ષણ જરૂર આપે છે
પણ અમર બનાવવાની એનામાં
તાકાત નથી જ !
જયારે પરમાત્માની
ઉપાસના તો સંપત્તિ પણ આપે છે,
સદ્ગુણો પણ આપે છે...
રક્ષણ પણ આપે છે,
અમર પણ બનાવે છે...
થોડી પણ બુદ્ધિ હોય આપણામાં,
તો મચી પડવા જેવું છે એ તારકની
ઉપાસનામાં... આરાધનામાં... સેવામાં... ભક્તિમાં !
અને પછી પેલા સુમતિવિજય કવિરાજના
શિષ્યની જેમ આપણેય
ગાવા જેવું છે કે
**'તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ,**
**જીવજીવન આધાર રે ;**
**રાત દિવસ સુપનાંતર માંહિ,**
**તું મારે નિરધાર...**
**નારે પ્રભુ, નહીં માનું અવરની આણ...'**

વડિલની વાત બાળકને સમજાતી
નથી કારણ કે બાળક પાસે
વડિલ જેવી બુદ્ધિ નથી...
બાળકની વાત વડિલને સમજાતી
નથી
કારણ કે વડિલ પાસે
બાળક જેવું હૃદય નથી.



જે છોડ્યું એય આપે,
જે મેળવ્યું એય આપે એવા એક માત્ર પરમાત્મા !

રસ્તે રખડતા ભિખારી
પાસે તમે સંપત્તિ માંગો...
તમને નિષ્ફળતા જ મળે
કારણ કે એ ખુદ
સંપત્તિ વિનાનો છે...
કરોડપતિ પણ
ભારે કંજૂસ વ્યક્તિ પાસે
તમે સંપત્તિ માંગો...
ત્યાંય તમને નિષ્ફળતા જ મળે.
કારણ કે એને સંપત્તિના
સંગ્રહમાં રસ છે,
આપવામાં નહીં...
એ સંપત્તિનો સ્વામી જરૂર છે
પણ દાતા નથી.
ઉદારદિલ કરોડપતિ પાસે
તમે સંપત્તિ માંગો,
તમને મળે જરૂર પણ,
એ સંપત્તિની એ રક્ષા કરે જ
એવો કોઈ કાયદો નહીં.
એની પાસેથી સંપત્તિ લઈને
તમે બહાર નીકળો અને રસ્તામાં
ભટકાઈ ગયેલો ગુંડો તમારી પાસેથી
એ સંપત્તિ આંચકી લે તો પેલો ઉદારદિલ
કરોડપતિ એનાથી તમને બચાવી જ લે એવી
કોઈ ગેરેન્ટી નહીં.
ટૂંકમાં,
આ જગતમાં
કેટલાક જીવો પાસે સંપત્તિ જ નથી...
કેટલાક જીવો સંપત્તિમાન છે
તો દાતા નથી...
જ્યારે કેટલાક જીવો દાતા છે
તો રક્ષક નથી...
લાવો, આની સામે ત્રિલોકનાથ
દેવાધિદેવ અરિહંત પરમાત્માને
એ તારક
સદ્ગુણોના સ્વામી પણ છે...
સદ્ગુણોના દાતા પણ છે
તો સદ્ગુણોના રક્ષક પણ છે.
નિહાળો
આંખેથી એમનું
સર્વાંગસુંદર વ્યક્તિત્વ...
અનંતગુણોનું
સ્વામિત્વ તમને એમનામાં દેખાશે...
**'એક એક પ્રદેશ તાહરે,**
**ગુણ અનંતનો વાસ રે...'**
નિહાળો એ તારકનું
ઉદારદિલ વ્યક્તિત્વ...
અનંતા આત્માઓને એ તારકે
આપેલ જ્ઞાનાદિ અનંતગુણોની
ભેટ તમને બરાબર જોવા મળશે.
**'દાયકને દેતા થકાં,**
**ક્ષણ નવિ લાગે વાર રે;**
**કાજ સરે નિજ દાસના,**
**એહ મોટો ઉપકાર રે...'**
અને નિહાળો એથીય આગળ વધીને
એમનું પ્રચંડ સામર્થ્ય...
એમના હાથે અપાયેલ જ્ઞાનાદિગુણોની
મૂડીને મોહરાજાના આક્રમણથી
એ તારકે ભારે સિફતપૂર્વક
બચાવી લીધી છે એય
તમને જોવા મળશે...
**'જ્ઞાનવિમલ ગુણ પરમાનંદે,**
**સકલ સમીહિત સારે,**
**બાહ્ય-અભ્યંતર ઈતિ ઉપદ્રવ**
**અરિયણ દૂર નિવારે...'**
બોલો, નથી લાગતું કે
અરિહત પરમાત્માને છોડીને બીજાના
પગ પકડવામાં આપણે ભારે થાપ ખાઈ ગયા છીએ!
જે મળ્યા તે શક્તિહીન મળ્યા...
શક્તિસમ્પન્ન મળ્યા તો ઉદાર ન મળ્યા...
ઉદાર મળ્યા તો રક્ષક ન મળ્યા...
આવો, એ ભૂલને અત્યારથી જ આપણે સુધારી લઈએ...
પકડી લઈએ
અરિહંત પરમાત્માના ચરણ...
સ્વીકારી લઈએ
અરિહંત પરમાત્માનું શરણ.
ગુણપ્રાપ્તિ થશે...
ગુણરક્ષા થશે અને ગુણવાન બનાશે...

| |
|---|
| તમારી વાત સાચી હોય<br>ત્યાં સુધી તો બહુ વાંધો નથી<br>પણ 'મારી જ વાત સાચી છે'<br>આવો આગ્રહ જ્યારે<br>ઊભો થાય છે<br>ત્યારે પ્રાયઃ કરીને<br>સંઘર્ષો પેદા થયા વિના<br>રહેતા નથી. |



સદ્‌ગુણસ્વામી કોણ ? પરમાત્મા
સદ્‌ગુણદાતા કોણ ? પરમાત્મા
સદ્‌ગુણરક્ષક કોણ ? પરમાત્મા

# અરિહંતના ધ્યાને, અરિહંત બની જશું...

અત્યંત ગરીબાવસ્થામાં એ જીવતો હતો અને
અચાનક વાવાઝોડાના કારણે એના ઘરની
દિવાલ તૂટી ગઈ... પાણી ઘરમાં ભરાયા...
આવી પડેલી આપત્તિથી મુક્ત થવા
એ પોતાની બાજુમાં જ રહેતા
શેઠ અમૃતલાલ પાસે પહોંચી ગયો...
એમની પાસેથી રૂા. ૧૦૦૦૦ મળી ગયા...
દિવાલ ચણાવી દીધી
અને એણે છૂટકારાનો દમ ખેંચ્યો...
માંડ-માંડ રોટલા અને દાળ
ભેગા થતા એના ઘરમાં નાના છોકરાએ
મિઠાઈની હઠ પકડી... સમજાવવા છતાં ન જ
સમજયો એ ત્યારે પુનઃ એને શેઠ અમૃતલાલ
પાસે જવાની ફરજ પડી... લઈ આવ્યો એમની
પાસેથી રૂા. ૫૦ અને એનાથી મિઠાઈ
ખરીદીને છોકરાની ઈચ્છા એણે પૂરી કરી...
પણ,
આ બે અનુભવોથી પસાર થયા બાદ
એણે શ્રીમંત બની જવાનું જ નક્કી કર્યું...
શેઠ અમૃતલાલ પાસે એ જવા લાગ્યો...
એમના ધંધાની આંટીઘૂંટી સમજવા લાગ્યો...
શેઠ અમૃતલાલે પણ ઉદારદિલે એને પોતાની
સાથે રાખ્યો અને ખૂબ ટૂંકા ગાળામાં એ
પોતે અમૃતલાલ જેવો શ્રીમંત બની ગયો...
શ્રીમંત વ્યક્તિ
પાસે જવાના કારણો ત્રણ...
આપત્તિ નિવારણ માટે...
ઈચ્છાપૂર્તિ માટે...
શ્રીમંત બનવા માટે...

પ્રથમ બે કારણોમાં સફળતા મળતા જ
શ્રીમંત વ્યક્તિનો સહવાસ છૂટી જાય છે... જયારે
ત્રીજું કારણ એવું છે કે ખૂબ લાંબા કાળ સુધી
શ્રીમંતનો સહવાસ ટકી રહે છે...
આધ્યાત્મિક જગતમાંય
આ જ હકીકત લાગુ પડે છે...
અચિન્ત્ય શક્તિસમ્પન્ન અરિહંત પરમાત્માની
ઉપાસનાના ત્રણ ફળ છે...
એ આપત્તિ નિવારણ કરે છે...
ઈચ્છા પૂર્તિ કરે છે...
ઉપાસકને અરિહંત બનાવે છે.
એ તારકની
ઉપાસનાના પ્રથમ બે ફળ તો
આપણે અનંતકાળમાં અનંતીવાર
મેળવ્યા છે...
પણ
હવે આ જનમમાં
આપણી નજર ત્રીજા ફળની પ્રાપ્તિ
તરફ જવી જ જોઈએ.
આપણા
મનમાં આ વાત સ્પષ્ટ બેસી જ જવી જોઈએ કે
જયાં સુધી હું અરિહંત તુલ્ય નહીં બની શકું
ત્યાં સુધી મારા પર આપત્તિઓ તો આવ્યા જ
કરવાની છે... મારા મનમાં અનેકવિધ
ઈચ્છાઓ તો પેદા થયા જ કરવાની છે...
આપત્તિ નિવારણ માટે અને
ઈચ્છાપૂર્તિ માટે જ અરિહંત પાસે
જવાને બદલે, લાવ ને હવે
અરિહંત તુલ્ય બની જવા

માટે જ અરિહંત પાસે
જાઉં.
એમાં સફળતા મળતા
જ નહીં જીવનમાં આપત્તિઓ
આવે કે નહીં મનમાં ઈચ્છાઓ પેદા થાય...!
સદા-સર્વદા માટે આત્મગુણોના પ્રગટી કરણની
મસ્તી હું અનુભવી શકીશ...'
અલબત્ત, સંપત્તિહીનને આપત્તિ નિવારણાર્થે અને
ઈચ્છાપૂર્તિ માટે જેમ સંપત્તિમાન પાસે જ
જવું પડે છે
તેમ
પુણ્યહીનને આપત્તિ નિવારણાર્થે અને
ઈચ્છાપૂર્તિ માટે પ્રચંડ પુણ્યના સ્વામી
અરિહંત પાસે જ જવું પડે છે...
પણ જેમ
ભિખારીની ઈચ્છા શ્રીમંત બની જવાની હોય છે
તેમ આપણી ઈચ્છા અરિહંત બની જવાની જ
હોવી જરૂરી છે... આવો, ઉપાસના તો અરિહંતની
જ કરીએ પણ એ ઉપાસનાના અંતિમફળને
મેળવીને જ રહીએ...
**'અરિહંતના ધ્યાને અરિહંત બની જશું,**
**જિનની ભક્તિ કરતા કરતા, જિન બની જશું...'**

ગુંડા પ્રત્યે
તિરસ્કાર હોય તો
એને પ્રેમથી ઘરમાં જો
ન જ બોલાવાય
તો પછી પાપ પ્રત્યે
તિરસ્કાર હોય તો એને
ટેસથી શી રીતે આચરાય ?



દુઃખ કાપે, સુખ આપે, સદ્ગુણી પણ બનાવે,.,
એવા એક માત્ર પરમાત્મા..


# અનંતજિન આપજો રે મુજ એહ અનંતા ચાર...

ગાઢ જંગલ...
જબરદસ્ત સુગંધથી
વ્યાપ્ત ચંદનના વૃક્ષો એમાં...
અને એ વૃક્ષો પર વીંટળાયેલા છે
કોબ્રા જેવા ખૂંખાર સર્પો...
કોણ જાય
એ વૃક્ષોને વીંટળાઈને
પડેલા કોબ્રા જેવા સર્પો પાસે ?
દૂર કરવાની મહેનતમાં
સફળતાની શકયતા લગભગ
નહીં અને
જિંદગી સમાપ્ત થઈ જવાની
શકયતા પૂરેપૂરી...
વૃક્ષ ચંદનનું પણ,
ઘેરાયેલું સર્પોથી ! કરવું શું ?
એક જ વિકલ્પ છે...
આવી જાય જો ત્યાં મોરલો,
કરે જો એ ટહુકો,
ખલાસ, સર્પો તુર્ત રવાના !
પછી
તાકાત નથી ગમે તેવા ઝેરી પણ સર્પની
કે એ ચંદનને વીંટળાયેલો જ રહે !
આધ્યાત્મિક જગતમાંય આ જ પરિસ્થિતિ છે...
જ્ઞાનાદિ
અનંતગુણોથી યુક્ત ચંદનના વૃક્ષ જેવો છે આત્મા !
પણ એને
વીંટળાઈને પડયા છે સર્પો રૂપી ક્રૂર કર્મો !
ભરપુર પુરુષાર્થ
છતાં એ હટવાનું નામ નથી લેતા...

મામૂલી કર્મો હોત તો તો
એનાથી જરાય ડર્યા વિના
એને ઉંચકીને ફેંકી દેત
પણ અચ્છા અચ્છા સાધકોનેય
ત્રાહિમામ પોકરાવે એવા
કોબ્રાસર્પો જેવા
ઘાતીકર્મો
વળગ્યા છે આત્માને !
શે દૂર કરવા એને ?
અનંતજ્ઞાનીઓ
કહે છે.
અરે, એમાં ડરી શું ગયા ?
કર્મોનો ત્રાસ
ત્યાં સુધી જ છે
જયાં સુધી
મનરૂપી વનમાં
પરમાત્મા રૂપી
મોરની પધરામણી
નથી થઈ...
પધરાવી દો
પરમાત્માને !
અને પછી જુઓ
ક્રૂર ગણાતા કર્મોની
પણ ભાગંભાગ !
વાંચો આ પંકિત
'આત્મચંદન પર કર્મસર્પનું,
નાથ ! અતિશય જોર ;
એ દુર્ણોને દૂર કરવા,
આપ પધારો મોર...'

શા માટે,
એમ પૂછો છો ?
તો
એનો જવાબ પણ
અનંતજ્ઞાનીઓએ જ આપ્યો છે...
'તપ-જપ-કિરિયા મોગરે રે,
ભાંજી પણ ભાંગી ન જાય ;
એક તુજ આણ લહે થકે રે,
હેલામાં પરહી થાય...
અનંતજિન આપજો રે,
મુજ એહ અનંતા ચાર...'
તપ-જપ,
જ્ઞાન-ધ્યાન,
દયા-દાન વગેરેના પુરુષાર્થે
જે કર્મો રવાના નથી થતા
એ કર્મો મનમાં
પરમાત્માની પધરામણી
થવા માત્રથી રવાના થવા લાગે છે
એ જાણ્યા પછી હવે મનમાં
પરમાત્માને પધરાવવામાં
વિલંબ કર્યે
પરવડે જ શેનો ?

ધન મેળવવા માટે
મનને બદલવું જ પડે
એવો કોઈ કાયદો નથી
પણ
ધર્મ સાથે દોસ્તી જમાવવા માટે
મનને બદલ્યા વિના
ચાલે તેવું જ નથી.



ટહુકાર મોરનો, ભાગંભાગ સર્પોની,
આગમન પરમાત્માનું, ભાગંભાગ કર્મોની...

અંતરાત્મા અને પરમાત્માની
દિવ્ય સમૃદ્ધિનું દર્શન અને સ્પર્શન કરાવતું આધ્યાત્મિક
સાપ્તાહિક

# દિવ્યદર્શન

**દીપક એ જ્ઞાનનું પ્રતીક છે.**

**દીપકને ભૂલવા જેવો નથી. એને ભૂલીને આપણે રોજ દેવામાં ડૂબતા જઈએ છીએ. દીવાને સતત સ્મરણમાં રાખવા જેવો ખરો. કોઈએ જીવનને દીપક સાથે સરખાવ્યું છે. દીપકને જ્ઞાનનું પ્રતીક કહ્યું છે પણ દીવો, દીપક એક પ્રતીક છે.**

**દીપક કહે છે,** 'અજવાળું કરો, અંધારું ઓગળી જશે. એની મેળે ચાલી જશે પણ, દીવો પેટાવવો પડે. વાટને તેલવાળી કરવી પડે. કોડિયામાં તેલ ભરવું પડે. જીવન એક દીપક છે, દેહ તેનું કોડિયું. જ્ઞાન દિવાસળી અને સમ્યક્ ક્રિયા તેલ સમાન છે.

ગચ્છાધિપતિ વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની સ્વસ્થ અને મસ્ત કલમથી પ્રજવલિત થયેલો 'દિવ્ય દર્શન' સ્વરૂપ જ્ઞાનદીપ અનેક ભાગ્યશાળીઓના અંતરમાં વરસોથી પ્રકાશ પાથરી રહ્યો છે. આપનો જો આ ભાગ્યશાળીઓમાં નંબર ન લાગ્યો હોય તો આજે જ તેનું લવાજમ ભરીને અથવા તેના આજીવન સભ્ય બનીને તમારા અંતરમાં, તમારા પરીવારમાં, તમારા સમાજમાં જ્ઞાનપ્રકાશને ઝળહળતો કરવા સાબદા થઈ જાઓ.

દિવ્યદર્શન સાપ્તાહિક આજીવન સદસ્ય રૂા. ૫૦૦ વાર્ષિક ગ્રાહક રૂા. ૫૦

## દિવ્યદર્શન કાર્યાલય

કુમારપાળ વિ. શાહ
૩૬, કલિકુંડ સોસાયટી,
ધોળકા - ૩૮૭ ૮૧૦.

**સેંકડો હાથો સુધી અને હજારો આંખો સુધી**
**પહોંચતા આ સાહિત્યમાં આપ પણ પ્રોત્સાહક બની શકો છો.**

રત્નત્રયી ટ્રસ્ટ પ્રકાશિત પૂ. ગણિવર શ્રી **રત્નસુંદર વિ.મ.** લિખિત સાહિત્યના પ્રચાર અને પ્રસારમાં સહભાગી બનવા અમે નીચે પ્રમાણેની એક યોજના બનાવી છે. રૂા. ૧૧૦૦૦ આપીને આપ **'શ્રુતપ્રેરક'** બની શકો છો. તો રૂા. ૫૦૦૦ આપીને આપ **'શ્રુતપ્રેમી'** બની શકો છો.

## શ્રુતપ્રેરક

૧૫. નવિનચન્દ્ર છોટાલાલ શેઠ, સાવરકુંડલા.
૧૬. નીલાબેન નવિનચન્દ્ર શેઠ, સાવરકુંડલા.
૧૭. શા. બચુભાઈ કેશવજીભાઈ વિકમ (પૂના) કચ્છ મોટી ખાખરવાળા.
૧૮. મનસુખલાલ ગિરધરલાલ દોશી પરીવાર, દેપલાવાળા.
૧૯. રતિલાલ જેઠાલાલ સલોત પરીવાર, દાઠાવાળા હ. ધીરજબેન.
૨૦. જમનાદાસ ગુલાબચંદ દોશી પરીવાર, દેપલાવાળા.
૨૧. જયાબેન જમનાદાસ દોશી પરીવાર, દેપલાવાળા.
૨૨. ઊંચોસણનિવાસી વડેચા પરીવાર.
૨૩. ઓતમચંદ ધરમચંદ દોશી પરીવાર
૨૪. મુકેશકુમાર પ્રતાપરાય દોશી પરીવાર

## શ્રુતપ્રેમી

૧. અભેચંદ ગુલાબચંદ ઝવેરી પરીવાર.
૨. રંભાબેન મણિલાલ પરીવાર ટાણાવાળા.
૩. જયંતિલાલ અભેચંદ પરીવાર મહુવાવાળા.
૪. જયંતિલાલ સુરાણા પરીવાર બેંગલોર.

**[ચેક, ડ્રાફ્ટ અથવા રોકડા નીચેના સરનામે આપ મોકલી શકશો ]**

રત્નત્રયી ટ્રસ્ટ
C/O કલ્પેશ વી. શાહ
૩૬, હસમુખ કોલોની,
વિજયનગર રોડ, નારણપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

પ્રવિણકુમાર દલીચંદ દોશી
નવ-શાન્તિનગર કો-હા-સો.
બી-૨૫, ૩જે માળે,
નેપિયન્સી રોડ, વાલકેશ્વર
મુંબઈ - ૪૦૦ ૦૦૬, ફોન : ૮૧૨૮૭૧૧

ઊંટ, જવા તૈયાર નથી હોતું
હિમાલય પાસે !
અહંકારી, જવા તૈયાર નથી હોતો
પરમાત્મા પાસે !
પણ, ઊંટના જવા,ન જવાથી
કોઈ જ ફેર
નથી પડતો, હિમાલયની ઉત્તુંગતામાં.
એ જ રીતે
અહંકારીના જવા, ન જવાથી
કોઈ જ ફેર
નથી પડતો   પરમાત્માના ઐશ્વર્યમાં.
હા, એક મહત્ત્વનો તફાવત એ પડે છે કે
ઊંટ કદાચ પહોંચી જાય જો હિમાલય પાસે
તોય એ રહે છે તો ઊંટ જ, જયારે
અહંકારી જો પહોંચી જાય પરમાત્મા પાસે
તો પછી એ અહંકારી ન રહેતાં
ખુદ બની જાય છે પરમાત્મા.
નથી લાગતું કે આ અખતરો
આપણે કરવા જેવો છે !

અહંકારે આપણને ઝઝૂમવાનું જ શીખવાડયું
છે... અને ઝઝૂમવાની એ વૃત્તિએ આપણને
ક્ષુદ્ર જ રાખ્યા છે... પણ હવે
બનવું છે આપણે વિરાટ,
અને એ માટે ઝઝૂમવાનું બંધ કરીને
ઝૂકવાનું શીખ્યા વિના ચાલે તેમ નથી...
આવો,
ઝૂકીએ પરમાત્માને.
ન દેખાતી આબરૂ માટે આપણે મરવા
તૈયાર થયા છીએ તો
આપણી ક્ષુદ્ર આંખે ન દેખાતા
અને છતાં જીવનના તમામ સુખ-શાન્તિના
કેન્દ્રમાં રહેલા પરમાત્માને આપણે
સ્વીકારવાય તૈયાર ન થઈએ,
એમના ચરણોમાં ઝૂકવાય તૈયાર ન થઈએ
એ તો કેમ ચાલે ?
નદી ઝૂકે છે સાગરમાં, તો બની જાય છે
સાગરસ્વરૂપ, આપણે ઝૂકીએ પરમાત્માને
અને બની જઈએ પરમાત્માને